
અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express   Ahmedabad   RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
વિજય દેવરાકોંડા-રશ્મિકા મંદાના સાથે કરશે ન્યૂ યર સેલિબ્રેશન...!



પેજ-09
ઓસ્ટ્રેલિયાની ટીમનો ખેલાડી ટ્રેવિસ હેડ ફિટ જાહેર

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 21.00 |
| વડોદરા | 29.00 | 21.00 |
| સુરત | 31.00 | 22.00 |



પેજ 5
ભ્રષ્ટાચારના કેસમાં SEBI વડા માધબી પુરી બુચ અને મહુઆ મોઈત્રાને...

26 DECEMBER-2024 THURSDAY



પેજ 10
રેપિસ્ટ અને હત્યારાઓને ફાંસીના માંચડે લટકાવીશ : ડોનાલ્ડ ટ્રમ્પ

.....સુવિચાર.....
મૌન સૌથી સારો જવાબ છે એ લોકો માટે છે તમારા શબ્દોને મહત્વ નથી આપતા

વર્ષ-14 । અંક-039 । વિક્રમ સંવત-2081 । માગશર વદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## દેશ-દુનિયામાં નાતાલની ઉજવણી



### ચર્ચોમાં વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ક્રિસમસના જશ્ન માટે દેશ અને દુનિયાના ચર્ચો રોશનીથી ઝગમગી ઉઠ્યા છે. ચર્ચોમાં મોડીરાતની વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. ભારતમાં પણ ગોવા, મહારાષ્ટ્ર, તમિલનાડુ સહિત અનેક રાજ્યોમાં ક્રિસમસની ઉજવણીની તસવીરો સામે આવી છે. સેન્ડ આર્ટીસ્ટ સુદર્શન પટનાયકે પુરી બીચ પર ચોકલેટ અને રેતીમાંથી સાન્તાક્લોઝ બનાવ્યા હતા. તેમજ, બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ કોલકાતામાં સૌથી પવિત્ર રોઝરીના કેથેડ્રલ ખાતે સામૂહિક પ્રાર્થનામાં ભાગ લીધો હતો. આ બધાની વચ્ચે ગાઝા-ઈઝરાયલ યુદ્ધના કારણે ભગવાન ઈશુના જન્મસ્થળ બેથલહેમમાં સતત બીજા વર્ષે ક્રિસમસની સામાન્ય રીતે ઉજવણી થઈ રહી છે.

## પૂર્વ PM અટલજીની 100મી જન્મજયંતિ : રાષ્ટ્રપતિ મુર્મુ અને વડાપ્રધાન મોદીએ શ્રદ્ધાંજલિ આપી

# અટલજીએ દેશને નવી દિશા અને ગતિ આપી : મોદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની આજે 100મી જન્મજયંતિ છે. તેમનો જન્મ 25 ડિસેમ્બર 1924ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં થયો હતો. 16 ઓગસ્ટ 2018 ના રોજ 93 વર્ષની વયે તેમનું નિધન થયું હતું. તેમની સમાધિઅટલ સદૈવ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પીએમ મોદી સહિત ઘણા નેતાઓએ અટલજીને શ્રદ્ધાંજલિ આપી હતી. PM મોદીએ અટલ બિહારી વાજપેયીને યાદ કરીને એક લેખ લખ્યો છે. જેમાં તેમણે લખ્યું- 25મી ડિસેમ્બરનો આ દિવસ ભારતીય રાજકારણ અને ભારતીય જનતા માટે સુશાસનનો મજબૂત દિવસ છે. તેઓ એક રાજનેતાની જેમ ઉભા રહ્યા અને લોકોને પ્રેરણા આપી.

### વડાપ્રધાન મોદીએ કહ્યું.. અટલ બિહારી વાજપેયીએ હોર્સ ટ્રેડિંગ નથી કર્યું

PM વધુમાં લખ્યું- અટલ બિહારી વાજપેયીએ હોર્સ ટ્રેડિંગ નથી કર્યું. ગંદા રાજકારણના રસ્તે ચાલવાને બદલે 1996માં રાજીનામું આપવાનું પસંદ કર્યું. 1999માં તેમની સરકાર 1 મતથી પડી. ઘણા લોકોએ તેમને તે સમયે થઈ રહેલી અનૈતિક રાજનીતિને પડકારવાનું કહ્યું પરંતુ તેમણે નિયમોનું પાલન કરવાનું પસંદ કર્યું. આખરે તે પ્રચંડ જનાદેશ સાથે પાછા ફર્યા હતા. પીએમ મોદીએ અટલજીને શ્રદ્ધાંજલિ આપી જે રીતે આદરણીય અટલ બિહારી વાજપેયીજીએ બંધારણીય મૂલ્યોનું જતન કરીને દેશને એક નવી દિશા અને ગતિ આપી, તેની અસર હંમેશા કાયમ રહેશે. મારું સદ્ભાગ્ય છે કે મને તેમનો ભરપૂર સાથ અને આશીર્વાદ મળ્યો. તેમની જન્મશતાબ્દી પર મારો આ લેખ.



**PM મોદીએ અટલ બિહારી વાજપેયીને યાદ કરીને એક લેખ લખ્યો :** અટલજીનો જન્મ 25 ડિસેમ્બર 1924ના રોજ મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં થયો હતો. અટલ બિહારી વાજપેયી દાયકાઓ સુધી ભાજપનો એક દિગ્ગજ ચહેરો હતા. તેમણે 1977 થી 1979 સુધી વડાપ્રધાન મોરાજી દેસાઈની કેબિનેટમાં ભારતના વિદેશ મંત્રી તરીકે પણ સેવા આપી હતી. 16 ઓગસ્ટ 2018ના રોજ દિલ્હીની AIIMS હોસ્પિટલમાં તેમનું નિધન થયું હતું. અટલ બિહારી વાજપેયી ત્રણ વખત ભારતના વડાપ્રધાન રહી ચૂક્યા છે. સૌથી પહેલા તેઓ 1996માં 13 દિવસ માટે વડાપ્રધાન બન્યા હતા. બહુમત સાબિત ન કરી શકવાના કારણે તેમણે રાજીનામું આપવું પડ્યું હતું. તેઓ 1998માં બીજી વખત વડાપ્રધાન બન્યા હતા. સાથી પક્ષો દ્વારા સમર્થન પાછું ખેંચવાને કારણે, 1999માં 13 મહિના પછી ફરીથી સામાન્ય ચૂંટણીઓ યોજાઈ.

# લદાખમાં -20 તો હિમાચલમાં -10 ડિગ્રી તાપમાન

### હિમાચલમાં હિમવર્ષા : 9 રાજ્યોમાં ધુમ્મસ, હરિયાણા, દિલ્હીમાં વિઝિબિલિટી ઘટી




(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ડિસેમ્બરનું છેલ્લું અઠવાડિયું ચાલી રહ્યું છે ત્યારે વર્ષના અંતે ઉત્તર ભારતમાં ઠંડીએ પણ પોતાનું જોર બતાવવા માંડ્યું છે. પશ્ચિમી વિક્ષોભની અસરથી પહાડો પર હિમવર્ષા અને મેદાની વિસ્તારમાં વરસાદ યથાવત્ છે. વળી, યોગ્ય સૂર્ય પ્રકાશ ન મળતાં તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે 25 ડિસેમ્બરે લદ્દાખમાં તાપમાન ઘટતાં -20 સુધી પહોંચી ગયું છે, આ સાથે જ હિમાચલ પ્રદેશમાં માઈનસ 10 સુધી તાપમાનનો પારો ગગડ્યો છે.

### હિમાચલના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, છેલ્લા 24 કલાકમાં હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારમાં તાપમાન શૂન્યથી નીચે નોંધાયું છે. સૌથી ઓછું લઘુત્તમ તાપમાન લાહોર-સ્પીતિના જનજાતીય વિસ્તારોમાં -10.6 ડિગ્રી સે. નોંધાયું છે. કાઝામાં તાપમાન -6.9 ડિગ્રી રહ્યું, જોકે કુકુમસેરીમાં -8.2 ડિગ્રી સે. તાપમાન નોંધાયું છે. આઇએમડી અનુસાર, કિન્નોર જિલ્લાના રિકાંગ-પિઓમાં તાપમાન -0.9 ડિગ્રી સે. નોંધાયું છે.

### રાજસ્થાનમાં વરસાદની શક્યતા

રાજસ્થાન અને દિલ્હીમાં વરસાદ પડ્યો હતો. IMD અનુસાર, આગામી બે દિવસમાં દિલ્હી NCR, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. 9 રાજ્યોમાં ગાઢ ધુમ્મસનું એલર્ટ પણ છે. હરિયાણાના કેટલાક જિલ્લાઓમાં વિઝિબિલિટી 10 મીટરથી ઓછી હતી. તેમજ, દિલ્હીમાં વિઝિબિલિટી ઘટીને 100 મીટરથી ઓછી થઈ ગઈ છે.

### આ 10 શહેર સૌથી ઠંડા

દેશનું સૌથી ઠંડુ શહેર આજે લદાખનું ન્યોમા છે, જ્યાં તાપમાન માઈનસ 20.3 રહ્યું. વળી, હિમાલયના તાબામાં તાપમાન માઈનસ 10.6 છે. આ સિવાય કાશ્મીરના બાલિસ્ટાન મુઝફ્ફરાબાદમાં તાપમાન માઈનસ 9.5 છે. મેદાની વિસ્તારની વાત કરીએ તો પંજાબના અદમપુરમાં તાપમાન 4 ડિગ્રી પહોંચી ગયું છે. જોકે, હરિયાણાના નારનૌલમાં તાપમાન 5.2 નોંધાયું છે.

## ખેડૂત નેતા ડલ્લેવાલના આમરણાંત ઉપવાસનો 30મો દિવસ : હાલત નાજુક

### યુપીની ખાપનું સમર્થન, પંજાબ બંધ મામલે બેઠક મળશે

(એજન્સી) ચંદીગઢ । તા. 25

પાકની MSPની કાયદેસર ગેરંટી સહિતની 13 માંગણીઓ માટે પંજાબ અને હરિયાણા સરહદ પર ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલના આમરણાંત ઉપવાસનો બુધવારે 30મો દિવસ છે. તેમની હાલત ઘણી ગંભીર છે. તેમના વજનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમના તરફથી પીએમ નરેન્દ્ર મોદીને વધુ એક પત્ર લખવામાં આવ્યો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે તમે કૃષિ વિષય પર સંસદની સ્ટેન્ડિંગ કમિટીના રિપોર્ટના આધારે MSP ગેરંટી કાયદો બનાવો. આ દરમિયાન, આજે આમ આદમી પાર્ટીના પ્રમુખ અમન અરોરા ખનૌરી જશે અને ડલ્લેવાલને મળશે. બીજી તરફ ખેડૂત નેતાઓએ દાવો કર્યો છે કે ઉત્તર પ્રદેશની ખાપ પંચાયતો પણ ખેડૂત આંદોલન-2ના સમર્થનમાં સામે આવી છે.



### આંદોલનમાં હજુ SKM જોડાશે નહીં

ડલ્લેવાલના આમરણાંત ઉપવાસને 30 દિવસ થયા હોવા છતાં પરંતુ અત્યાર સુધી યુનાઈટેડ કિસાન મોરચા આ આંદોલનના સમર્થનમાં જોડાયા નથી. અત્યાર સુધી બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આ મામલે 24 ડિસેમ્બરે ચંદીગઢમાં બેઠક યોજાઈ હતી. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં આ બાબતે ખેડૂતો રાષ્ટ્રપતિ કે કૃષિ મંત્રીને મળશે તેવો નિર્ણય લેવાયો છે. બીજી તરફ દેશભરમાં કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. હવે ડલ્લેવાલની તબિયત મામલે સુપ્રીમ કોર્ટમાં 2 જાન્યુઆરીએ સુનાવણી હાથ ધરવામાં આવશે.

### મુખ્યમંત્રી આતિશીએ લગાવ્યો ગંભીર આરોપ

# પ્રવેશ વર્માના ઘરે મહિલાઓને ₹1100 વહેંચ્યા : ED-CBI તેમની ધરપકડ કરે

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દિલ્હીની ચૂંટણીમાં સંજીવની અને મહિલા સન્માન યોજનાના વિવાદ બાદ હવે પૈસાની વહેંચણીનો મામલો વધુ ઘેરો બની રહ્યો છે. AAPનો આરોપ છે કે ભાજપના પૂર્વ સાંસદ પ્રવેશ વર્માના ઘરે મહિલાઓને ભાજપ પૈસા વહેંચી રહી છે. આતિશીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, પ્રવેશ વર્માના સત્તાવાર નિવાસસ્થાન 20 વિન્ડસર પ્લેસ ખાતે મહિલાઓને 1100નું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આતિશીએ કહ્યું કે, પ્રવેશ વર્માની ધરપકડ થવી જોઈએ. ED-CBI અને દિલ્હી પોલીસે તેના નિવાસસ્થાને દરોડા પાડવા જોઈએ. ચૂંટણી પંચે પણ આ મામલે જવાબ આપવો જોઈએ. બીજી તરફ પ્રવેશ વર્માએ આરોપોને ફગાવી દીધા અને કહ્યું- મારા પિતા સાહિબ સિંહ વર્માએ જરૂરિયાતમંદ લોકોના કલ્યાણ માટે એક સંસ્થા બનાવી હતી. તે અંતર્ગત મહિલાઓને પૈસાની વહેંચણી કરવામાં આવી રહી હતી.



### મહિલા સન્માન અને સંજીવની યોજના વિવાદ પર આતિશીએ કહ્યું- કાર્યવાહી કરીશું

દિલ્હી સરકારે અરવિંદ કેજરીવાલની બે મોટી ચૂંટણી જાહેરાતો પર બ્રેક લગાવી દીધી છે. સરકારના બે વિભાગોએ બુધવારે અખબારોમાં જાહેરાતો પ્રકાશિત કરી હતી કે રાજ્યમાં મહિલા સન્માન અને સંજીવની જેવી કોઈ યોજના નથી. આના પર આતિશીએ કહ્યું કે, આજે જે નોટિસ જાહેર કરવામાં આવી છે તે ખોટી છે. ભાજપે કેટલાક અધિકારીઓ પર દબાણ કરીને ખોટી માહિતી પ્રસિદ્ધ કરી છે. અધિકારીઓ સામે કાર્યવાહી કરશે.

### આતિશીની ધરપકડ થઈ શકે છે અને મારા ઘરે પણ દરોડા પડશે, ચૂંટણી પહેલાં કેજરીવાલનો દાવો

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં ચૂંટણી પહેલા આશંકા વ્યક્ત કરી છે કે મુખ્યમંત્રી આતિશીની ધરપકડ થઇ શકે છે. કેજરીવાલે બુધવારે આતિશી, મનીષ સિસોદિયા અને સંજય સિંહ સાથે પ્રેસ કોન્ફરન્સ કરીને દાવો કર્યો છે કે, ફરી મારા પર દરોડા પડશે. કેજરીવાલે આશંકા વ્યક્ત કરી કે, ટ્રાન્સપોર્ટ વિભાગના એક કેસ હેઠળ આવું કરવામાં આવી શકે છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મને સૂત્રો પાસેથી માહિતી મળી છે. પૂર્વ સીએમએ કહ્યું, 'અમને અમારા સૂત્રો પાસેથી 3-4 દિવસ પહેલાં ખબર પડી હતી કે ED, CBI અને ઇન્કમ ટેક્સની મીટિંગ થઇ હતી. તે મીટિંગમાં ઉપરથી આદેશ આવ્યો કે કોઇ પણ નકલી કેસ કરીને આતિશીની ધરપકડ કરવામાં આવે. હું સંપૂર્ણ જવાબદારી સાથે આરોપ લગાવું છું કે, આ ત્રણેય એજન્સીઓને કહેવામાં આવ્યું છે કે કોઇ પણ નકલી કેસ દાખલ કરીને આતિશીની ધરપકડ કરો.

## સંસદ ભવનની બહાર એક શખસનો શરીરે આગ ચાંપી આત્મહત્યાનો પ્રયાસ

### ગંભીર હાલતમાં RML હોસ્પિટલમાં દાખલ, પોલીસને સ્થળ પરથી બળેલી બેગ અને પેટ્રોલ મળ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દિલ્હીમાં નવા સંસદ ભવન પાસે રેલવે બિલ્ડિંગની સામે બુધવારે બપોરે એક વ્યક્તિએ પોતાની જાતને સળગાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો. આ ઘટનામાં યુવક ગંભીર રીતે દાઝી ગયો. દિલ્હી ફાયર સર્વિસ (DFS)ના એક અધિકારીના જણાવ્યા અનુસાર, કોલ બપોરે 3.35 વાગ્યે આવ્યો હતો. યુવકે આગ લગાવી હોવાની ચર્ચા હતી. અમે સ્થળ પર વાહન મોકલ્યું હતું. અધિકારીએ કહ્યું કે સંસદની સુરક્ષા માટે તહેનાત કર્મચારીઓએ વ્યક્તિને રામ મનોહર લોહિયા (આરએમએલ)




હોસ્પિટલમાં દાખલ કર્યો. તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થળ પરથી પેટ્રોલ, બળેલી બેગ અને શૂઝ મળી આવ્યા હતા. યુવકે જ્યાં આગ લગાવી તે જગ્યાએ બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. હાલ યુવકની માહિતી બહાર આવી નથી. આપઘાત કરવા પાછળનું કારણ અંગત અદાવત હોવાનું જાણવા મળ્યું છે. પીડિત બાગપતમાં તેની વિરૂદ્ધ નોંધાયેલી ફરિયાદના કારણે હેરાન હતો. હજી સુધી કોઈ સુસાઈડ નોટ મળી નથી. તપાસ ચાલુ છે.

### રાજસ્થાનથી પરત ફરી રહેલા ગુજરાતમાં રહેતા પરિવારનો અકસ્માત, 5નાં મોત

કરૌલી : રાજસ્થાનના કરૌલીમાં બસ અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં 3 મહિલા સહિત 5 લોકોનાં મોત થયાં છે, જ્યારે 15થી વધુ લોકો ઘાયલ થયા છે. 5 ઘાયલ લોકોની હાલત ગંભીર છે અને તેમને કરૌલી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકો મૂળ એમપીના વતની હતા અને હાલમાં વડોદરામાં રહેતા હતા. તેઓ તમામ રાજસ્થાનમાં કૈલા દેવી મંદિરનાં દર્શન કરવા આવ્યા હતા અને ઘરે પરત ફરી રહ્યા હતા. અન્ય ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. કરૌલી-ગંગાપુર રોડ પર સલેમપુર ગામ પાસે મંગળવારે રાત્રે 8 વાગ્યે આ અકસ્માત થયો હતો. અકસ્માતમાં કારનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ થઈ ગયો હતો. મૃત્યુ પામેલા પાંચેય લોકો કારમાં મુસાફરી કરી રહ્યા હતા.

### નૈનીતાલમાં બસ 100 મીટર ઊંડી ખીણમાં ખાબકી : બાળક સહિત 4નાં મોત

નૈનીતાલ : ઉત્તરાખંડના નૈનીતાલમાં બુધવારે બપોરે 1.30 વાગ્યે મુસાફરોથી ભરેલી બસ 100 ફૂટ ઊંડી ખીણમાં પડી ગઈ. આ અકસ્માતમાં 4 મુસાફરોનાં મોત થયા હતા. જ્યારે 24 લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં એક બાળક, બે મહિલા અને એક પુરુષનો સમાવેશ થાય છે. તમામ 21 ઘાયલોની હલ્દવાનીની સુશીલા તિવારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડ્રાઈવર સહિત 12ની હાલત ગંભીર છે. બસમાં 25 લોકો સવાર હતા. આ બસ સવારે લગભગ 5 વાગ્યે પિથોરાગઢથી હલ્દવાની માટે રવાના થઈ હતી. આ અકસ્માત નૈનીતાલના ભીમતાલ વિસ્તારના વોહરા કુનમાં સર્જાયો હતો. રિપોર્ટ્સ અનુસાર રોંગ સાઈડથી આવી રહેલી કારને બચાવવાનો પ્રયાસ કરતી વખતે બસ ખાઈમાં પડી ગઈ.

### વૈષ્ણોદેવી ગયેલા પ્રવાસીઓ ફસાયા

# કટરા રોપ-વે પ્રોજેક્ટના વિરોધમાં ત્રણ દિવસ બંધ, પોલીસ કાફલો ખડકાયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

કટરાના પ્રસ્તાવિત રોપવે પ્રોજેક્ટ અંગે સ્થાનિક લોકોમાં રોષ યથાવત રહ્યો છે. સ્થાનિકોના વિરોધના કારણે આજથી ત્રણ દિવસ સુધી અર્થાત 72 કલાક સુધી કટરામાં બંધ પાળવાની જાહેરાત કરવામાં આવી છે. જેના લીધે વૈષ્ણોદેવી મંદિરે જતાં શ્રદ્ધાળુઓને હાલાકીનો સામનો કરવો પડી શકે છે. કટરામાં પ્રસ્તાવિત રોપવે પરિયોજનાના વિરોધમાં પિઠ્ઠુ, દુકાનદારો અને વેપારીઓ બંધને સમર્થન આપશે. બંધની જાહેરાત કરતાં શ્રી માતા વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિએ જણાવ્યું હતું કે, બંધ દરમિયાન કટરામાં તમામ ગતિવિધિઓ સ્થગિત રહેશે. સમિતિના પ્રવક્તાએ જણાવ્યું કે, 'અમે રોપવે પ્રોજેક્ટ વિરુદ્ધ 72 કલાકનો બંધ પાળવાની જાહેરાત કરી છે. અમે આ હડતાળને સફળ બનાવવા માટે કટરાના તમામ રહેવાસીઓનો સહયોગ માંગીએ છીએ.




#### રોપ-વેનો વિરોધ

દર વર્ષે લગભગ એક કરોડ ભક્તો વૈષ્ણોદેવીના દર્શન માટે આવે છે. જેને ધ્યાનમાં રાખતાં શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે રોપ-વે સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. તેનો ઉદ્દેશ્ય વૈષ્ણોદેવી યાત્રાને પ્રોત્સાહન આપવાનો તેમજ વૃદ્ધો, બાળકો અને બીમાર ભક્તોને 13 કિલોમીટર લાંબા ટ્રેક પરથી રાહત આપવાનો છે.

#### સ્થાનિકોમાં રોષ

રોપ-વેના કારણે આસ્થા સાથે છેડછાડ થઈ રહી હોવાનો દાવો સ્થાનિકોએ કર્યો છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે 'વૈષ્ણોદેવીમાં આવતા ભક્તોની મુલાકાતનું કોઈ મહત્વ રહેશે નહીં. કટરા વૈષ્ણોદેવી ટ્રેક પર કામ કરતા દુકાનદારો, ઘોડા, પિઠ્ઠુ અને પાલખી ચલાવતા લોકો ડરતા હોય છે કે તેમનો ધંધો છીનવાઈ જશે.

'સુશાસન દિવસ'- 2024ની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ખાતે

# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં જળ સંપત્તિ વિભાગ અને SAC- ઈસરો વચ્ચે MoU કરવામાં આવ્યા

ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આજે 'સુશાસન દિવસ' નિમિત્તે ગાંધીનગર ખાતે જળ સંપત્તિ વિભાગ અને SAC-ઈસરો વચ્ચે MOU કરવામાં આવ્યા હતા. સ્પેસ ટેક્નોલોજીના ઉપયોગથી વોટર રિસોર્સ ડેવલપમેન્ટ અને મેનેજમેન્ટ વધુ સારી રીતે થઈ શકે તેમજ વિભાગના અધિકારીઓની કેપેસિટી બિલ્ડીંગ થાય તે હેતુથી ટેકનિકલ કોલોબ્રેશન કરવામાં આવ્યું છે. જળ સંપત્તિ વિભાગ અને સ્પેસ એપ્લિકેશન સેન્ટર-ઈસરો વચ્ચે ટેકનિકલ કોલોબ્રેશન અંતર્ગત વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર માટે ડિજિટલ એલિવેશન મોડેલનો ઉપયોગ, હાઈ રિઝોલ્યુશન



સેટેલાઈટ ઈમેજરીના ઉપયોગથી વોટર રિસોર્સ-ઈરીગેશન નેટવર્કનું મેપીંગ અને ઈરીગેશન મેનેજમેન્ટ, સિઝનવાઈઝ ક્રોપ કવરેજ, ઈરીગેશન બેન્ચમાર્કિંગ, મોનિટરિંગ માટે ડેશબોર્ડ વિકસાવવું, હાઈડ્રોલોજિકલ મોડેલિંગ, રીવર મોર્ફોલોજીના અભ્યાસ, ફ્લડ મેનેજમેન્ટ, જીયો-સ્પેશિયલ અને ઈન-સિટુ ડેટાથી વેલીડેશન, રીઝરવોયર સેડીમેન્ટેશન, ભૂગર્ભ જળ સંરક્ષણ માટે ભૂગર્ભ જળના સ્તરનું મોનિટરીંગ, સેલિનીટી ઈન્ગ્રેસ મોનિટરિંગ, વોટર રિસોર્સ ક્ષેત્રે રિસર્ચ પ્રોજેક્ટ હાથ ધરવા અને જળ સંપત્તિ વિભાગના અધિકારીઓ માટે તાલીમ કાર્યક્રમ આયોજિત કરી ક્ષમતા વધારવી જેવા કાર્યો કરવામાં આવશે. આ ટેકનિકલ કોલોબ્રેશન માટે કરવામાં આવતા MoUનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે. આ સમયગાળા દરમિયાન જળ સંપત્તિ વિભાગમાં રિજિયોનલ લેવલ જિયો સ્પેશિયલ સેલ ઉભા કરી અલગ-અલગ રિજિયનમાં વિવિધ કામગીરીઓ હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના જળ સંપત્તિ વિભાગ દ્વારા રાજ્યમાં નવા વોટર કન્ઝરવેશન સ્ટ્રક્ચર્સ જેવા કે ડેમ, બેરેજ, વિયર, ચેકડેમ વગેરે બનાવવા તેમજ હયાત સ્ટ્રક્ચરોના મેઈન્ટેનન્સની કામગીરી કરવામાં આવે છે. વધુમાં ડેમોના કેનાલ નેટવર્ક અને અન્ય સ્ત્રોતો થકી ૩૨ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા કેનાલ સિસ્ટમ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.

# બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવા તેમજ કાર્યકરોની પોલીસે કરી અટક

અમિત શાહે બાબા સાહેબ આંબેડકર વિશે કરેલી અપમાનજનક ટિપ્પણી વિરોધમાં સૂત્રોચ્ચારો કરાયા



મહેશ સોની । નખત્રાણા

ભુજમાં આવેલ ડો બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવાની સાથે મોટી સંખ્યામાં વિવિધ સમાજના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.! કાર્યકરો તથા સમાજના આગેવાનો દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને હારારોપણ કાર્યા બાદ હાલ જ રાજ્ય સભામાં ગ્રહમંત્રી અમિત શાહે કે જે ડો .બાબા સાહેબ આંબેડકર વિશે જે અપમાનજનક ટિપ્પણી કરી છે. તેને વખોડી કાઢીને તેમના પોસ્ટર સળગાવવામાં આવ્યા અને સૂત્રોચારો કરવામાં આવ્યા હતા. પ્રદર્શન કરતા લખન ધુવાની સાથે કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરાઈ હતી.

# લુણાવાડાના પાનમ કાંઠા 42 પાટીદાર સમાજ ઘરમાં રક્તદાનનો કેમ્પ યોજાયો



જગદીશ ત્રિવેદી । લુણાવાડા

રક્તદાન શ્રેષ્ઠદાન ને સાર્થક કરવા માટે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકા સ્થિત આવેલ સમસ્ત પાનમ કાંઠા બેતાલીસ પાટીદાર સમાજ દ્વારા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ના સંયુક્ત ઉપક્રમે બ્લડ ધોળી ગામ સ્થિત બેતાલીસ પાટીદાર સમાજ ઘરમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લુણાવાડા શહેર તથા આજુબાજુના ના ગામોના લોકોએ બ્લડ ડોનેશન કર્યું હતું આ કેમ્પ ના મુખ્ય આયોજક તરીકે બેતાલીસ પાટીદાર સમાજ ના પ્રમુખ શશીકાંતભાઈ નાથાભાઈ પટેલ દ્વારા આ બ્લડ ડોનેશન કેમ્પમાં હાજર રહેનાર અને મહાદાન કરનાર લોકોનું હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો તથા આ સેવાકીય કામમાં જોડાવા બદલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી બ્લડ બેન્ક નો પણ આભાર વ્યક્ત કર્યો હતો આ આ બ્લડ ડોનેશન કેમ્પમાં આશરે 50 થી 60 જેટલા બ્લડ યુનિટ નું દાન બેતાલીસ પાટીદાર સમાજ દ્વારા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ને કરવામાં આવ્યું હતું.

# મુખ્મંત્રી ભુપેન્દ્ર પટેલના વરદ હસ્તે લુણાવાડા નગરપાલિકા ખાતે નવનિર્મિત સિટી સિવિક સેન્ટરનુ ઇ- લોકાર્પણ કરાયું

જગદીશ ત્રિવેદી । લુણાવાડા

સુશાસન દિવસ નિમિત્તે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત લુણાવાડા નગરપાલિકાના ખાતે નવનિર્મિત સિટી સિવિક સેન્ટરનો ઈ- લોકાર્પણ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરાયું. જે અંતર્ગત લુણાવાડા નગરપાલિકા ખાતે જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. સાથે કલેકટરશ્રીએ સિવિક સેન્ટરનું નિરીક્ષણ કરી લાભાર્થીઓને દાખલા, પ્રમાણપત્રનું વિતરણ કર્યું



હતું. નગરોમાં વસતા નાગરિકોને મ્યુનિસિપલ સેવાઓ એક જ સ્થળેથી સરળતાએ મળી રહે તેવો સિટીઝન સેન્ટ્રિક સર્વિસીસથી ઈઝ ઓફ લિવિંગનો આશય આ સિટી સિવિલ સેન્ટર્સની સ્થાપનામાં રહેલો છે.નાગરિકોના વિવિધ પ્રશ્નોના નિવારણ માટે ઓછામાં ઓછો સમય ગાળો રહે એટલુ જ નહિ. નગરપાલિકા વિષયક ઓનલાઈન સુવિધા સરળતાએ મળે તે માટે “વન સ્ટોપ શોપ” તરીકે આ સિટી સિવિક સેન્ટર્સ કાર્યરત કરવામાં આવ્યા છે.

# જામનગર કાનાનગર શેરીમાંથી વિદેશી દારૂને પકડી પાડતી જામનગર સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

વિશાલ જે હરવરા : જામનગર

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલૂ સાહેબ તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક શ્રી પ્રતીભા સાહેબ નાઓએ પ્રોહી-જુગાર શોધી કાઢવા સુચના આપેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી જયવિરસિંહ એન. ઝાલા સાહેબ સાહેબના માર્ગદર્શન મુજબ,સીટી એ ડીવી પો.સ્ટે.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર પી.પી.ઝા સાહેબ ની સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સપેટકર એમ.એન.રાઠોડ સાહેબ સાથે સર્વેલન્સ સ્કોડના માણસો જામનગર સીટી એ ડીવી પો.સ્ટે વિસ્તારમા પ્રોહી -જુગાર અંગે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ રવીરાજસિહ અનીરૂદ્ધસિહ જાડેજા તથા પો.કોન્સ. વિક્રમસિંહ ભરતસિહ જાડેજા તથા પો.હેડ.કોન્સ. શૈલેષભાઈ કાંતીલાલ ઠાકરીયા તથા પો.કોન્સ. હીતેષભાઈ



રાણાભાઈ સાગઠીયાને ચોકકસ બાતમી મળેલ કે, કાનાનગરમા શેરી નંબર ૧ના છેડે રહેતો રતનશી કાનજી મંગેના મકાનમા ઉપરના માળે મહેન્દ્ર મસાલી અને પ્રેમ કાનો બારૂતો મકાન ભાડે રાખી ગે.કા ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો રાખી વેચાણ કરે છે. અને હાલ ત્યા દારૂનો જથ્થો પડેલ છે.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર એ ભુજ રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું



(એજન્સી) અમદાવાદ । તા. 25

પશ્ચિમ રેલવે ના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર એ અમદાવાદ મંડળ ના ભુજ રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસના કામોની સમીક્ષા કરી હતી. જનરલ મેનેજર શ્રી મિશ્ર એ ભુજ રેલવે સ્ટેશન પર નિર્માણાધીન બિલ્ડીંગ, સરકુલેટિંગ એરિયા, પ્લેટફોર્મ, ફૂટ ઓવર બ્રિજ અને અન્ય મુસાફરોની સુવિધાઓનું સઘન નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, તેમણે સ્ટેશન પર પ્લેટફોર્મ 1-3 અને ફૂટ ઓવર બ્રિજ (એફઓબી નું નિરીક્ષણ કર્યું. સ્ટેશન પર ચાલી રહેલા કામોની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને તેને સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ દરમિયાન તેમણે રેલવે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સાથે બેઠક યોજી હતી અને રિડેવલપમેન્ટના કામને ઝડપી બનાવવા અને સમયસર પૂર્ણ કરવા સૂચનાઓ પણ આપી હતી. આ દરમિયાન જનરલ મેનેજર ની સાથે એઆરએમ ગાંધીધામ, શ્રી આશિષ ધાનિયા સહિત અન્ય રેલવે અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદા જિલ્લામાં માત્ર એકજ 1962 પશુ એમ્બ્યુલન્સ હોવાથી રખડતા પશુઓ માટે જીવનું જોખમ

ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લામાં ધરતીપુત્રો અને પશુપાલકો ની સંખ્યા વધુ છે, આ જિલ્લામાં ખેતી વધુ પ્રમાણ માં છે માટે ગાય, ભેંસ સહિત ના પશુઓ તેમજ રાજપીપળા શહેર માં રખડતા જાનવરો સાથે પાલતુ ડોગ અને સ્ટ્રીટ ડોગ પણ ઘણા છે તેવા માં સરકારે નર્મદા જિલ્લા માટે પશુ હેલ્પ લાઈન માં સેવા આપતી 1962 પશુ એમ્બ્યુલન્સ એક જ હોવાથી આ જિલ્લા ના પશુઓ માટે જોખમી કહી શકાય, કેમ કે આ એમ્બ્યુલન્સ કોઈ પશુ ના કોલ માં હોય એ દરમિયાન અન્ય પશુ ને



કોઈ તકલીફ આવે ત્યારે આ પશુ ને સારવાર આપવામાં સ્વાભાવિક વિલંબ થાય અને રખડતા ડોગ કે અન્ય મોટા રસ્તે રખડતા જાનવરો જો કોઈ મોટા વાહન ની અડફટ માં કે અન્ય કોઈ કારણે ઈજાગ્રસ્ત થયા તેવા સમયે જો પશુ હેલ્પલાઈન બીજા કોલ માં હોય અને લેટ પડે તો ઈજાગ્રસ્ત પશુ ના જીવનું જોખમ ચોક્કસ ઉભુ થાય માટે નર્મદા જિલ્લા જેવા દરેક જિલ્લાઓ માં સરકારે આ હેલ્પલાઈન માં એમ્બ્યુલન્સ ની સંખ્યા વધારવી જોઈએ.

# વઘઇ ખાતેથી ભેજાબાજ તસ્કરો ઘઉંનો જથ્થો ભરેલ ટ્રક ઉઠાવી ગયા

ડાંગ જિલ્લાનાં વઘઈ ખાતે આવેલ સરકારી અનાજનાં ગોડાઉનમાંથી લાખોના ઘઉંના જથ્થા સાથે જ ટ્રક ગાયબ થતા પુરવઠા વિભાગ સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ ખાતે આવેલ સરકારી અનાજનાં ગોડાઉનમાંથી લાખો રૂપિયાના ઘઉંનો જથ્થો ભરેલ ટ્રક અચાનક ગાયબ થઈ જતા ચકચાર મચી જવા પામી છે.આ રીતે ઘઉંના જથ્થા સાથે ટ્રક ગાયબ થઈ જતા અનેક પ્રશ્ન ઉભા થઈ રહ્યા છે.તેમજ અધિકારીઓની કામગીરી પણ શંકા ઉપજાવે તેવી જોવા મળી રહી છે.ડાંગ જિલ્લાનાં વઘઈ - આહવા રોડ ઉપર આવેલ વઘઈ સરકારી ગોડાઉન સામે રોડ ઉપર ટાટા કંપનીનો ગાડી રજી. નં. GJ -15-AV-3033 માં અનાજ (ઘઉં) 50 કિગ્રાના 500 કટ્ટા ભરેલ હતા.જેનું કુલ વજન 25,380 કિગ્રા જેની કિંમત રૂપિયા 13,70,520/- હોય, જોકે આ ટ્રક પછીથી આ જથ્થા સાથે જ ગાયબ થઈ ગઈ હતી. ત્યારે અહીં રૂપિયા 13,70,520/- નો ઘઉં નો જથ્થો અને ટ્રક



જેની કિંમત રૂપિયા 15 લાખ એમ મળી કુલ કિંમત રૂપિયા 28,70,520/- નો મુદ્દામાલ સરકારી ગોડાઉન પાસેથી રાત્રિના સમયે રોડ પરથી ગાયબ થઈ જતા અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે. કારણ કે આ પ્રકારે ગોડાઉનમાંથી ટ્રક અને જથ્થો ગાયબ થયો તો શું અનાજની કાળા બજારી કરવામાં આવી રહી છે ? આ રીતે અનાજનો જથ્થો ગાયબ થયો તો આમાં પુરવઠા વિભાગનાં અધિકારીઓ કે વાહન કોન્ટ્રાક્ટરોની પણ સંડોવણી છે કે કેમ ? કે પછી આ પ્રકારે અગાઉ પણ આ રીતે ટ્રક કે અનાજનો જથ્થો ગાયબ થયેલ હોય પણ હાલમાં જ આ પ્રકારની ઘટના સામે આવી છે ? તેમજ સરકારી ગોડાઉન પાસેથી આમજ અનાજનો જથ્થો ગાયબ થઈ જાય તે કેટલા અંશે યોગ્ય કહી શકાય ? તેમજ અહીં અધિકારીઓ અને ગોડાઉન મેનેજરની બેદરકારી સ્પષ્ટપણે જોવા મળી રહી છે.જોકે આ સમગ્ર મામલાને લઈને વઘઇ પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોંધાવવામાં આવેલ છે.ત્યારે આ મામલે યોગ્ય પારદર્શક તપાસ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.અત્રે નોંધનીય છે કે થોડા દિવસ પૂર્વે તસ્કરોએ સાપુતારા પોલીસ મથકનાં ગામડાઓમાં ઘરફોડ ચોરી કરી તરખાટ મચાવ્યો હતો.તેવામાં વઘઇ ખાતેથી ભેજાબાજ તસ્કરો આખીને આખી ઘઉંનો જથ્થો ભરેલ ટ્રક ચોરી જતા પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે.

# બગસરા તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો, 3 પ્રશ્નનો સ્થળ પર નિરાકરણ કરાયું

અશોક મણવર । અમરેલી

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિકાસલક્ષી યોજના નો લાભ સેવાડાના લોકો સુધી મળી રહે અને લોકોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ થાય તે અન્વયે વિવિધ યોજનાઓ અમલીકરણ હોય ત્યારે અમરેલીના બગસરા તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ મામલતદાર કચેરી ખાતે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાટ સાહેબના અધ્યક્ષ સ્થાને



યોજાયો જેમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના કુલ 6 પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી જેમાં 3 પ્રશ્નનોનુ સ્થળ પર નિરાકરણ કરવામાં આવ્યું જેમાં એસ.ટી.નિગમ તેમજ માર્ગ - મકાન વિભાગ જમીન દબાણ સહિત વિવિધ પ્રશ્નોની અરજદારોએ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાટ સાહેબને રજુઆત કરતા અરજદારોના પ્રશ્નોને સાંભળી તેનું નિરાકરણ થાય તે અંગે વિવિધ વિભાગાના અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી આ તકે બગસરા મામલતદાર પ્રશાંત ભીંડી સાહેબ નાયબ મામલતદાર નિહાર વઘાસિયા સાહેબ પી.આઇ. સાળુકે સાહેબ પી.એસ.આઇ. કમલેશદાન ગઢવી સાહેબ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

# નર્મદા જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીની અધ્યક્ષતામાં સુશાસન દિવસની ઉજવણી કરાઈ : ધારાસભ્ય ડો.દર્શનાબેન હાજર રહ્યા



ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેક્ટર એસ. કે. મોદીના અધ્યક્ષસ્થાને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મ જયંતિ નિમિત્તે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કલેક્ટર મોદીએ જણાવ્યું હતું કે, લોકસેવા અને લોકકલ્યાણને કેન્દ્રસ્થાને રાખીને છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓ પહોંચાડવા બદલ વિવિધ વિભાગના અધિકારીઓની કામગીરીની સરાહના કરી હતી. વધુમાં વિકસિત રાષ્ટ્રના નિર્માણ ગુજરાતની સાથે નર્મદા જિલ્લાનું બહુમૂલ્ય યોગદાન થકી અસરકારક આયોજન સાથે આગળ વધવા પણ કેટલાંક રચનાત્મક સુચનો કર્યા હતા. જિલ્લા કલેક્ટર મોદીના હસ્તે સ્વચ્છતા ઝુંબેશ હેઠળ સ્વચ્છતા માટે જિલ્લાકક્ષાની ત્રણ કચેરીઓને બેસ્ટ, ઈમેર્જીંગ અને એસ્પાઈરિંગ એમ ત્રણ કેટેગરીમાં પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત આવી હતી. જેમાં જિલ્લા ચૂંટણી તંત્ર, સહાયક નીરિક્ષકની કચેરી અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરીની રેકર્ડ વર્ગીકરણની કાર્યવાહી, સાફસફાઈ, જાળવણી અને નિભાવણી સહિતની અન્ય બાબતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી કામગીરીની પ્રશંસા પણ કરી હતી.

# થરાદ એબીવીપી દ્વારા મોડેલ સ્કૂલ ખાતે મિશન સાહસી અને મોટિવેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો

કિરણભાઈ એપા । વાવ

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ વિદ્યાર્થી અને રાષ્ટ્ર હિત માટે કાર્ય કરતું સંગઠન છે જેના દ્વારા અવારનવાર કાર્યક્રમો કરવામાં આવતા હોય છે ત્યારે ગતરોજ થરાદ ખાતે આવેલી મોડેલ સ્કૂલમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ થરાદ શાખા/થરાદ ભાગ દ્વારા મિશન સાહસી અને મોટીવેશનલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૩૦૦ જેટલી બહેનોને કરાટે ની તાલીમ આપવામાં આવી હતી મોટીવેશનલ કાર્યક્રમમાં મુખ્ય વક્તા આઈ.પી.એસ વેદિકા બિહાની હતા અને થરાદ ડી.વાય.એસ.પી એસ.એમ. વારોતરિયા હતા આ કાર્યક્રમમાં



એબીવીપીના જિલ્લા સંયોજક દૈવિક પંચાલ,ભાગ સંયોજક રાજેશ જોષી(નાનોલ), નગરમંત્રી વિશાલપુરી ગૌસ્વામી, કોષાઅધ્યક્ષ અરવિંદભાઈ પુરોહિત,નગર સહમંત્રી બીજલ પઢીયાર, હેતલબેન પંચાલ તેમજ શાળા પરિવાર માંથી શાળાના પ્રિન્સિપાલ કરશનભાઈ પઢાર, પ્રકાશભાઈ જોષી હાજર રહ્યા હતા તેમજ આમંત્રિત મહેમાનો મદદનીશ શિક્ષણ નિરીક્ષક શામળભાઈ પ્રજાપતિ, લીંબાઉ પે.સેન્ટર ના આચાર્ય દાનાભાઈ પઢાર, સરસ્વતી વિદ્યાલય વજેગઢ ના સંચાલક રામભાઈ પટેલ,થરાદ પોલીસ સ્ટાફમાંથી સુરેશભાઈ ચૌધરી, ડી.વાય. એસ.પી કચેરી થી જોધાભાઈ,વિનોદભાઈ પ્રજાપતિ તેમજ એ.બી.વી.પી નગરટીમ અને કેમ્પસ ટિમો માંથી કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# હાપા વિસ્તારમાં આવેલ ક્રિષ્ના ટાઉનશિપ ખાતે પેવર બ્લોકના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



વિશાલ જે હરવરા । જામનગર

કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, ગ્રામ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જામનગરના હાપા વિસ્તારમાં આવેલ ક્રિષ્ના ટાઉનશિપ 3 ના કોમન પ્લોટમાં પેવર બ્લોકના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ તકે પ્રસંગિક ઉદબોધન કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે નાગરિકોની સુવિધામાં વધારો થાય તે માટે સરકાર દ્વારા નક્કર પગલાઓ લેવામાં આવી રહ્યા છે.લોકોની પાયાની જરૂરિયાત સંતોષાય તેમજ જીવન જરૂરિયાતની તમામ સુવિધાઓ નાગરિકોને મળી રહે તે માટે વિકાસના નાના મોટા અનેક કામો સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે કોર્પોરેટર શ્રી ભરતભાઈ પરમાર, શ્રી રામભાઈ જાડેજા, સોસાયટી પ્રમુખ નરેશભાઈ બદીયાણી, ઉપપ્રમુખ શ્રી બળવંતસિંહ જાડેજા, વોર્ડ મહામંત્રી શ્રી હરપાલસિંહ જાડેજા, શ્રી મહિપતસિંહ, નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી નકુમભાઈ તથા બહોળી સંખ્યામાં વિસ્તારના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા-વાવડી ખુર્દ સ્ટેશનો વચ્ચે ડબલિંગ કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ : પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ ના આણંદ-ગોધરા સેક્શનના ગોધરા-વાવડી ખુર્દ સ્ટેશનો વચ્ચે ડબલિંગના નોન-ઈન્ટરલોકિંગ કામને કારણે લેવામાં આવેલા બ્લોકને કારણે મેમુ ટ્રેન રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે. 1 ટ્રેન નંબર 09393 આણંદ - ગોધરા મેમુ ટ્રેન 26 ડિસેમ્બર 2024 થી 05 જાન્યુઆરી 2025 સુધી રદ રહેશે. 2 ટ્રેન નંબર 09396 ગોધરા - આણંદ મેમુ ટ્રેન 26 ડિસેમ્બર2024 થી 05જાન્યુઆરી 2025 સુધી રદ રહેશે. પરિવર્તિત માર્ગ થી ચાલનારી ટ્રેન: ટ્રેન નં. 19319 વેરાવળ - ઈન્દોર મહામના એક્સપ્રેસ 01 જાન્યુઆરી 2025 ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ગેરતપુર-આણંદ-બાજવા-છાયાપુરી - ગોધરા- થઈને ચલાવવામાં આવશે. રેલવે મુસાફરોને વિનંતી કરવામાં આવે છે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. . ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# બગસરાના જુની હળિયાદ ગામે શ્રી રણછોડરાય ગૌ શાળા ખાતે સ્વ.વલ્લભભાઈ મોહનભાઈ વાગડીયા પરીવારના આર્થિક સહયોગથી આયુર્વેદ કથાનું આયોજન કરાયું


અશોક મણવર : અમરેલી

બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામે એક અનોખી કથાનું આયોજન કરાયું જેમાં અષ્ટાંગ આયુર્વેદ ધામ તળાજાના વેદ શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા દ્વારા આ આયુર્વેદ કથાનું રસપાન કરાવ્યું જૂની હળિયાદ ગામે સ્વ. વલ્લભભાઈ મોહનભાઈ વાગડિયા પરિવારના આર્થિક સહયોગથી બગસરા વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટના દેવચંદભાઈ સાવલિયાના માર્ગદર્શન અન્વયે ધરતી રક્ષા એગ્રો પ્રોડક્શન કંપની અને જ્યોતિ મહિલા વિકાસ સંગઠન તેમજ શ્રી રણછોડરાય ગૌ શાળા જૂની હળિયાદના ઉપક્રમે આયુર્વેદ કથાનું આયોજન કરવામાં આવ્યું અષ્ટાંગ આયુર્વેદ ધામ તળાજાના વૈધ શ્રી મહેન્દ્રસિંહ સરવૈયાના મુખેથી



આયુર્વેદ કથાના ભાગ રૂપે આયુર્વેદથી લોકોને શું ફાયદા થાય તે અંગે માર્ગદર્શન આવ્યું જેમાં આયુર્વેદ કથાથી નિરોગી જીવન જીવવા માટે ઉત્તમ વિવિધ મુદ્દાઓના ઉદાહરણો સાથે માર્ગદર્શન આવ્યું જુની હળિયાદ ગામ સહિત આજુ બાજુના ગ્રામ્ય વિસ્તાર માંથી બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા આયુર્વેદિક કથામાં વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટના દેવચંદભાઈ સાવલિયાએ ભારે જહેમત ઉઠાવેલ.

# બનાસકાંઠા જિલ્લામાં સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી



(માહિતી બ્યુરો, પાલનપુર)

ભારત રત્ન પૂર્વ પ્રધાનમંત્રી શ્રધ્ધેયશ્રી અટલજીની ૧૦૦મી જન્મ જયંતિ નિમિત્તે આજરોજ અટલજીની દિવ્ય ચેતનાને વંદન કરતા માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુશાસન દિવસની ઉજવણી પ્રસંગે સૌપ્રથમ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા નિર્મિત 'મારી યોજના'નું ઈ-લોકાર્પણ સાથે અનેક લોકોપયોગી યોજનાઓનું લોન્ચીંગ કર્યું હતું. વર્ષ ૨૦૧૪થી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સુશાસન દિવસને વધુ લોકોપયોગી બનાવવા તેમણે આહવાન કર્યું હતું. અમૃતકાળમાં બંધારણની ૭૫મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છે ત્યારે રાજ્યમાં મોટા સંકલ્પ સાથે યોજનાઓને આગળ વધારવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યભરમાં સુશાસન દિવસની ઉજવણી કરાઈ હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# અમરેલીમાં 10 વર્ષના દીકરાને દીપડાએ ફાડી ખાધો...

## ખેતરમાં સૂતા બાળકને 500 મીટર ઢસડીને શિકાર કર્યો, ખાલી હાથ-પગ સહિતના અવશેષો હાથ લાગ્યા...

અમરેલી | અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓનો આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. સિંહ, દીપડા જેવા ખૂંખાર પ્રાણીઓ માનવ વસાહતોમાં ઘૂસીને હાહાકાર મચાવી રહ્યા છે. ખાંભા તાલુકાના પચપચિયા ગામની સીમમાં ખેતરમાં એક દીપડાએ માત્ર 10 વર્ષના માસૂમ બાળકને 500 મીટર ઢસડીને ફાડી ખાધો હતો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચાવી દીધી છે. બાળકનો પરિવાર ઝૂંપડામાં સૂતો હતો, ત્યારે દીપડો અંધારાનો ફાયદો ઉઠાવીને ઝૂંપડામાં ઘૂસી ગયો હતો અને બાળકને દબોચી લઈને બાવળની ઝાડીમાં ખેંચી ગયો હતો અને શિકાર કર્યો હતો. દરમિયાન પરિવારજનોને બાળકના માત્ર હાથ-પગ સહિતના અવશેષો હાથ લાગ્યા હતા. જેને પીએમ માટે ખસેડાયા હતા. વન વિભાગને આ બનાવની જાણ થતાં તેઓ ઘટનાસ્થળે દોડી જઈ સર્ચ ઓપરેશન ચલાવીને દીપડાને પકડવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.



**બાળકના શિકારથી ગામમાં ફફડાટ :** ખાંભાના તાલુકાના પચપચિયા ગામની સીમમાં એક પરિવાર ઝૂંપડામાં સૂતો હતો, જેમાં ઉના તાલુકાના સામતેર ગામનો 10 વર્ષનો બાળક મયૂર જીતુભાઈ સોરઠિયા પરિવાર વચ્ચે સૂતો હતો. દરમિયાન દીપડો લપાતો છીપાતો આવી બાળકને ઢસડી 500 મીટર દૂર બાવળની ઝાડીઓ સુધી લઈ જઈ શિકાર કર્યો હતો.
દીપડાએ બાળકને ફાડી ખાધા બાદ દીપડો નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ ખાંભા રેન્જ વનવિભાગને થતાં વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી બાળકના શરીરના હાથ, પગ સહિત કેટલાક અવશેષો મળતાં ખાંભા હોસ્પિટલમાં પી.એમ. માટે મૃતદેહ ખસેડવામાં આવ્યો છે. સ્થાનિક ખેડૂતોમાં સીમ વિસ્તારમાં દીપડાએ બાળકનો શિકાર કરવાની ઘટનાને લઈ ફફડાટ સાથે ભયનો માહોલ છવાયો છે.

### DCF દ્વારા દીપડાને તાત્કાલિક પકડવા સૂચના આપી

દીપડાએ બાળક ઉપર હુમલો કર્યા બાદ બાળકનું મોત થતા ધારી ગીર પૂર્વ DCF રાજદીપ સિંહ ઝાલા દ્વારા ખાંભા તુલસીશ્યામ રેન્જને દીપડાને પકડવા માટે સૂચના આપતા હાલ વનવિભાગ દ્વારા દીપડાને પકડવા માટે લોકેશન લેવા માટેની કવાયત હાથ ધરી છે અને અલગ અલગ વિસ્તારમાં પાંજરા ગોઠવવામાં આવ્યાં છે.
મૃતકના સગા બાબુ સોરઠિયાએ જણાવ્યું હતું કે, માલઢોર લઈ અમે આવ્યા હતા. રાતે દીપડો બેથી અઢી વાગ્યાના ગાળામાં છોકરાને દીપડો લઈ ગયો, બૂમ પડી એટલે અમને ખબર પડી, પછી અમે વનવિભાગને જાણ કરી બોલાવ્યા. છોકરો મૃત્યુ પામ્યો એટલે અમે ખાંભા હોસ્પિટલમાં લાવ્યા છીએ.

### ખુલ્લામાં ન સૂવા વનવિભાગની અપીલ

ગીર પૂર્વ DCF રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, માનવ મૃત્યુની ઘટના બની છે. અમારી ટીમ ઘટના સ્થળે પહોંચી દીપડાનું લોકેશન લેવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. પાંજરા પણ ગોઠવી દીધાં છે. ઝડપથી દીપડો પાંજરે પુરાય તે માટેની કામગીરી શરૂ છે અને લોકોએ સીમમાં ખુલ્લામાં ન સૂવા અમે વારંવાર અપીલ કરી રહ્યા છે. લોકોએ જાગૃત થવું પડશે. ખુલ્લા વિસ્તારમાં ન સૂવા વનવિભાગની અપીલ છે.
રાજુલા જાફરાબાદ ખાંભા ધારાસભ્ય હીરા સોલંકીએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, ખાંભા તાલુકાના પચપચિયા ગામે નાના બાળકનો દીપડાએ શિકાર કર્યો છે. અવારનવાર આવી ઘણી બધી ઘટનાઓ બનતી હોય છે. પ્રજાજનોને પણ અમે કહ્યું છે. આવા ખુલ્લામાં આપણે ન સૂવું જોઈએ. દીપડા-સાવજોની અવરજવર હોય છે. આવી સૂચનાઓ આપવા છતાં આવી અઘટિત ઘટનાઓ બને છે, ત્યારે દુઃખ મને લાગે છે. હજુ પણ આ વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે લોકોને હું એક સંદેશો આપવા માગું છું. આવા વગડામાં ન સૂવે, બાળકોની ખૂબ ચિંતા કરે, અવારનવાર બનાવો સામે આવે છે, તેથી મને ખૂબ દુઃખ થાય છે. વનવિભાગને ધ્યાને મૂકું છું, તેની માટે શું કરવું પડે તે કર્યે અને વહેલામાં વહેલા દીપડો પકડાઈ જાય તે દિશામાં કામ કરીશું.

# રાજકોટ 9 ડિગ્રીએ ઠૂંઠવાયું... આજથી 3 દિવસ માવઠાની આગાહી

## વાદળો હટતાં જ સૌરાષ્ટ્રમાં શીતલહેર, પારો સિંગલ ડિગ્રીમાં; 24 કલાકમાં અમદાવાદનું તાપમાન 5 ડિગ્રી ગગડ્યું



રાજકોટ | સૌરાષ્ટ્રમાં વાદળો હટતાં જ ફરી શીતલહેર છવાઈ ગઈ છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મોટા ભાગનાં શહેરોમાં તાપમાન નીચે સરકી જતા શહેરીજનો ઠંડીમાં ઠૂંઠવાયાં છે. રાજકોટ શહેરમાં ફરી તાપમાન સિંગલ ડિગ્રીમાં પહોંચી ગયું છે. જ્યારે ગિરનાર અને નલિયામાં પારો 7 ડિગ્રી સુધી પહોંચી જતા લોકો ધ્રુજી ઊઠ્યા છે. ઉલ્લેખનીય છે કે, આવતીકાલે (26 ડિસેમ્બર) ગુરુવારથી ફરી હવામાનમાં પલટો આવતાની સાથે જ શિયાળામાં વરસાદ પડે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.
રાજકોટ શહેરમાં ફરી એક રાતમાં પારો નીચે ઊતરી જતા ગઈકાલ (24 ડિસેમ્બર) રાત્રિમાં શહેરીજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા. વહેલી સવારમાં ભેજનું પ્રમાણ ઘટી જતા ઠંડી અને પવનના સુસવાટાના કારણે 9 વાગ્યા સુધી શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. રાજકોટમાં ફરી પારો સિંગલ ડિગ્રીમાં પહોંચી ગયો હતો. રાજકોટ શહેરમાં ગઈકાલે પવનની ઝડપ 12 કિ.મી. નોંધાઈ હતી, તે પછી ક્રમશઃ ઘટીને 6 કિ.મી. સુધી પહોંચી ગઈ હતી. આજે સતત બીજા દિવસે શહેરનું લઘુતમ તાપમાન 9 ડિગ્રી નોંધાયું છે.

### ગિરનાર-નલિયામાં 7 ડિગ્રી

ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાની અસર સૌરાષ્ટ્ર-કચ્છના હવામાન ઉપર જોવા મળી રહી છે. તીવ્ર ઠાર અને કાતિલ પવનના સુસવાટાના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.
તેમાં પણ શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં ઠંડીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. ગિરનાર અને નલિયામાં 7, રાજકોટમાં 9, કેશોદમાં 10, પોરબંદરમાં 11, જૂનાગઢ-અમરેલીમાં 12-12, મહુવા-સુરેન્દ્રનગરમાં 12.5-12.5, તો દીવ-ભાવનગરમાં 13.5-13.5 ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મોટા ભાગનાં શહેરોનું મહત્તમ તાપમાન પણ 27 ડિગ્રીની અંદર પહોંચી ગયું હતું.

### 24 કલાકમાં અમદાવાદનું તાપમાન 5 ડિગ્રી ગગડ્યું

પવનની દિશા બદલાવાની સાથે ઉત્તર પૂર્વના ઠંડા પવનો ફૂંકાવાનું શરૂ થતાં અમદાવાદ સહિત રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. અમદાવાદમાં 24 કલાકમાં લઘુતમ તાપમાન 5 ડિગ્રી ગગડી ગયું હતું. સોમવારે લઘુતમ તાપમાન 17.8 ડિગ્રી નોંધાયું હતું, જે મંગળવારે 12.7એ પહોંચી ગયું હતું. હજુ 24 કલાક સુધી ઠંડીનું જોર યથાવત્ રહેશે. એ પછી તાપમાન ફરી 2થી 4 ડિગ્રી વધતાં ઠંડીથી થોડી રાહત મળવાની શક્યતા છે. હવામાન ખાતાની યાદીમાં જણાવ્યા મુજબ મંગળવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન 26.7 ડિગ્રી તેમજ લઘુતમ તાપમાન 12.7 ડિગ્રી નોંધાયું હતું. શહેરમાં સવારથી ઠંડા પવનને પગલે શીતલહેર ફરી વળી હતી.

# મોરબીના ટિંબડી પાસે ડમ્પર પાછળ કાર અથડાતાં માળીયા મીયાણાના યુવાનનું મોત

(એજન્સી) મોરબી | તા. 25

મોરબી માળિયા નેશનલ હાઈવે રોડ ઉપર ટિંબડી ગામના પાટીયા પાસેથી સ્વિફ્ટ કાર પસાર થઈ રહી હતી. ત્યારે આગળ જઈ રહેલા ટ્રક ડમ્પરનો ઓવરટેક કરવા જતા સમયે કાર ડમ્પરની પાછળના ભાગમાં અથડાઈ હતી. જેથી કાર ચલાવી રહેલા યુવાને માથામાં અને શરીરે ગંભીર ઈજા થયેલ હોવાથી તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જે બનાવમાં કારમાં બેઠેલ ઈજાગ્રસ્તની ફરિયાદ લઈને પોલીસે મૃતક યુવાનની સામે ગુનો નોંધીને આગળની રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી છે.
માળિયા મીયાણામાં દરબારગઢ પાછળ મોવર શેરીમાં રહેતા મહમહનીફભાઈ કાદરભાઈ ભટ્ટી (ઉ.28)એ સ્વીફ્ટ કાર નંબર જીજે 38 બીડી 2199ના ચાલક અકબર અબ્બાસભાઈ સંધવાણી રહે. દરબારગઢ પાસે મોવર શેરી માળીયા મીયાણાવાળા સામે ફરિયાદ



નોંધાવેલ છે. જેમાં તેને જણાવ્યું છે કે, મોરબી-માળિયા નેશનલ હાઈવે રોડ ઉપર ટિંબડી ગામના પાટીયા પાસેથી અકબરભાઈની ગાડીમાં ફરિયાદી તથા હુસેન રહીમભાઈ મોવર માળિયા તરફથી મોરબી આવતા હતા દરમિયાન અકબરભાઈએ આગળ જતા ટ્રક ડમ્પર નંબર જીજે 12 એવાય 6444ની સાઈડ કાપી ઓવરટેક કરવા જતા ડમ્પરની પાછળના ભાગમાં કાર અથડાઈ હતી.

# જૂનાગઢ હોટલમાં 24 વર્ષીય યુવકનો આપઘાત

## હોટલમાંથી યુવતી નીકળી ગઈ, ફોન ન ઉપાડતાં રિસેપ્શનને જાણ કરી; મૃતકના પરિવારે તપાસની માગ કરી

(એજન્સી) જુનાગઢ | તા. 25

જૂનાગઢ જિલ્લામાં આત્મહત્યાઓના બનાવ વધી રહ્યા છે!, દિવસેને દિવસે જૂનાગઢ શહેરમાં આત્મહત્યાના બનાવ સામે આવી રહ્યા છે. એક યુવાને ઝેરી દવા પીને જીવનનો અંત આણ્યો હતો. વૈભવ હોટલમાં તેણે ઝેરી દવા પીને આપઘાત કર્યો હતો. એક યુવતી સાથે તે હોટલમાં ગયો હતો. જોકે થોડીવારમાં યુવતી નીકળી ગઈ હતી. તે દરમિયાન તેણે આત્યંતિક પગલું ભર્યું હતું. યુવતીએ યુવકને ફોન કર્યો પણ તેણે રિસિવ ન કરતાં તેણે રિસેપ્શનમાં જાણ કરી હતી. ત્યારે યુવકના આપઘાતમાં આ યુવતીનું કોઈ કનેક્શન છે કે કેમ તે સવાલ છે. આ માત્ર એક ઘટના નથી, જૂનાગઢમાં છેલ્લા બે દિવસમાં ત્રણ આત્મહત્યાના બનાવો બન્યા છે. આ આંકડો ચિંતાજનક છે.
ગઈકાલે બપોરના સમયે વંથલીના કોયલીનો 24 વર્ષીય વિરેન ધનજીભાઈ પરમાર નામના યુવકે ઝેરી દવા પી હોટલમાં આપઘાત કર્યો હતો. 3:30 વાગ્યાની આસપાસ આ યુવક અને એક યુવતી હોટલમાં પ્રવેશ્યા હતા. થોડીવાર બાદ યુવતી હોટલમાંથી ચાલી ગઈ હતી. થોડો સમય બાદ યુવતીએ યુવકને ફોન કર્યો હતો. પરંતુ વારંવાર ફોન કરતા યુવકે પોતાનો ફોન રિસીવ કરતો ન હતો. દરમિયાન યુવતીએ હોટલના રિસેપ્શન પર ફોન કરી વિરેન ફોન નથી ઉપાડતો તેવું જણાવ્યું હતું. યુવતીએ તેનો ફોન રિસિવ કરતાં હોટલના રિસેપ્શનને જાણ કરી હતી.

દર્દીને મૂકીને સુરત પરત ફરતી એમ્બ્યુલન્સનો અકસ્માત

# પૂણા કેનાલ રોડ પર ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા BRTS રેલિંગને અથડાઈ પલટી ખાઇ ગઇ



(એજન્સી) સુરત | તા. 25

ડેડીયા પાડાથી દર્દીને મૂકીને પરત આવતી સુરત નવી સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. પૂણા કેનાલ રોડ પર એમ્બ્યુલન્સ બીઆરટીએસ રેલિંગને અથડાઈ પલટી ખાઈ ગઈ હતી. જેથી એમ્બ્યુલન્સ ચાલકને ગંભીર ઈજાઓ થતા 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.
ભાઠેના પંચશીલ નગરમાં 27 વર્ષીય આશિષ સત્યદેવ દુબે રહે છે. તે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. આશિષ નવી સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં દર્દીને મૂકવા માટે ડેડીયા પાડા ખાતે ગયો હતો. રાત્રિના તે હોસ્પિટલ ખાતે પરત આવી રહ્યો હતો. દરમિયાન પૂણા કેનાલ રોડ પાસે આશિષે એમ્બુલન્સના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જેથી એમ્બ્યુલન્સ બીઆરટીએસના રેલીંગ સાથે અથડાઈ પલટી મારી ગઇ હતી. સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા. અકસ્માત થતા એમ્બ્યુલન્સ ચલાવનાર આશિષને ગંભીર ઈજા થઈ હતી. થઈને તેને એમ્બ્યુલન્સમાંથી બહાર કાઢ્યો હતો. 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતમાં આશિષને ગંભીર ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે. તેમજ રસ્તાની વચ્ચે છોકરાઓ આવી ગયા હોવાથી અકસ્માત સર્જાયો હોવાનું આશિષે ડોકટર સામે કહ્યું હતું. દારૂ પીધા બાદ એમ્બ્યુલન્સ ચલાવતો હોવાનું નવી સિવિલ હોસ્પિટલમાં ચર્ચા ચાલી રહી છે.

# પોલીસ-બુટલેગરની જય-વીરુ જેવી મિત્રતા

## હેડ કોન્સ્ટેબલે પોતાના જ ઘરે થર્ટીફર્સ્ટનો સ્ટોક સંતાડ્યો, LCBને કહ્યું- 'ભાઈબંધની શરમમાં દારૂનો જથ્થો મૂકવા દીધો'



આણંદ | ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે અને આ દારૂબંધીના અમલીકરણની જવાબદારી પોલીસના શિરે છે, પરંતુ પેટલાદના એક પોલીસ હેડ કોન્સ્ટેબલે પોતાના બૂટલેગર મિત્રનો વિદેશી દારૂનો જથ્થો પોતાના ઘરમાં સંતાડી રાખી દારૂબંધીના લીરેલીરા ઉડાવવાની સાથે સાથે ખાખી વર્દી ઉપર કલંક લાગે તેવું કૃત્ય કર્યું છે. ત્યારે આણંદ LCB પોલીસે આ હેડ કોન્સ્ટેબલની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ જિલ્લાના પેટલાદ ગામમાં કલાલ પીપળમાં રહેતો મોહસિનિયા લિયાકતિયા ઉર્ફે એલ.કે. મલેક બહારથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી તેના માણસો મોઈનિયા મુનાફમિયા મલેક અને તોસીફ ઉર્ફે રાજુ અનવરમિયાં મલેક (બંને રહે. શેરપુરા, પેટલાદ) મારફત પેટલાદ-સુણાવ રોડ પર રંગાઈપુરા, પંચવટી પાર્ક, વાડિયા વિસ્તારમાં રહેતા પોલીસ હેડ કોન્સ્ટેબલ સુનિલ જશભાઈ મકવાણાના ઘરે ઉતારેલ હોવાની બાતમી આણંદ LCB પોલીસને મળી હતી.

**મકાનમાં ત્રણ અલગ-અલગ ઠેકાણે દારૂ સંતાડ્યો :** બાતમી મળતાં LCB પોલીસની ટીમે મકાનમાં દરોડો પાડી સુનિલ જશભાઈ મકવાણાની અટકાયત કરી હતી. જે બાદ પોલીસે મકાનની તલાશી લેતાં દાદર નીચે બનાવેલા ખાનામાંથી, ઉપરના માળે ગેલેરીના ભાગે છત તરફ જવાની લોખંડની સીડી નીચે પ્લાસ્ટિકના પીપમાં તેમજ રૂમમાં સેટી પલંગની બાજુમાંથી કુલ રૂપિયા 3 લાખ 63 હજાર 360ની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની 240 નંગ બોટલો મળી આવી હતી.

### 22 ડિસેમ્બરે દારૂનો જથ્થો ઉતાર્યો હતો

પોલીસે આ દારૂના જથ્થા બાબતે પકડાયેલા હેડ કોન્સ્ટેબલ સુનિલ મકવાણાની પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, બુટલેગર મોહસીનિયા લિયાકતિયાનાં માણસો મોઈનિયા મુનાફર્મીયા મલેક અને તોસીફ મલેક ગત તારીખ 22 ડિસેમ્બરના રોજ મોડી રાત્રિના સમયે સફેદ કલરની સ્વિફ્ટ ગાડી લઈને મારા ઘરે આવ્યા હતા અને આ વિદેશી દારૂનો જથ્થો બે-ત્રણ દિવસ માટે કોઈને વહેમ ના જાય તે માટે મારા ઘરે સાચવવા મૂકવા કહ્યું હતું.
તેઓ મારા સારા મિત્ર થતા હોવાથી મેં શરમમાં મારા ઘરે આ દારૂનો જથ્થો મૂકવા દીધો હોવાનું કબૂલ્યું છે. જેના આધારે પોલીસે પકડાયેલા હેડ કોન્સ્ટેબલ સુનિલ મકવાણા તેમજ દારૂનો જથ્થો આપનાર મોહસીનિયા લિયાકતિયા મલેક, મોઈનમિયાં મુનાફમિયા મલેક અને તોસીફ મલેક વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.
પેટલાદના એક પોલીસ હેડ કોન્સ્ટેબલે પોતાના બૂટલેગર મિત્રનો વિદેશી દારૂનો જથ્થો પોતાના ઘરમાં સંતાડી રાખી દારૂબંધીના લીરેલીરા ઉડાવવાની સાથે સાથે ખાખી વર્દી ઉપર કલંક લાગે તેવું કૃત્ય કર્યું છે.

### અન્ય એક જગ્યાએથી પણ દારૂનો જથ્થો મળ્યો

આ ઉપરાંત બૂટલેગર મોહસીનિયા લીયાકતિયા મલેકે પેટલાદના કાજીવાડામાં રહેતાં સિદ્દીકોદ્દીન ઉર્ફે મુન્ના ઉર્ફે ગંધાતો ઝહીરોદ્દીન કાજીના મકાનમાં પણ વિદેશી દારૂ ઉતાર્યો હોવાની બાતમી આણંદ LCB પોલીસને મળી હતી. જેથી પોલીસે આ સિદ્દીકોદ્દીન કાજીના મકાનમાં દરોડો પાડ્યો હતો. જ્યાંથી રૂપિયા 1 લાખ 95 હજાર 59ની કિંમતની ભારતીય બનાવટની વિદેશી દારૂની 139 નંગ બોટલો મળી આવી છે. જેથી પોલીસે આ સિદ્દીકોદ્દીન કાજી વિરુદ્ધ પણ પ્રોહિબિશનનો ગુનો નોંધી તેને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# ઓખા જેટી પર દુર્ઘટના, 3નાં મોત...



દ્વારકા ખંભાળિયા | ઓખા જેટી ખાતે ક્રેન તૂટી પડવાની ગોઝારી દુર્ઘટના ઘટી છે. ઓખા પેસેન્જર જેટી પાસે ક્રેન નીચે દબાતા 3 મજૂરોના મોત નીપજ્યાં હતા. નવા બનતા કામ પર દુર્ઘટના સર્જાતા 3 લોકો ક્રેન નીચે દબાઈ પાણીમાં પડી ગયા હતા. જે ત્રણ મજૂરોના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. હાલ 3 મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે લઈ જવાયા છે. આ દુર્ઘટના બાદ ઓખા જેટી પર GMB કોસ્ટ ગાર્ડ, પોલીસ વિભાગ, ફાયર ટીમ તથા 108ની ટીમ ઘટના સ્થળે પહોંચી છે.

# ડેરવાળા ગામથી બંદુક સાથે એક ઝડપાયો

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 17

સુરેન્દ્રનગર જિલ્લાના લખતરના ડેરવાળા ગામથી ગેરકાયદેસર દેશી હાથ બનાવટની મજલલોડ સીગલ બેરલ બંદુક સાથે એક ઈસમ ઝડપાયો હતો. જેમાં સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે લખતરના ડેરવાળા ગામથી સાંકળ જતા રોડ પર ગડથળ ગામના પાટીયા પાસેથી આ શખશને ગેરકાયદેસર બંદૂક સાથે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.
સુરેન્દ્રનગર એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર જે. જે.જાડેજા અને પીએસઆઈ જે.વાય.પઠાણ તથા પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ આર.એચ.ઝાલાએ એલ.સી.બી તથા પેરોલ ફર્લો સ્કોડના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોડ સ્ટાફની ટીમો દ્વારા લખતર પોલીસ સ્ટેશન વિસ્તારના ડેરવાળા ગામથી સાંકળ જતા રોડ પર ગડથળ ગામના પાટીયા પાસે જાહેરમાંથી હકીમભાઈ ઈસબભાઈ બેલીમ ( રહે-ગામ સાંકળ તા.લખતર જી.સુરેન્દ્રનગર )ને એક દેશી હાથ બનાવટની મજલલોડ બંદુક કિંમત રૂ. 2500ના મુદામાલ સાથે પકડી પાડી આ ઈસમ વિરુધ્ધમા લખતર પોલીસ સ્ટેશનમાં હથીયાર ધારા મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવી છે.

અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 26-12-2024

# ભાવનગરમાં ધ્રૂજાવતી ઠંડી, તાપમાનનો પારો સડસડાટ 5.3 ડિગ્રી નીચે ગગડયો

## ઠંડીનું જોર વધતા નગરજનો ઠુંઠવાયા

(એજન્સી) ભાવનગર । તા. 25

ભાવનગરમાં બે દિવસ વાદળિયા વાતાવરણના કારણે ઠંડી ગાયબ થઈ ગયા બાદ અચાનક જ ફરી ઠંડીનું જોર વધી જતાં રાતનું તાપમાન સડસડાટ સવા પાંચ ડિગ્રી નીચે ઉતરી ગયું હતું. રાત્રે ફરી કાતિલ ઠંડીનું મોજું ફરી વળતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. તો દિવસે પણ ઠંડીનું વર્ચસ્વ રહેવાના કારણે તાપમાનમાં પોણા બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો.ગઈકાલે સપ્તાહના આરંભે આખો દિવસ ઠંડી ગાયબ રહી હતી. ત્યારબાદ સાંજ ઢળતા ઠંડીનું જોર ધીમીગતિએ વધવા લાગતા રાત્રે ધ્રુજાવતી ઠંડીનો અહેસાસ થયો હતો. મધરાત્રિના સમયે ઠારનું પ્રમાણ વધતા લોકો ઘરની અંદર પણ રીતસરના ઠુંઠવાયા હતા. રાત્રિથી વહેલી સવારના



અરસામાં ઠંડીના વધેલા વર્ચસ્વના કારણે લઘુતમ ઉષ્ણતામાનનો પારો ૨૪ કલાકમાં જ ૫.૩ ડિગ્રી નીચે ગગડીને ૧૩.૫ ડિગ્રીએ પહોંચી ગયો હતો. જ્યારે દિવસ દરમિયાન પણ ૦૮ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા ઠંડા પવનને કારણે ૧.૭ ડિગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાનમાં ૨૬.૦ ડિગ્રીએ સ્થિર થયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૩ ટકા નોંધાયું હતું. ઉલ્લેખનિય છે કે, બે દિવસની રાહત બાદ ફરી કડકડતી ઠંડીનો અહેસાસ થતાં નગરજનો દિવસે પણ ગરમ વસ્ત્રોમાં ઢંકાયેલા રહ્યા હતા.

### કાલથી 3 દિવસ માવઠાંની આગાહી

ભાવનગર જિલ્લામાં ભરશિયાળે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. ૨૬મી ડિસેમ્બરથી ૨૮ ડિસેમ્બર દરમિયાન જિલ્લાના કેટલાક સ્થળોએ ઓછાથી મધ્યમ વરસાદની વધારે શક્યતા દર્શાવાઈ છે. જ્યારે ૨૯મી ડિસેમ્બરના રોજ હળવા વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્રણ દિવસ માવઠાંની કરવામાં આવેલી આગાહીના પગલે રવિપાકને નુકશાની થવાની સંભાવનાઓને પગલે ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે.

## ઈન્ડર ડિસ્ટ્રિક્ટ અન્ડર-14 ક્રિકેટ ટુર્નામેન્ટની બે દિવસીય ક્વાર્ટર ફાઈનલ મેચ રમાઈ

# અન્ડર-14 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાવનગર ડિસ્ટ્રીક્ટની ટીમનો સેમી ફાઈનલમાં પ્રવેશ




(એજન્સી) ભાવનગર । તા. 25

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા ઈન્ડર ડિસ્ટ્રીકટ અન્ડર-૧૪ બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવેલ છે, જેમાં આજે મંગળવારે બે દિવસીય કર્વાટર ફાઈનલ મેચમાં ભાવનગર ડિસ્ટ્રીકટની ટીમના ખેલાડીઓએ શાનદાર દેખાવ કરી જુનાગઢ ડિસ્ટ્રીકટની ટીમ સામે પ્રથમ દાવની લીડથી વિજય મેળવી સેમી ફાઈનલ મેચમાં પ્રવેશ કર્યો છે, જયારે જુનાગઢની ટીમનો પરાજય થતા ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. ભાવનગર શહેરના ભરૂચા કલબના મેદાન ખાતે ગઈકાલે સોમવારે ઈન્ડર ડિસ્ટ્રીકટ અન્ડર-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટમાં બે દિવસીય કર્વાટર ફાઈનલ મેચનો પ્રારંભ થયો હતો. ભાવનગર ડિસ્ટ્રીકટની ટીમે પ્રથમ બેટીંગ કરી ૭૩.૪ ઓવરમાં ૨૦૫ રનમાં ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી, ત્યારબાદ જુનાગઢની ટીમે બેટીંગ કરી લક્ષનો પીછો કરતા દિવસના અંતે ૨૫ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી ૫૪ રન નોંધાવ્યા હતાં. આજે મંગળવારે સવારે જુનાગઢની ટીમ ફરી બેટીંગ આવી હતી અને રમત આગળ વધારી હતી. જુનાગઢની ટીમ ૮૬ ઓવરમાં ૧૯૦ રનમાં ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી અને દિવસ પૂર્ણ થઈ ગયો હતો તેથી ભાવનગર ડિસ્ટ્રીકટ ટીમનો પ્રથમ દાવની લીડથી વિજય થયો હતો, જેમાં જુનાગઢના ખેલાડી જલ સદરાણીએ ૫૪, નિલય વસને અણનમ ૪૫ અને રૂત્વ બુટાણીએ ૩૫ રન ફટકાર્યા હતા, જયારે ભાવનગરની ટીમના બોલર અર્જુન ભલાણીએ આક્રમક બોલીંગ નાખી ૪ અને પાર્થિવ કુંચાલાએ ૩ વિકેટ ઝડપી હતી.

## શહેરમાં ફાયર સેફ્ટી રીન્યુઅલ નહીં કરાવતા 6 શાળાને નોટિસ ફટકારાઈ

ભાવનગર : રાજકોટની અગ્નીકાંડની ઘટના બાદ ફાયર સેફ્ટીના પ્રશ્ને કડક પગલા લેવા સરકારે સૂચના આપી છે, જેના પગલે ભાવનગર મહાપાલિકાના ફાયર વિભાગ દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. આજે મંગળવારે મહાપાલિકાના ફાયર વિભાગે ફાયર સેફ્ટી રીન્યુઅલના મામલે કેટલીક શાળાઓમાં તપાસ કરી હતી અને જે શાળાઓના સંચાલકોએ ફાયર સેફ્ટી રીન્યુની કામગીરી કરાવી ના હતી તેથી નોટિસ આપવામાં આવી હતી. ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીઝ વિભાગ દ્વારા ફાયર સેફ્ટી રીન્યુઅલના મામલે તપાસ કરવામાં આવી રહી છે, જેમાં ૭૦ શાળા, હોસ્પિટલ વગેરે સ્થળે તપાસ કરવામાં આવશે અને ફાયર સેફ્ટી રીન્યુઅલ નહીં કરાવી હોય તેને નોટિસ આપી ખુલાસો પુછવામાં આવશે. આજે મંગળવારે ફાયર વિભાગની ટીમે ભાવનગર શહેરની ૨૨ શાળામાં ફાયર સેફ્ટી રીન્યુઅલના મામલે તપાસ કરી હતી, જેમાં ૧૬ શાળાએ ફાયર સેફ્ટી રીન્યુઅલ કરાવી એનઓસી મેળવ્યુ હતુ, જયારે ૬ શાળાએ ફાયર સેફ્ટી રીન્યુઅલ કરાવવાની કામગીરી કરી ના હતી તેથી શાળાના સંચાલકોને નોટિસ ફટકારવામાં આવી હતી.

## વિન્ડ કંપનીના આડેધડ પાર્કિંગ થતા વાહનોના કારણે થતા અકસ્માતો

(એજન્સી) ભુજ । તા. 25

કચ્છ જિલ્લામાં વિન્ડ કંપનીઓના વાહનો રોડની બંને બાજુમાં આડેધડ પાકગ કરવાના કારણે અકસ્માતો થઈ રહ્યા છે. તેવી પશ્ચિમ કચ્છ પોલીસ અધીક્ષકને કચ્છ લડાયક સંઘે ફરિયાદ કરતાં ઉમેર્યું હતું કે હાલ જ લખપત તાલુકાના દયાપર ઘડુલી રોડ પર જે અકસ્માત થયો તેમાં બે આશાસ્પદ યુવાનો હોમાઈ ગયા અને બીજા દિવસે એક ટ્રક એ જ ઊભેલા વાહનમાં ઘૂસી ગઈ હતી.ઘણી વાર માનકુવા મૂકતાં અને ચાડી પર બંને સાઇડ તોતિંગ ટ્રેકો પાર્ક કરેલી હોય છે, ટોલગેટ થી આગળ તેમજ નખત્રાણાના અને કોટડા ગામ પહેલાં એવી ઘણી જગ્યા જે ભુજ થી લખપત અબડાસા નખત્રાણા માંડવી વગેરે વિસ્તારોમાં આ વાહનો પાર્ક કરેલા હોય અને અવર જવર થતી હોય છે.માતાનામઢ નારાયણ સરોવર રોડ જે યાત્રાળુ ઓ પ્રવાસીઓ તેમજ લિગ્નાઈટ વહન તેમજ આર્મી અને લોકલ લોકો પણ આજ રોડ પરથી પસાર થાય છે. ત્યારે આવા તોતિંગ લાંબા વાહનોને રોડ થી અમુક મીટર દૂર રાખવાના નિયમોનું કંપની ઓ અને તેના ટ્રાન્સપોર્ટરો પાલન કરતા નથી, તેને તાત્કાલિક ધોરણે આ નિયમોનું પાલન આસપાસના પોલીસ સ્ટેશને કરાવવું જોઈએ.

# EC અને BoMમાં મર્યાદિત સભ્યોની નિમણૂકથી નિમેલા સભ્યોની મનમાની

## કુલપતિના પાવરનો ઉપયોગ કરી નિયમાનુસાર કોરમ પૂર્ણ કરવું અનિવાર્ય

(એજન્સી) ભાવનગર । તા. 25

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં નવો કોમન એક્ટ અમલી થયો છે અને સર્વોચ્ચ સત્તા મંડળની ઇ.સી. અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની નવી રચનાનું પ્રવધાન હોય પરંતુ માત્ર કોરમ પુરતી જ સભ્યોની નિમણૂક થતા નિમાયેલ સભ્યોમાંથી બે વ્યક્તિ ગેરહાજર રહે તો સમગ્ર સભા રદ્દ થઈ રહી છે અને આ ઘટના ત્રણવાર બની પણ ચુકી છે ત્યારે કોરમ જો નિયમાનુસાર પૂર્ણ કરવામાં આવે તો આ બન્ને સત્તા મંડળની બેઠકો યોજાય અને યુનિ.ના મહત્વના અટકેલા પ્રશ્નોનું નિરાકરણ આવી શકે.

નવો કોમન એક્ટ લાગુ થયાને પણ ખાસ્સો સમય વીતી ગયો છે અને નવી એનઈપી પ્રમાણે એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં કુલ ૨૨ સભ્યોની નિમણૂક અને બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં કુલ ૧૮



સભ્યોનું પ્રાવધાન છે જેમાં ઇ.સી. અંતર્ગત ચાર સભ્યોની નિમણૂક સરકાર પક્ષે થવાની અને બાકીના સભ્યોની નિમણૂક કુલપતિ કક્ષાએથી કરવાની હોય છે. જ્યારે બોર્ડમાં તમામ સભ્યોની નિમણૂકની સત્તા કુલપતિને અપાઇ છે ત્યારે અઢી માસ પૂર્વે ન છુટકે સર્વોચ્ચ સત્તા મંડળની આ બન્ને બોડીમાંથી ઇ.સી.માં વી.સી. રજિસ્ટ્રાર સહિત કુલ ૮નું કોરમ પુરાયું છે. જ્યારે ૪ સભ્યો સરકારી પ્રતિનિધિને બાદ કરતા હજુ ૧૦ સભ્યોની નિમણૂક બાકી રહે છે. જ્યારે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં છ સભ્યોની નિમણૂક કરાય છે. જ્યારે ૧૨ સભ્યોની નિમણૂક બાકી છે. જે તમામની નિમણૂંકની સત્તા કુલપતિની છે. પરંતુ હાલના સંજોગોમાં માત્ર ગણ્યા ગાંઠયા સભ્યોની નિમણૂક કરાતા કોરમનો પ્રશ્ન હાલ યક્ષ બનેલ છે.

દોઢેક માસ પૂર્વે ઇ.સી.ની ૧૨૮ એજન્ડા સાથે ઇ.સી. મળી પણ ૧૦૦ મુદ્દાને લીધા બાદ ઇ.સી. એડઝોન થઇ અને ત્યારબાદ આજ સુધીમાં બેવાર તારીખ આપવા છતાં ઇ.સી. સભા કોરમના અભાવે પૂર્ણ થઇ શકી નથી અને બોર્ડની બેઠક તો મળી જ નથી. આમ યુનિવર્સિટીમાં આવી મહત્વની બેઠકો નહીં મળતા વિદ્યાર્થીલક્ષી, શિક્ષણલક્ષી અને વહિવટીલક્ષી પ્રશ્નો ઠેરના ઠેર રહેવા પામ્યા છે ત્યારે કમિટીના બાકીના ખાલી સ્થાનો નિયમાનુસાર તાકીદે ભરવામાં આવે તો કોરમ પૂર્ણ થાય અને મૃતપાય થયેલી યુનિ. માં નવા આયામોને સ્થાન મળે અને પડતર પ્રશ્નોનું નિરાકરણ પણ આવે.

### આગામી ટૂંક સમયમાં બન્ને બોડીનું કોરમ પૂર્ણ કરાશે : વી.સી.

મ.કૃ.ભાવનગર યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ૧૦ સભ્યો અને બોર્ડ ઓફ મેનેજમેન્ટના ૧૨ સભ્યોની નિમણૂક બાકી રહેવા પામી છે જેની સત્તા કુલપતિની હોય જે અંગે ઇન્ચાર્જ કુલપતિને પુછતા તેઓએ આ અધુરી નિમણૂકો આગામી ટૂંક સમયમાં પૂર્ણ કરાશે તેમ જણાવ્યું હતું.

## ટ્રીબ્યુનલના કરતાં પણ વધારે વળતરની રકમ ચુકવવા હાઇકોર્ટનો હુકમ

# અકસ્માતમાં પગ ગુમાવનારને વ્યાજ સાથે 26 લાખ ચૂકવવા વીમા કંપનીને આદેશ

(એજન્સી) ભુજ । તા. 25

અંજાર તાલુકાના રતનાલ ગામે ચાર વર્ષ પૂર્વે અકસ્માતની ઘટનામાં પગ ગુમાવી દેનાર અરજદારને વળતર પેટે રકમ મળવા અંગેના કેસમાં ટ્રીબ્યુનલ કરતાં પણ વધારે વળતરની રકમ ૯,૮૯,૭૦૦ વ્યાજ તેમજ ખર્ચ સહિત કુલે રૂપિયા ૨૬.૭૬ લાખ ચુકવી આપવા વીમા કંપનીને ગુજરાત હાઇકોર્ટે હુકમ કર્યો હતો.

રતનાલ ગામના રહેતા રણછોડ કાનજી આયર પોતાના સંબંધીઓ સાથે ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ રતનાલ ગામના



ફાટક પાસે લકઝરી બસની રાહ જોતાં ઉભા હતા. ત્યારે એક ટ્રકના ચાલકે રણછોડભાઇ તેમજ તેમના સગા સંબંધીઓને હડફેટમાં લીધા હતા. જેમાં રણછોડભાઇને પગમાં ગંભીર ઇજા થતાં પગ કાપી નાખવામાં આવ્યો હતો. જે અંગે એક્સીડન્ટ ક્લેઇમ અંતર્ગત ટ્રીબ્યુનલ સમક્ષ વળતરની રકમ મેળવવા માટે ટ્રકના ડ્રાઇવર, માલિક તેમજ વીમા કંપની ધી ન્યુ ઈન્ડીયા એશ્યોરન્સ કંપની સામે વળતરની અરજી કરી હતી. અરજદારને થયેલી કાયમી ખોડ, અંગેના પુરાવા દલીલો ગુજરાત હાઇ કોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. ટ્રીબ્યુનલે અરજદારને રહેલ કાયમી ખોડ અને દલીલો ધ્યાને લઇને વળતરના ફક્ત ૩,૦૧,૯૦૦ વ્યાજ તેમજ ખર્ચ સહિત ચુકવી આપવા વીમા કંપનીને હુકમ કર્યો હતો. આ હુકમથી નારાજ થઇને અરજદારે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વળતરની વધારે રકમ મેળવવા માટે અપીલ કરી હતી. હાઈકોર્ટે અરજદારને કાયમી ખોડ, અરજદારની આવક તેમજ ભવિષ્યની આવકની નુકશાનીની રકમ અંગે ગંભીરતા લઇને વધારાની વળતરની રકમ ૯,૮૯,૭૦૦ અરજી કર્યાની તારીખથી વ્યાજ તેમજ ખર્ચ સહિત ચુકવી આપવા વીમા કંપની સામે હુકમ કર્યો હતો. અરજદાર તરફે ભુજના એડવોકેટ રાજેશ પ્રેમજીભાઇ ઠક્કર તથા હાદક એન. જોબનપુત્રા હાજર રહ્યા હતા.

## કપડવંજ તાલુકામાં પકડાયેલા રૂા. 1.40 લાખના

# દારૂના નાશ વખતે જીઆરડી જવાન બોટલ ચોરતો વીડિયો વાઈરલ થયો

(એજન્સી) કપડવંજ । તા. 25

કપડવંજ તાલુકામાં પકડાયેલા દારૂના નાશ કરવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે આંતરસુબાનો જીઆરડી જવાન અને અન્ય એક વાહન ચાલક દારૂની બોટલ ચોરતા કેમેરામાં કેદ થઈ ગયા હતા. બાદમાં પોલીસે બંને વિરૂદ્ધ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી હતી. જો કે, આ લખાય છે ત્યાં સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી. કપડવંજ તાલુકામાં ગઈ કાલે ડુંગરા વિસ્તારમાં કપડવંજ શહેર, રૂરલ, કઠલાલ તેમજ આંતરસુબા પોલીસ સ્ટેશનમાં પકડાયેલા રૂા. ૧.૪૦



કરોડના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે ઉપરોક્ત તમામ પોલીસ સ્ટેશનોના અધિકારીઓ, કર્મચારીઓનો કાફલો તેમજ મહેસૂલ વિભાગ, ના. કલેકટર મામલતદારની હાજરીમાં દારૂનો નાશ કરાયો હતો. તે સમય દરમિયાન ફોટોગ્રાફી તેમજ વિડિયો ગ્રાફી દરમિયાન આંતરસુબા ખાતે ફરજ બજાવતો ગ્રામ રક્ષક દળનો જવાન સુનીલ ઈશ્વરભાઈ તેમજ અન્ય એક વાહન ચાલક નાશ કરાતા વિદેશી દારૂમાંથી બોટલ ચોરતા કેદ થઇ ગયા હતા. આ વીડિયો સોશિયલ મીડિયામાં પ્રસરતા પોલીસને ફરિયાદ નોંધવા કાર્યરત થવું પડયું હતું. ત્યારે આ લખાય છે ત્યાં સુધી કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ પીઆઈ રૂરલ દ્વારા આરોપીની યોગ્ય પુછપરછ કરી ફરિયાદ લખવાનું ચાલુ હોવાનું કપડવંજ ટાઉન પોલીસમાંથી જાણવા મળ્યું હતું.

## જીવદયા પ્રેમીએ ફરિયાદ નોંધાવી

# શિણાયમાં લાકડા અને પથ્થર ફટકારી શ્વાનની હત્યા કરીઃ ચાર સામે ફરિયાદ

(એજન્સી) ગાંધીધામ । તા. 25

આદિપુરમાં ચાર ઈસમોએ શ્વાનને વગર કારણે માર મારી મોતને ઘાટ ઉતારતા સંકુલમાં રોષ ફેલાયો છે. જીવદયા પ્રેમીઓએ આ ઘટનાને વખોડવા સાથે આદીપુર પોલીસ સ્ટેશનમાં ચાર ઈસમો સામે ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે. આંચકારૂપ બાબત એ છે કે, શ્વાન ભસતું હોવાના ત્રાસના કારણે ચાર શખ્સોએ હત્યા કરી હતી. આ બાબતે મળતી વિગતો મુજબ આદીપુરના વોર્ડ નં. ૧-બી પ્લોટ નં. ૧૯ ખાતે ૨૧ તારીખે સાંજે સવા સાત વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો. શીણાયના વાડી વિસ્તારમાં રહેતા આમદ બીલાલ નોડે, મહેબુબ બીલાલ નોડે, યાકુબ દાઉદ નોડે અને ઈમરાન હબીબ નોડે નામના ઈસમોએ પોતાના હાથમાં લાકડાના ધોકા અને પથ્થર ધારણ કરી ભુરા જેવા કલરના શ્વાનને કોઈ કારણ વગર ત્રાસ અને દુઃખ આપી ક્રુતાપૂર્વક લાકડાના ધોકાઓ અને પથ્થર મારી કુતરાને મારી નાખ્યો હતો.બનાવ બાબતે આદીપુર પોલીસ મથકે ફરિયાદી રાજેશભાઈ પોપટભાઈ ભીલે ચારેય ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતનાની કલમ ૩૨૫ અને પ્રાણીઓ પ્રત્યે ક્રુતા નિવારણ અધિનિયમની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## અન્ય કેટેગરી કરતા ઓછી ભરતી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો

# વિદ્યા સહાયકની જગ્યા વધારવા ટેટ-1 ઉમેદવારોના સત્યાગ્રહ છાવણીમાં ધરણાં

(એજન્સી) ગાંધીનગર । તા. 25

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે ટેટ વન પાસ ઉમેદવારો દ્વારા ધોરણ ૧ થી ૫માં શિક્ષકોની વધુ ભરતી કરવા માટે ધરણા કરવામાં આવ્યા હતા. સરકાર દ્વારા ૫૦૦૦ જેટલી ભરતી કરવાનો નિર્ણય લેવાયો છે ત્યારે આ ઉમેદવારો દ્વારા અન્ય કેટેગરી કરતા પ્રાથમિક શિક્ષણમાં ઓછા વિદ્યા સહાયકો ભરાતા હોવાની ફરિયાદ કરી છે. સમગ્ર રાજ્યના અલગ અલગ જિલ્લામાંથી આવેલા આ ઉમેદવારોએ પ્રદર્શન કર્યા બાદ મુખ્યમંત્રીને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, રાજ્યસરકાર દ્વારા હાલ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયામાં ધોરણ ૧ થી ૫માં અંદાજે ૫૦૦૦



જેટલી ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં ઉમેદવારોનું કહેવું છે કે, ધોરણ ૧ થી ૫મા હાલ ૧૬૧૮૧ જગ્યાઓ ખાલી છે. વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૩ સુધી ટેટ-૧ પાસ સૌથી ઓછી ભરતી કરવામાં આવી છે. ૨૦૧૧થી ૨૦૨૩ સુધીમાં ધોરણ ૧ થી ૫મા ૭૮૮૯ શિક્ષકની ભરતી કરાઈ છે. તેની સામે અત્યાર સુધીમાં ટેટ -૨ ધોરણ ૬ થી ૮ માટે ૫૦૯૧૨ જેટલી ભરતી કરી છે. જુના લાગેલા ફરી ફોર્મ ભરતા હોય એટલે મેરીટ ઊંચું જ રહે છે. જેના લીધે અમારે નોકરી મેળવવી અઘરી છે. આથી સમાન ન્યાય અમને પણ મળવો જોઈએ. હાલ ધોરણ ૧૧-૧૨મા ખાલી જગ્યાના ૫૦ ટકા જેટલી ભરતીની જાહેરાત કરી દીધી છે.ધોરણ ૯-૧૦મા પણ ૫૦ ટકા જેટલી ભરતી જાહેર કરવામાં આવી અને ધોરણ ૬ થી ૮મા પણ ૭૦ ટકા જેટલી ભરતી કરાઈ છે તો અમારી સાથે અન્યાય કેમ અમારી પણ ભરતી મહેકમ પ્રમાણે હાલ ખાલી જગ્યા ૧૬૮૮૧ +૧૭૯૯ નિવૃત એમ કુલ ૧૭૯૮૦નાં ૫૦ ટકા જેટલી કરી અમને પણ ન્યાય આપવા વિનંતી છે.


## ત્રણ મહિના જૂની ઘટનાનો બદલો લેવા આંચકારૂપ કૃત્ય

# શખ્સે આદિપુર પોલીસ સ્ટેશનમાં ઘૂસી પોલીસ કર્મચારીને બચકું ભરી લીધું!


(એજન્સી) ગાંધીધામ । તા. 25

આદીપુર પોલીસના કર્મચારી કનુભા ગઢવીએ સરકાર તરફે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આજથી ત્રણ મહિના પહેલા આદિપુરની ડીવાઈન લાઈફ હોસ્પિટલ ખાતે ડોક્ટરો તેમજ દર્દીઓને પરેશાન કરવા સંદર્ભે હોસ્પિટલ દ્વારા પોલીસને ફોન કરી જાણ કરાતા ફરિયાદી હોસ્પિટલ ગયા હતા અને આરોપી શિણાયના રોશન વિશ્વનાથ ઉર્ફે વિષ્ણુનાથ રાય રૂબરૂમાં સમજાવ્યો હતો કે, અહીં હોસ્પિટલમાં જોરજોરથી અવાજ ન કરવો, અન્ય દર્દીઓ પરેશાન થાય છે. જે વાતનું મનદુઃખ રાખી આરોપીએ ગત રોજ ફરિયાદીને ફોન કરી ધમકી આપી કે, તું મને કેમ હોસ્પિટલમાં દબાવતો હતો. તું પોલીસ સ્ટેશનમાં જ રહે, હું આવું છું તેમ કહી પોલીસ સ્ટેશનના તપાસ રૂમમાં આવી ફરિયાદી પોલીસ કર્મચારીને ગાળો આપી, ઝપાઝપી કરી ડાબા હાથના અંગુઠામાં બચકું ભરી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી.આરોપીએ ધમકી આપી કે, હું તારી વરદી ઉતરાવી નાખીશ અને જેલમાંથી છુટીને પુરો કરી નાખીશ. આવું કહી આરોપી પોલીસ સ્ટેશન માથી પોલીસ પર હુમલો કર્યા બાદ નાસી ગયો હતો. જે બનાવ બાદ પોલીસે જાતે ફરિયાદી બની ફરિયાદ નોંધાવી હતી.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આ સમયે ગ્રહોનું સંક્રમણ સાનુકૂળ રહેશે. સામાજિક કાર્યોમાં જોડાવાની તક મળશે. તમારા લક્ષ્ય પર કેન્દ્રિત રહેવાથી તમને વિજય મળશે.




**વૃષભ (બ,વ,ઉ)**
દિનચર્યા વ્યવસ્થિત રહેશે. ભૂતકાળના કેટલાક અનુભવોમાંથી શીખીને વર્તમાનને બહેતર બનાવવાનો પ્રયાસ કરીશું અને ઘણી હદે સફળ થઈશું.




**મિથુન (ક,છ,ઘ)**
આજે દિવસની શરૂઆતમાં ઘણી જવાબદારીઓ આવશે તમારી યોજનાઓને અમલમાં મૂકવા માટે અનુકૂળ સમય છે.




**કર્ક (ડ,હ)**
આ ખૂબ જ વ્યસ્તતા અને મહેનતનો સમય છે. કોઈપણ પારિવારિક સમસ્યાનો ઉકેલ આવશે અને ઘરનું વાતાવરણ શાંતિ અને શાંતિથી ભરેલું રહેશે. બાળકો પણ શિસ્તબદ્ધ રહેશે.




**સિંહ (મ,ટ)**
આજે કોઈ ખાસ વ્યક્તિની મદદથી કોઈ મોટી સમસ્યાનો ઉકેલ આવશે. જેના કારણે તમે તમારા અંગત કામ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો.




**કન્યા (પ,ઠ,ણ)**
જો તમે તમારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરશો તો તમને ચોક્કસપણે સકારાત્મક પરિણામ મળશે. કોઈ મહત્વપૂર્ણ મુદ્દા પર સકારાત્મક ચર્ચા પણ થશે.




**તુલા (ર,ત)**
આજે કામનું દબાણ રહેશે હું પ્રભાવશાળી લોકોને મળીશ અને તેમની સલાહ અને માર્ગદર્શન તમારા માટે આશીર્વાદરૂપ બનશે.




**વૃશ્ચિક (ન,ય)**
બીજાની વાત ધ્યાનથી સાંભળો અને મહત્વ આપો. કોઈના માર્ગદર્શનથી તમને લાંબા સમયથી ચાલી રહેલી કોઈપણ ચિંતા અને તણાવમાંથી રાહત મળશે.




**ધન (ભ,ધ,ફ)**
આજે તમે કેટલીક મૂંઝવણોમાંથી મુક્ત થવાના છો. થોડો સમય સ્વકેન્દ્રિત અને વિચારીને વિતાવો, તમને તમારા ઘણા પ્રશ્નોના જવાબ મળી જશે.



**મકર (ખ,જ)**
શ્રેષ્ઠ ગ્રહ ગોચરમાં છે. રસપ્રદ પ્રવૃત્તિઓમાં સારો સમય પસાર થશે. ઘરમાં યોગ્ય વ્યવસ્થા જાળવવાના પ્રયાસો સફળ થશે.



**કુંભ (ગ,શ,સ)**
કોઈ મૂંઝવણના કિસ્સામાં તમને કોઈ વરિષ્ઠ વ્યક્તિનો સહયોગ અને માર્ગદર્શન મળશે. દરેક કામ યોજનાબદ્ધ રીતે કરો, તમને સફળતા ચોક્કસ મળશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમારી આસપાસના લોકો સાથે તમારા સારા સંબંધો રહેશે. જો ઘરમાં કોઈપણ પ્રકારની સુધારણાની યોજના બની રહી હોય તો વાસ્તુના નિયમોનો અવશ્ય ઉપયોગ કરો.

### ભારતનો બચત દર ૩૦.૨% જયારે વૈશ્વિક સરેરાશ ૨૮.૨% : ૮૦%થી વધુ પુખ્ત વયના લોકો પાસે નાણાકીય ખાતા

# ભારતમાં બચત દર વૈશ્વિક સરેરાશ કરતા વધારે

(એજન્સી) મુંબઈ | તા 25

ભારતમાં બચતની પ્રથા વર્ષો જૂની છે. આજે પણ ભારતનો બચત દર વૈશ્વિક સરેરાશ કરતા વધારે છે. દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, ભારતનો બચત દર ૩૦.૨% છે, જે વૈશ્વિક સરેરાશ ૨૮.૨% કરતા વધારે છે. બચતની બાબતમાં ભારત ચોથા ક્રમે છે. ચીન, ઈન્ડોનેશિયા અને રશિયા ભારત કરતાં આગળ છે. ચીનનો બચત દર ૪૬.૬%, ઈન્ડોનેશિયાનો ૩૮.૧% અને રશિયાનો ૩૧.૭% છે. આ મજબૂત બચત સંસ્કૃતિ દેશમાં વધતા નાણાકીય સમાવેશને પ્રતિબિંબિત કરે છે, જ્યાં ૨૦૧૧માં માત્ર ૫૦%ની સરખામણીમાં ૮૦%થી વધુ પુખ્ત વયના લોકો પાસે હવે ઔપચારિક નાણાકીય ખાતાઓ છે. વિવિધ પગલાંને લીધે, ઘરગથ્થુ બચતની પેટર્ન પણ બદલાઈ છે, અને હવે તે નાણાકીય સાધનો તરફ વધુ ઝુકાવ દર્શાવે છે. અહેવાલ મુજબ, છેલ્લા કેટલાક વર્ષોમાં કુલ ઘરગથ્થુ બચતમાં ચોખ્ખી નાણાકીય બચતના હિસ્સામાં નોંધપાત્ર વધારો થયો છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૪માં ૩૬% હતો જે નાણાકીય વર્ષ ૨૦૨૧માં લગભગ ૫૨% થયો હતો. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૨ અને નાણાકીય વર્ષ



૨૦૨૧માં તેમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. નાણાકીય બચતમાં બેંક ડિપોઝિટ અને રોકડ જેવા પરંપરાગત વિકલ્પોનો હિસ્સો ઘટી રહ્યો છે. તે જ સમયે, મ્યુચ્યુઅલ ફંડ અને ઈક્વિટી જેવા ઉભરતા રોકાણ વિકલ્પો ઝડપથી ઘરગથ્થુ બચત માટે પસંદગીનો વિકલ્પ બની રહ્યા છે. ઉદાહરણ તરીકે, નાણાકીય વર્ષ ૨૦૧૮થી નવી સિપ નોંધણીઓ ચાર ગણી વધીને ૪.૮ કરોડ થઈ છે સાથે મ્યુચ્યુઅલ ફંડ્સ ઘરગથ્થુ બચતને ચેનલાઈઝ કરવા માટેનો નંબર વન વિકલ્પ બની ગયો છે. તે જ સમયે, 'શેર અને ડિબેન્ચર્સ'માં સ્થાનિક રોકાણ નાણાકીય વર્ષ ૨૦૧૪માં જીડીપીના ૦.૨% હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ માં વધીને ૧% થયું છે અને સ્થાનિક નાણાકીય બચતમાં ૫% યોગદાન આપી રહ્યું છે. આ દર્શાવે છે કે ઘરગથ્થુ બચત હવે દેશની મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવામાં વધુને વધુ યોગદાન આપી રહી છે. SBIના અહેવાલ મુજબ, ઉચ્ચ બજાર મૂડી (ઉચું માર્કેટ કેપ.) મજબૂત અર્થતંત્રની નિશાની છે અને રોકાણકારોના વધતા વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે, જે એકંદર આર્થિક વૃદ્ધિને વેગ આપે છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે માર્કેટ કેપિટલાઈઝેશનમાં ૧ ટકાના વધારાથી ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) વૃદ્ધિ દરમાં ૦.૬ ટકાનો વધારો થાય છે.આ સાથે, અહેવાલમાં એ પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે કે ભારતીય કંપનીઓ દ્વારા મૂડી બજારોમાંથી એકત્ર કરાયેલ ભંડોળની રકમ છેલ્લા દસ વર્ષમાં ૧૦ ગણી વધી છે. નાણાકીય વર્ષ ૨૦૧૪માં આ રકમ રૂ. ૧૨,૦૬૮ કરોડ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ (ઓક્ટોબર સુધીમાં) વધીને રૂ. ૧.૨૧ લાખ કરોડ થઈ ગઈ છે.

## ક્રૂડતેલ તથા કોપરના ભાવ ઉંચકાયા સોના-ચાંદીમાં બેતરફી વધઘટ

(એજન્સી) મુંબઈ | તા 25

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોwના-ચાંદીના ભાવ આરંભમાં ઊંચા ખુલ્યા પછી ફરી ઘટાડા પર રહ્યા હતા. વિશ્વ બજારના સમાચાર બેતરફી વધઘટ બતાવતા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૬૧૫થી ૨૬૧૬ વાળા આજે ઉંચામાં ૨૬૨૧ તથા નીચામાં ૨૬૧૦ થઈ ૨૬૧૩થી ૨૬૧૪ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ તથા યુએસ બોન્ડ યીલ્ડ ઊંચકાતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી જોવા મળી હતી, દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૫૬૪૦ વાળા રૂ.૭૫૬૫૭ થઈ રૂ.૭૫૫૭૦ રહ્યા હતા. જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૭૫૯૪૪ વાળા રૂ.૭૫૯૬૧ થઈ રૂ.૭૫૮૭૪ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ કિલોદીઠ જીએસટી વગર રૂ.૮૭૪૮૮ વાળા રૂ.૮૭૮૦૦ થઈ રૂ.૮૭૫૧૧ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશના ૨૯.૬૨થી ૨૯.૬૩ વાળા ઉંચામાં ૨૯.૭૫ તથા નીચામાં ભાવ ૨૯.૪૫ થઈ ૨૯.૪૯થી ૨૯.૫૦ ડોલર રહ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૯૯.૫૦ના રૂ.૭૮૬૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૮૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ રૂ.૮૮ હજાર રહ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ૯૩૭થી ૯૩૮ વાળા વધી ૯૪૬ થઈ ૯૪૫સ ડોલર રહ્યા હતા.

### મહિને ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં નવો રોકાણ પ્રવાહ ચાલુ રહ્યો

# 2024માં મ્યુ. ફંડ ઉદ્યોગની AUMમાં રૂ. 17 લાખ કરોડનો વધારો થયો

(એજન્સી) મુંબઈ | તા 25

શેરબજારમાં ભારે અસ્થિરતા હોવા છતાં, મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણકારોનો વિશ્વાસ અકબંધ રહ્યો છે. ૨૦૨૪ના વર્ષમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ)માં રૂ. ૧૭ લાખ કરોડનો વધારો થયો છે. બજારના નિષ્ણાતો માને છે કે મજબૂત આર્થિક વૃદ્ધિ અને બજારમાં રોકાણકારોની વધતી ભાગીદારીને કારણે ફંડ ઉદ્યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે. નવેમ્બર ૨૦૨૪માં સતત ૪૫મા મહિને ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં પ્રવાહ ચાલુ રહ્યો હતો. તે જ સમયે, સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ) દ્વારા રોકાણ સતત બીજા મહિને રૂ. ૨૫,૦૦૦ કરોડથી વધુ રહ્યું હતું. એમ્ફીના ડેટા અનુસાર, વર્ષ ૨૦૨૪માં રૂ. ૯.૧૪ લાખ કરોડનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો હતો. તેમજ રોકાણકારોની






સંખ્યામાં ૫.૬ કરોડનો જંગી વધારો થયો છે. સિપની લોકપ્રિયતા એટલી છે કે રૂ. ૨.૪ લાખ કરોડનું રોકાણ આ માર્ગ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓમાં આવ્યું હતું. આ રોકાણ સાથે, ઉદ્યોગની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) નવેમ્બરના અંત સુધીમાં વધીને રૂ. ૬૮ લાખ કરોડની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. જે ૨૦૨૩ના અંતે ૫૦.૭૮ લાખ કરોડ રૂપિયા કરતાં ૩૩ ટકા વધુ છે. એમ્ફી દ્વારા જારી કરાયેલા ડેટા અનુસાર નવેમ્બર ૨૦૨૪માં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં ૩૫,૯૪૩ કરોડ રૂપિયા, ડેટ ફંડ્સમાં ૧૨,૯૧૬ કરોડ રૂપિયા અને હાઈબ્રિડ ફંડ્સમાં ૪,૧૨૪ કરોડ રૂપિયાનું રોકાણ થયું હતું. ઓક્ટોબરમાં ઈક્વિટી ફંડમાં રૂ. ૪૧,૮૮૭ કરોડ, ડેટ ફંડમાં રૂ. ૧.૫૭ લાખ કરોડનો પ્રવાહ હતો.

## હવે એરપોર્ટ પર મળશે 10 રુપિયામાં ચા, 20 રુપિયામાં સમોસા મળશે

(એજન્સી) મુંબઈ | તા 25

નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર 'ઉડાન યાત્રી કાફે'નું લોકાર્પણ કર્યું. આ પહેલનો ઉદ્દેશ્ય હવાઈ મુસાફરીને વધુ સસ્તી બનાવવાનો છે. આ પ્રકારના કાફે મુસાફરોને તેમના બજેટમાં ભોજનની સાથે હવાઈ મુસાફરીને વધુ આરામદાયક બનાવવા માટે વધુ સારો પ્રયાસ પણ કરશે. આ કાફેમાં પાણીની બોટલ, ચા, કોફી, સમોસા અને મીઠાઈ જેવી વસ્તુઓ ખૂબ જ સસ્તા દરે મળશે. તમને જણાવી દઈએ કે, પાણીની બોટલ રૂ.10માં, ચા રૂ. 10માં, કોફી રૂ. 20માં, સમોસા રૂ. 20માં અને સ્વીટ રૂ. 20માં મળશે. નાગરિક ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે, એરપોર્ટ પર સસ્તા અને ગુણવત્તાયુક્ત ભોજન-નાસ્તાની આ સુવિધા સામાન્ય મુસાફરોના અનુભવને સુધારવાના અમારા પ્રયાસોનો એક ભાગ છે. આ દરમિયાન મંત્રીએ કહ્યું કે દરેક ભારતીય માટે હવાઈ મુસાફરી સરળ અને આરામદાયક બનાવવાનું તેમનું મિશન છે. તેમણે કહ્યું કે ઉડાન યાત્રી કાફે માત્ર ફૂડ આઉટલેટ નથી, પરંતુ




તે મુસાફરીને લોકપ્રિય બનાવવાની દિશામાં એક મોટી પહેલ છે. તેમણે વધુમાં કહ્યું કે અમે એ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે દરેક મુસાફરને કોઈપણ ભેદભાવ વિના વધુ સારી સેવાઓ મળે અને વિશેષ અનુભવ થાય. મંત્રીએ વધુમાં કહ્યું કે, હવે હવાઈ મુસાફરી માત્ર અમુક વર્ગના લોકો સુધી સીમિત નહીં રહે. તેના બદલે, આ એક એવો પ્રયાસ છે જે સુનિશ્ચિત કરશે કે સામાન્ય માણસ પણ તેની પહોંચમાં હવાઈ મુસાફરી કરી શકે અને આ અનુભવનો આનંદ માણી શકે. ઉડાન યાત્રી કાફેને દેશના અન્ય મોટા એરપોર્ટ પર વિસ્તરણ કરવાની યોજના છે. આ પહેલને ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં પરિવર્તનકારી પગલું ગણાવતા, નાગરિક ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે અમારો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે દરેક નાગરિક ભારતની ઉડ્ડયનનો ભાગ બને અને તેને ગૌરવ સાથે ઉજવે.

## ઈન્ડો ફાર્મ ઈક્વિપમેન્ટ લિમિટેડ: મંગળવાર, 31 ડિસેમ્બર, 2024ના રોજ આઈપીઓ ખુલશે

(એજન્સી) મુંબઈ | તા 25

ઈન્ડો ફાર્મ ઈક્વિપમેન્ટ લિમિટેડ ('કંપની') એ મંગળવાર, તારીખ 31 ડિસેમ્બર, 2024ના રોજ 10 રૂપિયાની ફેસ વેલ્યુના 12,100,000 ઈક્વિટી શેરની પ્રારંભિક જાહેર ઓફર ('ઈક્વિટી શેર્સ') લાવવાની દરખાસ્ત કરી છે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગની તારીખ એ બિડ/ઓફર ખોલવાની તારીખથી કામકાજના એક દિવસ અગાઉ એટલે કે સોમવાર, 30 ડિસેમ્બર, 2024 છે. બિડ/ઓફરની બંધ થવાની તારીખ ગુરુવાર, 2 જાન્યુઆરી, 2025 છે.

ઑફરની પ્રાઈસ બેન્ડ 204 રૂપિયા પ્રતિ ઈક્વિટી શેરથી 215 પ્રતિ રૂપિયા પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવી છે. ઓછામાં ઓછા 69 ઈક્વિટી શેર અને ત્યારબાદ 69 ઈક્વિટી શેરના ગુણાંક માટે બિડ કરી શકાય છે.

પ્રારંભિક જાહેર ઓફરમાં 8,600,000 સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યુ અને રણબીર સિંહ ખડવાલિયા ('પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર') દ્વારા 3,500,000




સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફરનો સમાવેશ થાય છે. આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, 1957 ના નિયમ 19(2)(બી)ના સંદર્ભમાં, સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન 31 સાથે વાંચવામાં આવતા, સુધારેલા ('એસસીઆરઆર') મુજબ બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે. જે સેબી આઈસીડીઆર રેગ્યુલેશનના રેગ્યુલેશન 6(1) ના અનુપાલન સાથે અને બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા હશે. જેમાં લાયકાત ધરાવતા સંસ્થાકીય ખરીદદારો ('ક્યુઆઈબી', 'ક્યુઆઈબી હિસ્સો')ને ઓફરના 50 ટકાથી વધુ હિસ્સો ફાળવવામાં આવશે નહીં, એવી શરતે કે અમારી કંપની અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર, બીઆરએલએમ સાથે પરામર્શ કરીને, સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ ('એન્કર ઈન્વેસ્ટર પોર્શન') અનુસાર વિવેકાધીન ધોરણે એન્કર રોકાણકારોને ક્યુઆઈબી હિસ્સાના 60 ટકા સુધી ફાળવી શકે છે. જેમાંથી એક તૃતીયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રહેશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ તરફથી એન્કર ઈન્વેસ્ટરને ફાળવણીની કિંમત અથવા તેનાથી ઉપર પ્રાપ્ત થતી માન્ય બિડને આધીન હશે. એન્કર ઈન્વેસ્ટરના હિસ્સામાં સબસ્ક્રિપ્શન અથવા બિન-ફાળવણીના કિસ્સામાં બેલેન્સ ઈક્વિટી શેર નેટ ક્યુઆઈબી હિસ્સામાં ઉમેરવામાં આવશે.

## રેઝરપે વર્ષના અંત પહેલા જ તેના કર્મચારીઓને નવા વર્ષની ભેટ આપી

(એજન્સી) મુંબઈ | તા 25

Razorpay એ વર્ષના અંત પહેલા જ તેના કર્મચારીઓને નવા વર્ષની ભેટ આપી હતી. ફિનટેક યુનિકોર્ન રેઝરપેએ તેના 3,000 થી વધુ કર્મચારીઓને રૂ. 1 લાખનું ESOP આપવાની જાહેરાત કરી છે. કુલ ESOP મૂલ્ય રૂ. 30 કરોડથી વધુ છે. આજ સુધી તમે ઘણી કંપનીઓ વિશે સાંભળ્યું હશે કે અમુક XYZ કંપનીએ તેના કર્મચારીઓને લાખો રૂપિયાની ભેટ આપી હતી. પરંતુ શું તમે સાંભળ્યું છે કે કોઈ કંપની ખુશીથી તેના કર્મચારીઓને લાખો રૂપિયાનું બોનસ આપે છે? હા, Razorpay એ વર્ષના અંત પહેલા જ તેના કર્મચારીઓને નવા વર્ષની ભેટ આપી હતી. કંપનીના 10 વર્ષ પૂર્ણ થવા પર આ ભેટ આપવામાં આવી છે. ફિનટેક યુનિકોર્ન રેઝરપેએ તેના 3,000 થી વધુ કર્મચારીઓને રૂ. 1 લાખનું ESOP આપવાની જાહેરાત કરી છે. કુલ ESOP મૂલ્ય રૂ. 30 કરોડથી વધુ છે. બે વર્ષ પહેલાં, રેઝરપેએ 650 કર્મચારીઓ માટે $75 મિલિયન ESOP બાયબેકનું આયોજન કર્યું હતું. હવે આ ભેટ ESOP એટલે કે કંપનીના તમામ કર્મચારીઓ માટે છે. કર્મચારીઓને થોડા સમય પછી આ મળે છે અને પછી તેઓ તેમની પાસેથી પૈસા કમાઈ શકે છે. રેઝરપે 100 માંથી 80 યુનિકોર્ન કંપનીઓ માટે ચૂકવણીની પ્રક્રિયા કરે છે. તેનો ઉદ્દેશ્ય વ્યવસાયને સરળ બનાવવાનો છે. Razorpay કહે છે કે ESOP આપીને કર્મચારીઓની મહેનતને ઓળખવામાં આવે છે. આ કંપનીની દ્રષ્ટિ અને તેના કર્મચારીઓમાં વિશ્વાસ દર્શાવે છે. રેઝરપે 2025 સુધીમાં તેનું હેડક્વાર્ટર ભારતમાં શિફ્ટ કરશે. 2027-28 સુધીમાં શેરબજારમાં લિસ્ટેડ થવાની યોજના છે. તેની વાર્ષિક ચૂકવણી 180 અબજ ડોલર છે.

## ભ્રષ્ટાચારના કેસમાં SEBI વડા માધબી પુરી બુચ અને મહુઆ મોઈત્રાને સુનાવણીમાં હાજર થવા અપાયો આદેશ

(એજન્સી) મુંબઈ | તા 25

ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થા લોકપાલે ભ્રષ્ટાચારના કેસમાં કથિત આરોપી માર્કેટ રેગ્યુલેટર સેબીના વડા માધબી પુરી બુચ અને ફરિયાદી તૃણમુલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા સહિત અન્યને મૌખિક સુનાવણી માટે આગામી મહિને 28 જાન્યુઆરીએ બોલાવ્યા છે. હિન્ડબર્ગ રિસર્ચના રિપોર્ટના પગલે માધબી પુરી બુચ પર મહુઆ મોઈત્રા સહિત અન્ય બે ફરિયાદીઓએ ગેરરીતિ અને ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો હતો. આ મામલે લોકપાલે આઠ નવેમ્બરે બુચ પાસે સ્પષ્ટીકરણ માંગ્યુ હતું. માર્કેટ રેગ્યુલેટરના વડા બુચને ચાર સપ્તાહની અંદર જવાબ આપવા આદેશ આપ્યો હતો. આ મામલે સુનાવણી કરતાં લોકપાલ બેન્ચે જણાવ્યું હતું કે, 'આરપીએસ (જવાબ આપનાર જાહેર સેવક- માધબી પુરી બુચ)એ 7 ડિસેમ્બર, 2024ના રોજ શપથ પત્ર મારફત જવાબ આપ્યો હતો. જેમાં પ્રારંભિક




મુદ્દાઓની સાથે સાથે આરોપ-વાર સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે. લોકપાલ અધ્યક્ષ જજ એ.એમ ખાનવિલકર અને પાંચ અન્ય સભ્યો દ્વારા હસ્તાક્ષરિત 19 ડિસેમ્બરના આદેશ અનુસાર, આરપીએસની સાથે સાથે ફરિયાદીઓને પણ મૌખિક સુનાવણીની તક આપવામાં આવી શકે છે. ફરિયાદીઓ અથવા સોગંદનામામાં પોતાનો પક્ષ સ્પષ્ટ કરી શકે છે. સેબીના વડા બૂચ અને ફરિયાદીઓ જો કોઈપણ અહેવાલમાં લેવામાં આવેલા નિર્ણયો પર આધાર કે પુરાવા રજૂ કરવા માંગતા હોય તો તેઓએ આવા નિર્ણયોનું સંકલન આગામી સુનાવણી 28 જાન્યુઆરી, 2025 પહેલાં 18 જાન્યુઆરી, 2025 સુધીમાં રજૂ કરવાનું રહેશે. ત્યારબાદ રજૂ કરી શકાશે નહીં.' હિન્ડનબર્ગના રિપોર્ટમાં અદાણી જૂથના શેર્સમાં ગેરરીતિ થઈ હોવાના આરોપમાં સેબીના વડા માધબી પુરી બુચ અને તેમના પતિની પણ સંડોવણી હોવાનો આરોપ મૂકાયો હતો.

## ગ્રીવ્ઝ ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

(એજન્સી) અમદાવાદ| તા. 25

એમ્પિયર, એલ્ટ્રા અને એલે ઈલિક્ટ્રિક દ્વિચક્રી વાહનો (E-2W)ના ઉત્પાદક ગ્રીવ્ઝ ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડે શેરબજારના નિયમનકાર સેબી સમક્ષ ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) માટે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ફાઈલ કર્યું છે. કંપની બીટુસી અને બીટુબી ગ્રાહકો માટે પેસેન્જર અને માલવહન માટેના દ્વિચક્રી અને ત્રિચક્રી વાહનોની સમગ્ર શ્રેણી પૂરી પાડે છે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ પ્રમાણે ઈનિશિયલ પબ્લિક ઓફરિંગમાં કુલ રૂ. 1000 કરોડ સુધીના ફ્રેશ ઈશ્યુ અને શેર વેચતા શેરધારકોના 18,93,98,200 ઈક્વિટી શેર (18.9 કરોડ શેર)ની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. ઓફર ફોર સેલના વિભાગમાં પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર ગ્રીવ્ઝ કોટન લિમિટેડ 5.1 કરોડ શેર અને ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર અબ્દુલ લતીફ જમીલ ગ્રીન મોબિલિટી સોલ્યુશન્સ ડીએમસીસી 13,83,98,200 ઈક્વિટી શેર (13.8 કરોડ શેર)નું વેચાણ કરશે. કંપની બૂક રનિંગ લીડ મેનજેર્સ (બીઆરએલએમ) સાથે પરામર્શ પછી રેડ હેરિંગ પ્રોસ્પક્ટસ ફાઈલ કરતા પહેલા કુલ રૂ. 200 કરોડ સુધીનું પ્રિ-આઈપીઓ પ્લેસમેન્ટ લાવી શકે છે. પ્રિ-આઈપીઓ પ્લેસમેન્ટ થાય તો ફ્રેશ ઈશ્યુનું કદ પ્રિ-આઈપીઓ પ્લેસમેન્ટ પછી બાકી રહેલી રકમ પૂરતું રહેશે. જીઈએમએલનો વ્હિકલ પોર્ટફોલિયો વિવિધ પ્રકારના ગ્રાહકોના વર્ગની જરૂરિયાતો સંતોષે છે. તેમાં બીટુબી અને બીટુસીમાં હાઈ-સ્પીડ ઈ-સ્કૂટર્સ, સિટી સ્પીડ ઈ-સ્કૂટર્સ અને લો-સ્પીડ ઈ-સ્કૂટર્સ તેમજ ત્રિચક્રી વાહનો (3Ws)ની તમામ શ્રેણીઓના ત્રિચક્રી વાહનો સમાવેશ થાય છે.

## ઓલા ઈલેક્ટ્રિકે દેશમાં 4,000 સ્ટોર્સ સુધી વિસ્તરણ સાથે ઈવી ક્રાંતિને વેગ આપ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 25

ભારતની સૌથી મોટી પ્યોર-પ્લે ઈવી કંપની ઓલા ઈલેક્ટ્રીકે આજે દેશભરમાં તેના નેટવર્કનું વિસ્તરણ કરી તેને 4,000 સ્ટોર્સ સુધી કરવાની જાહેરાત કરી છે, જે વર્તમાન નેટવર્કથી ચાર ગણો વધારો છે. ઈવી ક્ષેત્રે વિશ્વના સૌથી નોંધપાત્ર વિસ્તરણમાંની એક, દેશમાં પહોંચ, વૃદ્ધિ અને સ્વિકૃતિને પ્રોત્સાહન આપતા, ઓલા ઈલેક્ટ્રિક આ ક્ષેત્રમાં તેના નેતૃત્વને મજબૂત બનાવ્યું છે. સર્વિસ સુવિધાઓ સાથેના 3,200થી વધુ નવા સ્ટોર્સની શરૂઆત સાથે, કંપની સમગ્ર ભારતમાં લગભગ દરેક નગર અને તાલુકામાં ટિયર-1 અને ટિયર-2 શહેરોની બહાર ગાઢ પ્રવેશ કરીને મોટા પાયે ઈવી અપનાવવા માટે પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ વિસ્તરણ સાથે, ઓલા ઈલેક્ટ્રિકે તેના ★SavingsWalaScooter ઝુંબેશ હેઠળ તેનું વચન પૂર્ણ કર્યું છે. ઓલા ઈલેક્ટ્રિકના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ભાવિશ અગ્રવાલે જણાવ્યું, "અમે વચન આપ્યું હતું, અને હવે અમે તેને પૂર્ણ કર્યું છે! અમે દરેક શહેર, નગર અને તાલુકામાં અમારૂ નેટવર્ક વિસ્તરણ કર્યું



હોવાથી ભારતની ઈવી સફરમાં આજનો દિવસ મહત્વપૂર્ણ રીતે એક સીમાચિહ્નરૂપ બની ગયો છે. અમારા નવા શરૂ કરવામાં આવેલા સ્ટોર્સ સર્વિસ સેન્ટર્સ સાથેના છે, અમે અમારી ★SavingsWalaScooter ઝુંબેશ સાથે નવા ધોરણો સ્થાપિત કરીને ઈવી ખરીદી અને માલિકી અનુભવને સંપૂર્ણપણે નવું રૂપ આપ્યું છે. જેમ જેમ અમે આગળ વધી રહ્યાં છીએ, અમે નવીનતાની સીમાઓને આગળ વધારવા અને ★EndICEAge તરફ દેશની યાત્રાને વેગ આપવા માટે પ્રતિબદ્ધ છીએ.' નેટવર્કના વ્યાપક વિસ્તરણને ચિહ્નિત કરતાં, ઓલા ઈલેક્ટ્રિકે એસ1 પોર્ટફોલિયો પર 25,000 સુધીના લાભો સાથે આકર્ષક ઑફર્સ રજૂ કરી છે, જે ફક્ત 25 ડિસેમ્બર, 2024ના રોજ ઉપલબ્ધ છે. ગ્રાહકો તેમના નજીકના નવા શરૂ કરવામાં આવેલા ઓલા સ્ટોરની મુલાકાત લઈ શકે છે અને એસ1 એક્સ પોર્ટફોલિયો પર 7,000 સુધીનું ફ્લેટ ડિસ્કાઉન્ટ મેળવી શકે છે. આ ઉપરાંત, ગ્રાહકો 18,000 સુધીના વધારાના લાભો મેળવી શકે છે, જેમાં પસંદગીના ક્રેડિટ કાર્ડ સરળ માસિક હપ્તા પરના 5,000 અને 6,000ના મૂલ્યના MoveOS લાભોનો સમાવેશ થાય છે. ઓલા એસ1 પ્રો સોના, વાસ્તવિક 24-કેરેટ ગોલ્ડ પ્લેટેડ એલિમેન્ટ્સ સાથે વિશાળ નેટવર્ક વિસ્તરણને ચિહ્નિત કરવા માટે લોન્ચ કરવામાં આવ્યું છે, જે પ્રીમિયમ લિમિટેડ-એડીશન સ્કૂટરને ઘરે લઈ જવા માટે ★OlaSonaContestમાં સક્રિયપણે ભાગ લઈ રહેલા ગ્રાહકો સાથે ઓલા સ્ટોર્સમાં મોટી સંખ્યામાં લોકો આકર્ષાયા છે. ઓલા ઈલેક્ટ્રીકના ઈનોવેશનના શિખરનું પ્રતિનિધિત્વ કરતા - કાર્યક્ષમતા સાથે વૈભવ્યને જોડતા, ઓલા સોના ઈમર્સિવ 'સોના મૂડ' સાથે આવે છે, જે પ્રીમિયમ રાઈડિંગ અનુભવ, ઓલા એપ માટે ગોલ્ડ થીમ આધારિત ઈન્ટરફેસ અને કસ્ટમાઈઝ્ડ MoveOS ડેશબોર્ડ આપે છે. ડેશબોર્ડ વપરાશકર્તાઓને રાઈડ મોડ્સ અને સેટિંગ્સને વ્યક્તિગત કરવાની સુવિધા આપે છે.

### ઈન્ડિગોથી નવેમ્બરમાં 1 કરોડ મુસાફરોએ ટ્રાવેલ કર્યું

# એરલાઈનની માર્કેટ અને હિસ્સેદારીમાં 63.6%ની સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી

(એજન્સી) મુંબઈ | તા 25

ભારતના એવિએશન રેગ્યુલેટર ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ જણાવ્યું કે, નવેમ્બર 2024માં ભારતીય સ્થાનિક ઉડ્ડયનના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી વધુ ટ્રાફિક જોવા મળશે. આ વૃદ્ધિએ એરપોર્ટ અને એરલાઈન્સ બંનેને અસર કરી. દિલ્હી એરપોર્ટનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ મહિનો નોંધાયો છે. આ સિવાય મિન્ટના એક રિપોર્ટ અનુસાર નવેમ્બર મહિનામાં ત્રણ એરલાઈન્સે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે.એક મહિનામાં 10 મિલિયન અથવા 1 કરોડથી વધુ મુસાફરોને સુવિધા આપનારી ઈન્ડિગો ભારતની પ્રથમ એરલાઈન બની છે. તેમાંથી 9.07 મિલિયન એટલે કે 90.7 લાખ સ્થાનિક મુસાફરો હતા, જ્યારે બાકીના આંતરરાષ્ટ્રીય મુસાફરો હતા. 18 વર્ષ પહેલા તેની શરૂઆત પછી એરલાઈન માટે આ સૌથી વધુ ડોમેસ્ટિક પેસેન્જર નંબર છે. ઓક્ટોબર 2024માં એરલાઈન્સે 8.64 મિલિયન મુસાફરો અને ડિસેમ્બર 2023માં 8.52 મિલિયન મુસાફરોના તેના અગાઉના રેકોર્ડને વટાવી દીધો હતો. એરલાઈન ડિસેમ્બર 2024માં વધુ એક રેકોર્ડ બનાવી શકે છે.

### ઈન્ડિગોનો બજાર હિસ્સો નવેમ્બરમાં 63.6%ના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો

ઈન્ડિગોનો બજાર હિસ્સો પણ નવેમ્બરમાં વધીને 63.6%ના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયો છે. જ્યારે એર ઈન્ડિયાએ નવેમ્બરમાં 3.47 મિલિયન મુસાફરોને વહન કર્યું છે, જેમાં તેની પેટાકંપની એર ઈન્ડિયા એક્સપ્રેસનો પણ સમાવેશ થાય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, માગશર વદ-11

# ટેક્સ વ્યવસ્થાને સરળ બનાવવાની જરૂર




હાલમાં જીએસટી કાઉન્સિલની બેઠકમાં જીએસટીના સરળીકરણ અને રાહત સંબંધી કેટલાય મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા. નાના બાકીદારોને રાહત આપવામાં આવી. હવે લોન શરતોનું પાલન નહીં કરવા પર લોનદાતાઓ દ્વારા જે દંડ કરવામાં આવશે એના પર કોઈ જીએસટી નહીં લાગે. ખાસ પ્રકારના ફોર્ટિફાઇડ ચોખા પર જીએસટી ઘટાડવામાં આવ્યો છે. કેન્સરની જીન થેરપીને કરમુક્ત કરવામાં આવી છે. સાથે જ જૂના વાહનોના વેચાણ પર કરનો દર ૧૮ ટકા કરી દેવાયો છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે સરકારે આવકવેરા અધિનિયમ સરળ બનાવવા માટે મુખ્ય આવકવેરા કમિશનર વી.કે. ગુપ્તાની અધ્યક્ષતામાં એક સમિતિ રચી છે. આ સમિતિ કર રાહતોને તર્કસંગત બનાવવા, કર ગણનાની પદ્ધતિનું સ્તર વધારીને તેને વિશ્વસ્તરીય બનાવવા અને અપીલ કરવાની વ્યવસ્થામાં જટિલતા ઓછી કરવા સંબંધી સુધારા પર ઝડપથી કામ કરી રહી છે. સમિતિના રિપોર્ટના આધાર પર નવા આવકવેરા વિધેયકનો મુસદ્દો તૈયાર કરવામાં આવશે. વાસ્તવમાં આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની લગભગ ૯૦ કલમો અપ્રાસંગિક થઈ ચૂકી છે. આ કલમો વિશેષ આર્થિક ક્ષેત્ર, દૂરસંચાર, પૂંજીગત લાભ સહિત કર છૂટ અને કપાત જેવા મામલે કારગત નથી રહી. તેમાં સુધાર થવાથી કાનૂની જટિલતાઓ અને કેસબાજીમાં ઘણો ઘટાડો થશે અને કર કપાત પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શી બનશે. છેલ્લા એક દાયકામાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કરોમાં સુધારાની ચાલ તેજ થઈ છે. તેનાથી દેશની અર્થવ્યવસ્થાને મજબૂતી મળી છે. દેશમાં અંગ્રેજોએ ૧૯૨૨માં આવકવેરાની શરૂઆત કરી હતી. આઝાદી બાદ વર્ષ ૧૯૬૧માં આવકવેરા અધિનિયમ લાગુ કરવામાં આવ્યો, પરંતુ તેમાં અમલ સંબંધી જટિલતાઓ રહેવાથી વિભિન્ન રાહતો અને છૂટોને કારણે કર અનુપાલનમાં મુશ્કેલીઓ પણ વધતી ગઈ. જોકે આ ખામીઓને દૂર કરવા માટે પ્રયાસ તો કરાતા રહ્યા, પરંતુ છેલ્લા એક દાયકાથી આવકવેરા કાયદામાં જે મહત્ત્વના સુધારા કરવામાં આવ્યા છે, તેનાથી કરદાતાઓને સુવિધા મળવાની સાથે તેમની સંખ્યા વધારવામાં પણ મદદ મળી છે. તેમાં દેશભરમાં કરદાતાઓ માટે લાગુ ફેસલેસ અપીલ વ્યવસ્થા, ટેક્સપેયર ચાર્ટર અને ફેસલેસ એસેસમેન્ટ જેવા મોટા આવકવેરા સુધારા મુખ્ય છે. તે ઉપરાંત નોન ફાઈલર્સ મોનિટરિંગ સિસ્ટમ દ્વારા એ લોકોની ઓળખ કરવામાં આવે છે, જેમને હાઈવેલ્યુ ટ્રાન્ઝેક્શન કર્યું છે, પરંતુ આવકવેરા રિટર્ન દાખલ નથી કર્યું. તેને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં આવકવેરા સંગ્રહમાં લગભગ ૧૮૨ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આવકવેરા સંગ્રહ લગભગ ચાર ગણો વધીને ૧૦.૪૫ લાખ કરોડ રૂપિયા રહ્યો. હાલના નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પાછલા વર્ષથી વધુ આવકવેરા રિટર્ન અને કર પ્રાપ્તિની સંભાવના દેખાઈ રહી છે. આવકવેરા સંબંધી સુધારાથી જે રીતે કરદાતાઓની સંખ્યા અને કર રાશિમાં ઝડપથી વધારો થયો છે, એ જ રીતે જીએસટી લાગુ થવાથી અપ્રત્યક્ષ કરોમાં પણ થયો છે.

# દેડીયાપાડા નેત્રંગ હાઇવે પર ટ્રક એસટી બસને અથડાતા ચાલક અને આઠ મુસાફરોને ઇજા



બારડોલી ડેપોની એસટી બસ મુસાફરો ને લઇ જતી હતી ત્યારે ઘટના બની...

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા નેત્રંગ માર્ગ ઉપર પૂરપાટ જતી ટ્રક એ મુસાફરો ભરી જતી એસટી બસ સાથે અકસ્માત કરતા ડ્રાઈવર સહિત મુસાફરો ને ઈજાઓ થઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સંજયભાઇ સોમાભાઇ નાયકા હાલ રહે,બારડોલી એસ.ટી ડેપો તા.બારડોલી જી.સુરત મુળ રહે. બુધલેશ્વર મંદિર ફળીયું તા.મહુવા જી.સુરત નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ દેડીયાપાડા નેત્રંગ હાઈવે રોડ ઉપર પોતાના કબજાની બસ કઈ ને જતા હતા ત્યારે હાઈવા ટ્રક GJ-16-AW-1380 ની પુર ઝડપે હંકારી લાવી તેમની એસ.ટી.બસ નં.GJ-18-Z- 5073 ની સાથે સામેથી એક્સિડન્ટ કરતા બસ ચાલક ને જમણા પગે નળાના ભાગે સામાન્ય ઈજા પોહચાડી તથા બસમાં બેસેલ આંઠ જેટલા પેસેન્જરોને ઈજા પહોંચાડી તથા પોતાને શરીરે ઓછી વધતી ઈજા પહોંચાડી ગુનો કરતા દેડિયાપાડા પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે.

# બ્રહ્મ સમાજ આયોજિત સ્નેહમિલન સમારંભ કાર્યક્રમ વડોદરા ખાતે 28 ડિસેમ્બરના રોજ યોજાશે

કમલેશ પટેલ | સંખેડા

સમસ્ત બ્રહ્મ સમાજ આયોજિત ને સ્નેહ મિલન સમારંભ. વડોદરા ખાતે કૈલાશ પાર્ટી પ્લોટ, આજવા રોડ વડોદરા માં તારીખ 28/ 12/ 2024 ને શનિ વાર ના રોજ સાંજે છ કલાકે યોજવામાં આવેલ છે આ કાર્યક્રમમાં યુવક યુવતીઓ નું પસંદગી મેળાવડો, ધોરણ 10 અને 12 માં તેજસ્વી તારલાઓ નો સન્માન કાર્યક્રમ ઉપરાંત વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલા નવ યુવાનો ને પણ સન્માન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે આ કાર્યક્રમમાં વિશિષ્ટ ઉપસ્થિતિ ગાર્ગી બેન પંડિત રહેવાના છે, જેઓ વધુ સનાતન સંસ્થા જોડાયેલ છે તેઓના આશીર્વચન નોં લાભ બ્રહ્મ બંધુઓ લેશે. આ કાર્યક્રમના અંતે સમૂહ બ્રહ્મ ભોજન બાદ કાર્યક્રમ નું સમાપન થશે.

## અરવલ્લી મોડાસા નગરપાલિકાના ખાતે નવા સિટી સિવિક સેન્ટરનું

# CM ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ઇ - લોકાર્પણ કરાયું

રાકેશ મહેતા | ધનસુરા

૨૫ ડિસેમ્બર ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપેયીજીની જયંતિને સમગ્ર દેશમાં 'સુશાસન દિવસ' તરીકે મનાવવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન અંતર્ગત રાજ્યમાં 34 સીટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું.જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના મોડાસા નગરપાલિકા વિસ્તારમાં સીટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું.શહેરી વિસ્તારોમાં, શહેરની વસ્તીની માંગને પહોંચી વળવા સંબંધિત શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવે છે અને તેનું સંચાલન કરવામાં આવે છે.જેમાં નગરપાલિકાઓમાં



મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારની વિશેષ ઉપસ્થિતિમાં અરવલ્લીના મોડાસા ખાતે નાગરિકોની સુવિધા માટે સીટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું

શહેરીકરણમાં ઝડપી વૃદ્ધિને કારણે નગરના રહેવાસીઓની સુવિધા માટે તથા શહેરોની ઉભી થયેલી માંગને પહોંચી વળવા માટે નગરપાલિકા વિસ્તારોમાં સિટી સિવિક સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.સિટી સિવિક સેન્ટર એ સુનિશ્ચિત કરશે કે તમામ મ્યુનિસિપલ સેવાઓ એક જ જગ્યાએથી નાગરિકો માટે ઉપલબ્ધ થાય. નગરપાલિકાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓ જેવી કે મિલકત વેરો, વ્યવસાયિક કર, જન્મ/મૃત્યુનું પ્રમાણપત્ર, ગુમસ્તાધારા નોંધણી, આરોગ્ય લાઈસન્સ, હોકર્સ લાયસન્સ, હોલ બુકિંગ, ટેક્સ વિભાગની અરજીની સ્વીકૃતિ, સ્વિમિંગ પૂલ અને જિમ્નેશિયમ ફી અને અન્ય, જે વિવિધ સિટી સિવિક સેન્ટરમાં ઓનલાઈન તેમજ રૂબરૂ રીતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આમ, તે નાગરિકો માટે વન સ્ટોપ શોપ તરીકે કામ કરશે. તે સુનિશ્ચિત કરવામાં આવશે કે નાગરિકોના વિવિધ પ્રશ્નોના નિરાકરણમાં ઓછામાં ઓછો સમયગાળો લેવામાં આવશે. અને તમામ સુવિધાઓ મળશે. પ્રસંગે માનનીય મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારની વિશેષ ઉપસ્થિતિમાં અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સિટી સિવિક સેન્ટરના તક્તી અનાવરણ કરી સેન્ટરને નાગરિકો માટે ખુલ્લો મુક્યો હતો. ઉપરાંત સેન્ટરની મુલાકાત લઇ ઉપલબ્ધ સુવિધાઓ અંગે અવગત થયા હતા. કાર્યક્રમમાં નગર પાલિકા પ્રમુખશ્રી નીરજ શેઠ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી ભદ્રેશ પટેલ તેમજ નગરપાલિકાના વિવિધ પદાધિકારીશ્રીઓ, અન્ય અધિકારીઓ-કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં નગરજનો હાજર રહયા હતા.

# કુંવરખાડી ગામના નાળા પાસે બાઇકને ઈકો કારે ટક્કર મારતા 1 વ્યક્તિનું મોત

ભરત શાહ | નર્મદા




નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના કુંવરખાડી ગામના નાળા પાસે બાઈક ને ઈકો એ અથાડતા એક નું મોત નિપજ્યું હતું. મળતી વિગતો અનુસાર મંગલસિંગ ઈન્દ્રસિંગ વલવી. રહે. જાંબીપાણી. તા.અક્કલકુવા, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તથા મરનાર યોગેશ ગીરધર વસાવે, રહે.રાજની.તા.અક્કલકુવા જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર રાજ્ય) નાઓ દેવમોગરા ખાતે સ્પ્લેન્ડર પ્રો.મોટર સાઈકલ નં.GJ-19-AE- 6365ની ઉપર જતા હતા હતા તે દરમ્યાન કુંવરખાડી ગામની સ્કુલ પાસેના નાળાથી ઉપર ઢાળ ચઢતાં ડાબી તરફના વળાંક પાસે ઈકો ગાડી નંબર GJ-16- CH-4328 ના ચાલક એ પોતાના કબજામાની ઈકો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી લાવી સામેથી આવતી તેમની મો.સા.ને ટક્કર મારી દેતાં બાઈક પર સવાર બંને મો.સા. સાથે રોડની સાઈડમાં ફેકાઈ જતા મંગલસિહ ને જમણા પગમાં ફેકચરની કરી તથા છાતીના ભાગે ઈજા પહોંચાડી તથા

યોગેશ ગીરધર વસાવે ને ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી પોતાના કબજામાની ઈકો ગાડી નંબર GJ-16- CH- 4328 લઈ નાસી જઈ ગુનો કરતા સાગબારા પોલીસે ઈકો ના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# દંપતીની ફોર વ્હીલ ગાડીમાં પંકચર પડતા ગાડીમાંથી મોબાઈલની ચોરી

ભરત શાહ | નર્મદા

દેડિયાપાડા તાલુકાના નાની બળવાણ ગામ નજીક થી પંચર પડેલી ફોર વ્હીલ ગાડી માંથી મોબાઈલ ચોરી થતા ફરિયાદ નોંધાઈ છે. રજનીકાંત જશુભાઇ પંડયા એ આપેલી ફરિયાદ મુજબ તેઓ તથા સાવિત્રીબેન ખોપી ગામે મરણ પ્રસંગમા જવા સારૂ પોતાની ફોવ્હીલ ગાડી લઈ જતા હતા તે વખતે નાનીબેડવાણ થી પીપરવટી ગામ તરફ જવાના રસ્તા ઉપર નાનીબેડવાણ ત્રણ રસ્તા પાસે ફોર વ્હિલ ગાડીનુ પંચર પડતા બાલકિષ્નભાઈ પંચર બનાવી પરત આવતા તે સમયે કોઇ અજાણ્યો ચોર ઈસમે ફોર વ્હીલ ગાડીમા મુકેલ સેમસંગનો મોબાઈલ ચોરી કરી લઈ જતા દેડિયાપાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સાગબારા પ્રોહી.ના ગુનાના ભાગેડુ આરોપીને ઝડપી પાડતી LCB ટીમ નર્મદા

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે નાઓએ જીલ્લાના તમામ પો.સ્ટે. વિસ્તારમાં દાખલ થયેલ નાસતા ફરતા આરોપીઓને હ્યુમન સોર્સ અને ટેક્નીકલ ઈન્ટેલીજન્સથી શોધી કાઢવા પરીણામલક્ષી કામગીરી કરવા કડક સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આર.જી ચૌધરી પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી નર્મદાનાઓએ એલ.સી.બી. ટીમને ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સ આધારે ચોક્કસ બાતમી હકીકત મેળવી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા સારૂ સુચન આપતા, બાતમી મળેક કે સાગબારા પો.સ્ટે પ્રોહી. ના ગુનાના કામે નાસતો ફરતો મીતેશ ઉર્ફે મિતુલ નવીનભાઈ ચૌધરી રહે.બડતાલ તા. માંડવી જી.સુરત નાને સુરત જીલ્લાના ઘંટોલી ખાતે હોય તેવી બાતમી મળતા એલસીબી ટીમ ઘંટોલી ગામ ખાતે જઈ આ આરોપી ને પકડી પાડી કાયદેસર કાર્યવાહી સારુ સાગબારા પોલીસ સ્ટેશન સોપવામાં આવેલ છે.

# છેલ્લા 25 દિવસથી જામ ખંભાળીયામાં સરકારી હોસ્પિટલમાં ઓપરેશન બંધ, દર્દીઓને હાલાકી

(એજન્સી) જામ ખંભાળીયા | તા.25

છેલ્લા 25 દિવસથી જામ ખંભાળીયાની સરકારી હોસ્પિટલમાં ઓર્થોપેડીકના ઓપરેશનો બંધ છે. આઈઆઈ ટીવી મશીન ખરાબ થતા હાડકાના ઓપરેશન માટે આવતા દર્દીઓ મુશ્કેલીમાં મુકાયા છે. એક માસ વિતવા આવ્યો છતા હોસ્પિટલ તંત્ર દ્વારા રિપેરિંગ નથી કરાવાયું. હાડકાના મેજર ઓપરેશન બંધ હોવા છતા હોસ્પિટલ તંત્રનું પેટનું પાણી પણ નથી હલતું. ઓર્થોપેડીક ઓપરેશન માટેનું જરૂરી મશીન ખરાબ હોવાથી દર્દીઓની હાલત દયનિય બની છે. હાડકાના મેજર ઓપરેશન માટે પ્રાઈવેટ હોસ્પિટલમાં જવા દર્દીઓ મજબુર.

# 31 ડિસેમ્બરને લઈ સરકાર એક્શન મોડમાં

## દારૂ તથા નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી અને સેવનને રોકવા ગૃહ ખાતામાંથી આદેશ આપવામાં આવ્યા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



ગુજરાત રાજ્યમાં પ્રોહિબિશન કાયદાને વધુ મજબૂત કરવા માટે ગૃહ મંત્રી હર્ષ સંઘવી ની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજાઇ હતી જેમાં લેવાયેલા નિર્ણય અનુસાર રાજ્યભરમાં જિલ્લા પોલીસ વડાઓને આગામી દિવસોમાં નવા વર્ષની ઉજવણી ને ધ્યાને રાખીને દારૂ તથા નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી અને સેવનને રોકવા માટે સઘન અભિયાન ચલાવવાના આદેશ આપવામાં આવ્યા છે. આ પ્રોહિબિશન ડ્રાઈવ ૩૧ ડિસેમ્બર સુધી ચાલશે અને દરેક સ્ટેશનને રોજિંદા કામગીરી ના રિપોર્ટ સબમિટ કરવા ફરજીયાત કરાયા છે. કડક કાર્યવાહી માટે માર્ગદર્શિકા સઘન નાકાબંધી અને પેટ્રોલિંગ પડોશી રાજ્યો ના માર્ગો પર કડક ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. ખાસ કરીને દારૂના મુખ્ય પ્રવેશમાર્ગો પર હાલમાં જ રૂ. ૯૯ લાખનો દારૂ કબજે કરાયો હતો જે ડીજીપી ના આદેશ બાદની પ્રથમ મોટી કાર્યવાહી હતી કડક કાર્યવાહી માટે નાકાબંધી અને પેટ્રોલિંગ પડોશી રાજ્યો ના માર્ગો પર ૩૧ ડિસેમ્બર સુધીના આ અભિયાન હેઠળ દરેક જિલ્લામાં દારૂ નાર્કોટિક્સ અને અન્ય અનિયમિત પ્રવૃત્તિઓના નિયંત્રિત કરવા નિર્ધારિત સત્રો રાખવામાં આવશે પોલીસ ને પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન પકડાયેલા મુદ્દામાલ અને કાર્યવાહી નો દૈનિક રિપોર્ટ મથક પર મોકલવાનું ફરિજયાત કરાયું છે. થટીફસર્ટ પર ખાસ નજર દર વર્ષની જેમ આ વર્ષ પણ નવા વર્ષની ઉજવણી દરમિયાન દારૂની હેરાફેરી ના કિસ્સાઓ વધી શકે છે. તેથી આ વખતે પોલીસે એડવાન્સ રણનીતિ અપનાવી છે. સમગ્ર રાજ્યમાં દારૂના પ્રવેશ માર્ગો પર ખાસ પેટ્રોલિંગ વધારવામાં આવશે રાજ્યમાં શાંતિ જાળવવાનો પ્રયાસ ગૃહ મંત્રાલયના આદેશ મુજબ પ્રોહિબિશન ડ્રાઈવ મહત્વપૂર્ણ છે. નાગરિકોને દારૂના દુષણથી મુક્ત અને સલામત માહોલ પૂરો પાડવા સરકારનું આ અભિયાન નને સફળ બનાવવાની મજબૂત તૈયારી પણ છે.

# 14લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

## બાલાસીનોર ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલતી એલ.સી.બી. મહીસાગર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક શ્રી આર.વી.અસારી સાહેબ તથા મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી જયદીપસિંહ જાડેજા સાહેબનાઓએ આપેલ સુચના અને માર્ગદર્શન મુજબ એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.કે.ખાંટ સાહેબનાઓએ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવેલ તથા મિલકત સંબંધી બનેલ વણશોધાયેલ ગુનાઓ શોધવા તથા બનતા અટકાવવા સારૂ ખાનગી બાતમીદારો રોકેલ અને હ્યુમન સોર્સ તથા ટેકનિકલ સોર્સની મદદ લીધેલ.

બાલાસીનોર ટાઉન પો.સ્ટે. વિસ્તારમાં આવેલ સરવરીયા ગામે દસ દિવસ પહેલા રાત્રીના સમયે મોબાઈલની દુકાન તોડી તેમાંથી અલગ અલગ કંપનીના મોબાઈલ કુલ નંગ- ૫૧ ફોન જેની કિં રૂ. ૧૪,૨૪,૯૪૯/- ચોરાયેલનો બનાવ બનેલ જે અનુસંધાને પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.કે. ખાંટ સાહેબ નાઓને મળેલ ચોક્કસ માહીતી તેમજ ટેકનિકલ સર્વેલન્સના આધારે રૂ.૧૪,૨૪,૯૪૯/-ની કિંમતના મોબાઈલ ફોન તથા ચોરી માટે ઉપયોગમાં લીધેલ મારૂતી ઝેન ગાડી તથા બે મોબાઈલ મળી કુલ રૂ. ૧૫,૦૪,૯૪૯/- ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડેલ અને બાલાસીનોર ટાઉન પો.સ્ટે.ના ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતા મળેલ છે.

આરોપીઓએ પંચમહાલ, મહીસાગર, ખેડા તેમજ અરવલ્લી જિલ્લામાં પણ ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.



**પકડાયેલ આરોપીઓના નામ**

(૧) ફિરોજ S/O મોહમંદ રફીક ભિસ્તી રહે, શિગલ ફળીયા, મીમ મસ્જીદ પાસે, ગોધરા તા. ગોધરા જી- પંચમહાલ

(૨) સાદીક S/O મોહમંદ રફીક ભિસ્તી રહે, શિગલ ફળીયા, મીમ મસ્જીદ પાસે, ગોધરા તા. ગોધરા જી- પંચમહાલ



# વઘઈ રોડ પર લોંખડનાં સળિયાથી ભરેલ લોડીંગ ટ્રક માર્ગમાં ફસાઈ જતા કલાકો સુધી વાહન વ્યવહાર ઠપ્પ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવાથી વઘઈને જોડતા રાજયધોરી માર્ગ પર મંગળવારે બપોરે એક લોડીંગ ટ્રક ફસાઈ જવાના કારણે ઘોઘલી ઘાટ પાસે લાંબો ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.મળતી માહિતી મુજબ લોખંડના સળિયાનો જથ્થો ભરેલ આ લોડીંગ ટ્રક રિવર્સ લેતી વખતે રસ્તા વચ્ચે ફસાઈ ગયો હતો.આ ઘટનાને પગલે આહવા અને વઘઈ વચ્ચેનો વાહન વ્યવહાર કલાકો સુધી ઠપ્પ થઈ ગયો હતો.આ બનાવની જાણ ડાંગ ટ્રાફિક પોલીસને થતા તુરંત જ ઘટના સ્થળે પહોંચીને વાહન હટાવવાની કામગીરી શરૂ કરી હતી.અહી ડાંગ ટ્રાફિક પોલીસની ટીમે ઘણા સમયની જહેમત લીધા બાદ ટ્રક હટાવવા માટે સફળતા મળી હતી.બાદમાં ટ્રક સાઈડમાં ખસેડી લેવામાં આવતા ટ્રાફિક પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો.

આ ઘટનાને પગલે આ રૂટ પર મુસાફરી કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.આહવા-વઘઈ માર્ગમાં ટ્રાફિક જામના કારણે લોકોને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવામાં મોડુ થતા અકળાયા હતા.પરંતુ પોલીસની ટીમે જહેમત ઉઠાવતા માર્ગ ખુલી જતા અંતે વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

# રાજપીપળા નગરપાલિકા હસ્તક નવા જન સુવિધા કેન્દ્રનું CMના હસ્તે ઈ.લોકાર્પણ

## ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ, પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ સહિત સદસ્યોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું

ભરત શાહ | નર્મદા

રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય ની નગરપાલિકા ની સાથે સાથે રાજપીપળા નગરપાલિકા ને પણ સિટી સિવીક સેન્ટર એટલે કે જન સુવિધા કેન્દ્ર ની ખાસ ભેટ આપી છે, જેમાં પાલિકા હસ્તક ચાલતા જન સેવા કેન્દ્ર તો ત્યાં કાર્યરત રહેશે જ પરંતુ એક અલાયદું જનસેવા કેન્દ્ર ફાળવી આપ્યું છે જેના કારણે અરજદારો ને સારી સવલત મળી રહેશે.

રાજપીપળા નગરપાલિકા હસ્તક તારીખ.25.12.3024 ના રોજ ખુલ્લા મુકાયેલા જન સેવા કેન્દ્ર કે જે કોલેજ સામે આવેલી પંચવટી સોસાયટી માં આજરોજ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ, પાલિકા સદસ્યો માં અમીષા બેન બી વસાવા, વિરેન્દ્રસિંહ ગોહિલ, પાર્થભાઈ જોશી, કિંજલ બેન તડવી, પ્રજ્ઞેશ રામી ની ઉપસ્થિતિ માં સીએમ ભૂપેન્દ્ર પટેલ ના હસ્તે ઈ.લોકાર્પણ કરી ખુલ્લું મૂકવામાં આવ્યું.



આજના લોકાર્પણ ટાણે કેટલાક લાભાર્થીઓ ને દાખલ કાઢી ધારાસભ્ય ડૉ.દેશમુખ સહિત પાલિકા સદસ્યો ના હસ્તે અરજદારો ને આપવામાં આવ્યા હતા.અને આ અલાયદા જન સુવિધા કેન્દ્ર ની શુભ શરૂઆત થતા સ્થાનિક લોકો તેમજ અન્ય લાભાર્થીઓમાં ખુશી વ્યાપી હતી.




# નર્મદા જિલ્લાના ડેડિયાપાડાની શ્રીમતી શારદા દેવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનો વાર્ષિક કાર્યક્રમ યોજાયો

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકામાં આવેલી શ્રીમતી શારદા દેવી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલે તેમના શૈક્ષણિક સત્રના વાર્ષિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ચીફ ગેસ્ટ તરીકે નર્મદા જિલ્લાના ટ્રાઈબલ ડેવલપમેન્ટ ઓફિસર એમ. આર. વસાવા, આર. ડી. મહેતા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ શાળાના આચાર્ય, શૈક્ષણિક સ્ટાફ, વાલીઓ અને ગામના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત મંગળાચરણ સાથે કરવામાં આવી હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા જેમાં ડાન્સ, નાટક, ભજન અને મનોરંજક પ્રવૃત્તિઓ થી સર્વે ને મંત્રમુગ્ધ કરી દીધા.

ચીફ ગેસ્ટ એમ. આર. વસાવાએ તેમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ સાથે સંસ્કાર અને સમાજ. સેવાનો મૂલ્ય અપનાવવા માટે પ્રોત્સાહન આપ્યું. સાથે સાથે શાળાના શિક્ષણના સ્તર અને સિદ્ધિઓની પ્રશંસા કરી હતી. આ વાર્ષિક કાર્યક્રમ શાળાની શૈક્ષણિક અને સાંસ્કૃતિક સિદ્ધિઓનું પ્રતિક છે અને આવી ઉજવણીઓ થી વિદ્યાર્થીઓને નવી પ્રેરણા મળી છે.


# તમારા ચહેરાને ચમકાવવા માટે આ રીતે કરો લીંબુનો ઉપયોગ



લીંબુમાં વિટામિન સી અને એન્ટી-ઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેથી જ તેને એકંદર આરોગ્ય માટે પાવરહાઉસ કહેવામાં આવે છે. તે ત્વચા માટે પણ ખૂબ અસરકારક સાબિત થાય છે. જો તમે તમારા ચહેરાને નિખારવા માટે લીંબુનો ઉપયોગ કરી રહ્યા છો, તો તમારે પહેલા તે જાણવું જોઈએ કે તેનો ઉપયોગ કરવાની સાચી રીત શું છે. તાજા લીંબુનો રસ નિચોવો અને સીધા ડાર્ક સ્પોટ્સ પર લગાવો. આ પદ્ધતિ સમય જતાં પિગમેન્ટેશન ઘટાડવામાં મદદ કરે છે, ત્વચાને ચમકદાર બનાવે છે. જો તમે તમારા ચહેરાને સાફ કરવા માટે ઘરે ફેસ સ્ક્રબર બનાવવા માંગો છો, તો લીંબુનો રસ લો અને તેમાં ખાંડ મિક્સ કરો. આનાથી તમારા ચહેરાને સ્ક્રબ કરો. આનાથી ચહેરા પરથી મૃત કોષો દૂર થશે, ચહેરો ચમકદાર દેખાશે અને નિખાર પણ આવશે. મધ અને લીંબુ મિક્સ કરીને ચહેરા પર માસ્કની જેમ લગાવો. મધ ચહેરાને હાઈડ્રેશન આપે છે અને લીંબુ ચહેરાને નિખારવામાં મદદ કરે છે. તેનાથી ત્વચા નરમ અને ચમકદાર દેખાય છે. દહીંમાં લીંબુ મિક્સ કરીને ચહેરા પર માસ્કની જેમ લગાવો. દહીં ત્વચાને મોઈશ્ચરાઇઝ કરશે, જ્યારે લીંબુ ત્વચાનો ટોન સુધારશે. હળદરમાં લીંબુનો રસ મિક્સ કરીને લગાવો. તેનાથી ચહેરા પર રાહત મળશે જે બળતરાને



કારણે લાલ થઈ રહ્યો છે. લાલાશથી છુટકારો મળશે. જો તમે ઈચ્છો છો કે તમારા ચહેરા પર હંમેશા ચમક રહે તો આજથી જ લીંબુ પાણી પીવાનું શરૂ કરી દો. આ તમારા શરીરને ડિટોક્સ કરશે અને તમારા ચહેરાને ચમકશે. જો તમે તમારા ચહેરા પર લીંબુ લગાવ્યા પછી બહાર જતા હોવ તો તમારા ચહેરા પર સનસ્ક્રીન ચોક્કસ લગાવો. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ (NIH) દ્વારા કરવામાં આવેલા અભ્યાસો પુષ્ટિ કરે છે કે લીંબુમાં હાજર વિટામિન સી ત્વચાના રંગને ઘટાડવામાં અને ત્વચાને ચમકદાર બનાવવામાં મદદ કરી શકે છે.



# શિયાળામાં વધારે ફાટવા લાગે સ્કિન તો અજમાવો આ ઘરેલુ નુસખા

**શિયાળો શરૂ થાય એટલે ત્વચામાં ડ્રાઇનેસની સમસ્યા વધી જાય છે. શિયાળામાં ઠંડી થવાના કારણે ત્વચા મોઈશ્ચર ગુમાવે છે અને જેના કારણે ત્વચા ફાટવા લાગે છે. ફાટેલી ત્વચા બેજાન દેખાય છે. ડ્રાય અને ફાટેલી સ્કીનને ઝડપથી રીપેર કરવી હોય તો કેટલા ઘરેલુ ઉપાય અજમાવી શકાય છે. શિયાળામાં ત્વચાની માવજત માટે અલગ અલગ પ્રકારના મોઈશ્ચરાઈઝર ક્રીમ અને લોશન મળતા હોય છે. પરંતુ કેટલાક લોકોની ત્વચા એટલી ડ્રાય હોય છે કે આ વસ્તુઓ ઝડપથી અસર કરતી નથી. તમારી સાથે પણ આવું થતું હોય તો આજે તમને કેટલીક અસરકારક ઘરેલુ વસ્તુઓ વિશે જણાવીએ જેને ત્વચા પર અપ્લાય કરવાથી તુરંત જ રીઝલ્ટ મળે છે.**



## નાળિયેરનું તેલ

ત્વચાની સંભાળ માટે નાળિયેરનું તેલ બેસ્ટ છે. નાળિયેરનું તેલ ત્વચાની ડ્રાયનેસ દૂર કરે છે અને ત્વચાને પોષણ આપી મુલાયમ બનાવે છે. રાત્રે સુતા પહેલા નાળિયેરના તેલને થોડું ગરમ કરી તેને ફાટેલી સ્કીન પર અપ્લાય કરી 5 મિનિટમાં મસાજ કરો. નિયમિત આ રીતે મસાજ કરશો તો શિયાળામાં ત્વચા ડ્રાય નહીં થાય અને ફાટશે પણ નહીં.

## દેશી ઘી

**શિયાળામાં ફાટેલી સ્કીનથી છુટકારો મેળવવા માટે દેશી ઘીનો ઉપયોગ કરી શકાય છે. દેશી ઘીમાં હેલ્ધી ફેટ ભરપૂર માત્રામાં હોય છે જે ત્વચાને પોષણ આપે છે તેના માટે રાત્રે સુતા પહેલા ઘીને થોડું ગરમ કરીને ત્વચા પર અપ્લાય કરી માલિશ કરો.**



## ગ્લિસરીન

ગ્લિસરીન ત્વચાને મોઈશ્ચરાઈઝ કરવાની સાથે રીપેર પણ કરે છે. જે લોકોને એક્ઝિમાની તકલીફ હોય તેમના માટે પણ ગ્લિસરીન ઉપયોગી છે. ગ્લિસરીનમાં સમાન માત્રામાં ગુલાબજળ મિક્સ કરીને રાત્રે સુતા પહેલા આ મિશ્રણને ચહેરા પર અપ્લાય કરો.





## એલોવેરા


એલોવેરા જેલ પણ મોઈશ્ચરાઈઝિંગ ગુણ ધરાવે છે અને ત્વચાની સમસ્યાને દૂર કરે છે. શિયાળામાં ત્વચા વધારે ડ્રાય રહેતી હોય તો રાત્રે સુતા પહેલા ચહેરા પર એલોવેરા જેલ અપ્લાય કરો.

# રાત્રે ઊંઘ નથી આવતી?

## ઊંઘની ગુણવત્તા સુધારવા માટે આ યોગાસનો કરો



બિઝી લાઈફસ્ટાઈલના કારણે આજકાલ રાત્રે ઊંઘ ન આવવાની સમસ્યા સામાન્ય બની ગઈ છે. ઘણા લોકો રાત્રે પડખા ફરતા રહે છે પરંતુ તેઓ શાંતિથી સૂઈ શકતા નથી. તમે તમારી લાઈફસ્ટાઈલ બદલીને અને કેટલાક સરળ યોગાસનો કરીને તમારી ઊંઘની ગુણવત્તા સુધારી શકો છો. આજની ફાસ્ટ જતી લાઈફમાં તણાવ અને ચિંતાને કારણે ઊંઘ ન આવવાની સમસ્યા સામાન્ય બની ગઈ છે. ઘણા લોકો આખી રાત ઉછળતા રહે છે, પરંતુ ઊંડી અને શાંતિપૂર્ણ ઊંઘ મેળવવામાં અસમર્થ હોય છે. સારી ઊંઘ માત્ર આપણા સ્વાસ્થ્યને જ અસર કરતી નથી પરંતુ તે માનસિક શાંતિ અને ઉર્જા માટે પણ ખૂબ જ જરૂરી છે.



**વિપરીત કરની |** આ આસન શરીરમાંથી થાક દૂર કરે છે અને રક્ત પરિભ્રમણને સુધારે છે. આ માટે તમારે દિવાલ પાસે સૂવું પડશે અને તમારા પગને ઉપરની તરફ સીધા રાખવા પડશે. પછી તમારા હાથ શરીરની બાજુમાં રાખો અને ઊંડો શ્વાસ લો. આવું 5-10 મિનિટ સુધી કરો. આ તમારી ઊંઘને નોંધપાત્ર રીતે સુધારી શકે છે.

**શવાસન |** આ આસન તમારી ઊંઘ સુધારવામાં પણ મદદ કરી શકે છે. આ સરળ ટ્રીકથી તમારા શરીર અને મનને આરામ મળી શકે છે. આ આસન કરવા માટે સૌથી પહેલા તમારી પીઠ પર સૂઈ જાઓ અને તમારા હાથ અને પગને ઢીલા છોડી દો. આ પછી તમારી આંખો બંધ કરો અને ઊંડો શ્વાસ લો. આ આસન 5-10 મિનિટ કરો.

**સુપ્ત બદ્ધકોણાસન |** આ આસન કરવાથી શરીરને આરામ મળે છે અને માનસિક શાંતિ પણ પ્રાપ્ત થાય છે. આ માટે તમારી પીઠ પર સૂઈ જાઓ અને તમારા પગને બટરફ્લાયની જેમ ફેલાવો. તમારી હથેળીઓને જમીન પર મૂકો અને ઊંડો શ્વાસ લો. આવું 3-5 મિનિટ કરો.

**અનુલોમ-વિલોમ પ્રાણાયામ |** આ એક પ્રકારનો પ્રાણાયામ છે જે મનને શાંત કરે છે અને સારી ઊંઘ લાવવામાં મદદ કરે છે. આ કરવું પણ ખૂબ જ સરળ છે. આ માટે તમારે માત્ર આરામદાયક સ્થિતિમાં બેસીને એક નસકોરું બંધ કરીને બીજા નસકોરામાંથી શ્વાસ લેવાનું રહેશે. પછી તેને બદલતા રહો. આ 5-7 મિનિટ માટે આ કરવું જોઈએ.





# અમને ધન સંપત્તિ સાથે લેવાદેવા નથી જોઈએ અમારો કૃષ્ણ સુખ દુઃખ નો એકમાત્ર સાથી....

“લાઈફ ઈઝ જર્ની” આ સ્લાઈન મને ખૂબ પસંદ છે આ ત્રણ શબ્દ માં “આઈ લવ યુ” જેવો મેજિક સમાયેલો છે. જ્યારે લાઈફ ની એક ખાસ જર્ની હોય છે એજ રીતે શહેર નો પણ એક પ્રવાસ હોય છે.જ્યારે ગોપીઓ કહે છે કે “વ્રજ વાહલું રે વૈકુંઠ નહિ આવું” ત્યારે ભગવાન એની પ્રિય ગોપીઓ ને પૂછે છે સખીઓ, કેમ આમ બોલો છો? ત્યારે ગોપીઓ કહે છે ભગવાન ને કે ત્યાં વૈકુંઠ માં આપ લક્ષ્મીજી સાથે બિરાજો છો એટલે લક્ષ્મીપતિ છો ત્યાં આપનો મોભો વૈભવ વૈકુંઠાધિપતી નો છે અમ ગોકુળની સામન્ય ગોવાલણ માટે તો વ્રજપતી જ અમારા અમારે લક્ષ્મીપતિ સાથે બરાબરી નથી કરવી. અમને ધન સંપત્તિ સાથે લેવાદેવા નથી જોઈએ અમારો કૃષ્ણ સુખ દુઃખ નો એકમાત્ર સાથી.માન્યતા અનુસાર ગોપીઓનો પ્રેમભાવ ભગવાન ના હદય નો ધબકાર હોવાથી, ભગવાન નો વ્રજ માં કાયમી નિવાસ હોય છે.



**વૃંદાવનના પ્રવાસે**

**- રુપાલી દવે**

એકવાર મથુરા માં ભગવાન ના પગમાં કાંટો વાગ્યો, વૈદ્ય રાજ એ કેટકેટલા ઉપાય કર્યા પણ નીકળતો નહતો.રાણીઓ એ પતિના પગ માંથી કાંટો નીકળી જાય એ માટે કુળદેવી ની માનતાઓ માની છતાંય કાંટો નીકળ્યો નહિ. અંતે વૈદ્યરાજ એ ઉપાય કીધો કે ભગવાન ના પગ નો કાંટો કાઢવો હોય તો એક ઉપાય છે જે વ્યક્તિ ને ભગવાન શ્રી કૃષ્ણ પ્રિય હોય એ વ્યક્તિ પોતાના પગની રજ ભગવાન ના પગ માં લગાડવા આપે. મથુરા માં એકપણ વ્યક્તિ એવી નહતી જેં ભગવાન ના પગનો કાંટો કાઢવા સક્ષમ. એવું નહતું કે કોઈ ભગવાન ને પ્રેમ નહતું કરતું પરંતુ એવું માનતા હતા કે પગની રજ ભગવાન ના ચરણો માં ધરાવતા કોટી કોટી પાપ લાગશે તો.વૈદ્યરાજ પાસે ઉપાય તો હતો પણ એ વિવશ હતા ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ રક્ષકોને કહિયું કે વ્રજ માં મારી ગોપીઓને જઈને બધો વૃતાંત કહો.જ્યારે ગોપીઓ એ રક્ષકો મુખેથી ભગવાન શ્રી કૃષ્ણ ના પગમાં કાંટા ની અસહ્ય વેદના વિશે સાંભળ્યું ત્યારે ક્ષણ ની રાહ જોયા વગર પોતપોતાના પગ ની રજ રક્ષકો ને આપી દીધી.

મહાભારત ના યુદ્ધ બાદ ભગવાન શ્રી કૃષ્ણ પૃથ્વી પરથી અંતર્ધ્યાન થયા ત્યારે દ્વારિકા સાથે સમગ્ર યાદવકુળ ને દરિયામાં ડુબાડી દીધા હતા. તો પ્રશ્ન થાય કે ભગવાન શ્રી કૃષ્ણ નું પ્રિય વ્રજ નું શું થયું હશે? વ્રજ એ ભગવાન નું હદય છે ને વ્રજમાં ભગવાન શ્રી કૃષ્ણ ની સમગ્ર લીલા એ એમની માયા નો સાક્ષાત પરિચય સમજો. અસુર રાજાઓના સતત આક્રમણના લીધે ભગવાન શ્રી કૃષ્ણ એ મથુરા છોડ્યું ને દ્વારિકા પ્રસ્થાન કર્યું ત્યારે જ ભગવાન શ્રી કૃષ્ણ એ વ્રજની માયા ને પોતાના હદયમાં સમાવી લીધી હતી. આનો અર્થ એ નથી કે વર્તમાન માં સ્થાપિત વૃંદાવન માં ભગવાન ક્યારેય નહતા વસ્યા. ભગવાન શ્રી કૃષ્ણ વૃંદાવન માં જ વસ્યા હતા પરંતુ એણે મથુરા છોડ્યું ત્યારે વૃંદાવન મથુરા માત્ર ભગવાનની સ્મૃતિ સમાન બન્યું હતું. દ્વારકાથી ક્યારેય વૃંદાવન મથુરા પરત આવ્યા જ નથી આ કારણોસર ગોપીઓ “વ્રજ વાલુ રે વૈકુંઠ નહિ આવું કહે છે”..યુગોથી વૃંદાવન એ ભગવાન શ્રી કૃષ્ણ ની રાધાજી પ્રેમલીલા અને ગોપીઓ સાથે ની રાસલીલા નું જીવંત સ્થાન માનવામાં આવ્યું છે.


વર્તમાન સમયમાં વૃંદાવન માં નિધિ મંદિર ના સ્થાન કે જે રાધા કૃષ્ણ અને ગોપીઓના પ્રેમના પ્રતિક સમાન છે એને પણ બંદરો ના ભયને સામે દર્શાવી ને કેદખાના જેવું



બનાવી નાખ્યું છે,લગભગ વીસ વર્ષ પહેલાં નિધિવન ના ગયા હતા ત્યારે મે પ્રત્યેક્ષ મુક્ત નિધિ વન ના દર્શન કર્યા ત્યારે મારું મન ખુશ ખુશાલ થઈ ગયું હતું.ત્યારે પણ બંદર નો ત્રાસ આટલો બધો જ હતો.પરંતુ વૃંદાવન માં બંદર ના હોય એવું શક્ય જ નથી કેમકે ભગવાન શ્રી કૃષ્ણ ના પ્રિય મિત્રો ગોપ બાળકો સાથે બંદર પણ હતા. કહેવાય છે કે બંદરો ભગવાન ની પ્રત્યેક લીલાના મુખ્ય સાક્ષી છે. દૂર દૂર થી આવતા યાત્રાળુઓ માટે નિધિ વન ને ખુલ્લું મૂકવું જોઈએ જેથી મંદિરો સાથે વન નું દર્શન પણ થઈ શકે. નિધિ વન માં મંદિર ના દર્શન મુખ્ય છે પરંતુ યુગોથી દિવસે તુલસી અને રાત્રે ગોપીઓ બનતા તુલસીના વૃક્ષો ના દર્શન પણ એટલા જ જરૂરી છે. આ દ્રશ્ય નિહાળતા મને ગોપીઓ ના હદય ની ભાવના “વ્રજ વાહલુ રે વૈકુંઠ નહિ આવું “ સાચી લાગે છે. ભગવાન શ્રી કૃષ્ણ એ ગોપીઓની ઈચ્છા પૂરી કરવા દ્વારિકા જતા પહેલા વૃંદાવન ની માયા સમેટી લીધી હતી.

બાંકે બિહારી મંદિરની અધધધ ભીડ શાના કારણે વધે છે અને ત્યાં ગર્ભ ગૃહ માં દર્શન માં આટલો બધો સમય શું કામ લાગે છે? એ ત્યાં રૂબરૂ જતા સમજાયું.નાનકડી સાંકડી ગલીઓ કે જેમાં લાઈન બંધ પેંડા વાળાની દુકાનો,ફૂલ માળા,પૂજા ને લગતા સમાન ની દુકાનો છે.આ પ્રકાર ની દુકાનો ત્યાં શરૂઆત ની ગલીથી લઈને મંદિર સુધી ની છે.જો મૂળ મંદિર સાંકડી ગલીનો વ્યાપ વધી જશે તો દૂર દૂરથી ખાસ બાંકે બિહારીના દર્શન એ આવતા યાત્રાળુ ને દર્શન માં વિના કારણ સમય અને પરિશ્રમ પરેશાની થશે નહિ. પચાસ માણસો એકઠા થયા તો પણ દર્શન માં સમય લાગશે તો વિચારો પાંચસો હજાર લોકો એકઠા થતા હશે ત્યારે ત્યાંનું દ્રશ્ય શું થતું હશે? મંદિર પ્રસાશન અને ત્યાંની સરકારે ના ધ્યાન માં કેમ આવ્યું નહિ હોય.ત્યાંની સરકાર એ “ગુજરાત ની કુછ દિન ગુજારો ગુજરાત મે” ની જેમ યુ.પી સરકારે ત્યાંના યાત્રા સ્થળ ની આસપાસ વિકાસ ના કર્યો કરીને વિકસાવવાની જરૂર છે.પ્રાચીન કાળ ની વસ્તી ની સરખામણી માં વર્તમાન સમયમાં વસ્તી વધારો અધધધ વધ્યો છે.ભારતીય હિન્દુ સંસ્કૃતિ માં ધાર્મિક સ્થળો પરત્વે મમત્વ અને આસ્થા વર્તમાન ભારતીય સમાજ માં બરકરાર છે. યાત્રા સ્થળ ની આજુબાજુ ની સાંકડી જગ્યા વિસ્તારવાની જરૂર છે. વૃંદાવન જાવ ત્યારે પ્રથમ ત્યાંનું વાહન વ્યવસ્થા વિશે અને ટાઈમ મેનેજમેન્ટ નું અગાઉ થી સેટિંગ કરી ને જજો. પ્રેમ મંદિર અને હરે રામ હરે કૃષ્ણ મંદિર ની સુ વ્યવસ્થિત વ્યવસ્થા ને લીધે દર્શન માં ખાસ સમસ્યા થશે નહિ.વૃંદાવન ની પાવન પવિત્ર ભૂમિ ના ૨૫ વર્ષ પહેલાં થયેલ અત્યંત સારા અનુભવો થી વૃંદાવન ના પ્રવાસ થી ખુશ હતી ત્યારે કણકણ માં કૃષ્ણ તત્વ નો સ્પર્શતો હતો. વાંદરાઓને ત્યાંના લોકો મુખ્ય સમસ્યા કહેતા હતા પરંતુ નિર્દોષ પ્રાણીઓ કરતા ત્યાંનું સખત લૂંટ માનસ મને મુખ્ય સમસ્યા લાગી.

જ્યારે અમે વૃંદાવન ધામમાં પ્રવેશ્યા ત્યારે પ્રથમ અનુભવ કડવો થયો.વૃંદાવન ની બજાર અંદર પ્રવેશવા ના બદલે ગુરુદેવ નીમ કરોલી બાબા ના આશ્રમ નો ટુંકો રસ્તો હાઈ વે થી છે.પ્રાઈવેટ ટેક્સી કરીને દિલ્હી થી વૃંદાવન ગયા ત્યારે ગૂગલ લોકેશન મુજબ એ રસ્તો નીમકરોલી બાબા ના આશ્રમ નો ટૂંકો રસ્તો હતો.સમસ્યા એ હતી કે દિલ્હી ના ટેક્સી વાળા ને પ્રેમ મંદિર સિવાઈ વૃંદાવન ના અન્ય સ્થળો વિશે માહિતી નહતી.ટૂંકા રસ્તા તરફ આગળ વધ્યા ત્રણ ચાર કિલોમીટર ના અંતરે બે પોલીસ એ ટેક્સી રોકી ને કીધું કે આગળ રસ્તો બંધ છે એટલે અહીંયા પાર્કિંગ લોટમાં કાર પાર્ક કરવી પડશે. જોવાનું એ કે એ રસ્તાની બીજી બાજુથી ટ્રેકટર, કાર,ખટારા, હોન્ડા વગેરે વાહનો આવી અને જઈ રહ્યા હતા.તો પછી ટુરસ્ટ વાહનો કેમ પ્રાઈવેટ પાર્કિંગ લોટમાં રાખવાના. એની પાછળ “૧૦૦રૂપિયા” બિન કાયદેસર ટેક્સ પર ડે નો લઈ શકાય એ હેતુ હતો. વિચારો જ્યાં ભગવાન નું ધામ હોય ત્યાં આવી લાલિયા વાડી ચાલે,ના ચાલે.નીમ કરોલી બાબા ના આશ્રમ થી પ્રેમ મંદિર જવું હોય તો ઈલેક્ટ્રિક રિક્ષા ૨૦૦ રૂપિયા ધલ્લે ઉઘરાવી લે છે.વૃંદાવન માં પ્રત્યેક સ્થળ એકબીજા થી અમુક અંતરે આવેલા છે,ત્યાં ઈલેક્ટ્રિક રિક્ષા નો ઓછા મા ઓછો ભાવ ૧૦૦ છે. દૂર થી વૃંદાવન યાત્રા બસ ભાડા કે ત્રણ ભાડા કરતા પણ વધારે ખર્ચ વૃંદાવન ના યાત્રા સ્થળે ફરવા રિક્ષા ભાડા નો થઈ જતો હોય છે. ત્યાં યાત્રાળુની ખિસ્સાની કટકી મસ્ત થઈ જતી હોય એવું અનુભવ્યું.




# શિલ્પા શેટ્ટીના ઘરે આવ્યો સાન્તાક્લોઝ...!

(એજન્સી) મુંબઈ | તા.25

સમગ્ર વિશ્વમાં આજે (25 ડિસેમ્બર) નાતાલનો તહેવાર ધામધૂમથી ઊજવવામાં આવી રહ્યો છે. ફિલ્મ સ્ટાર્સ પણ આ તહેવારને ખાસ રીતે ઊજવી રહ્યા છે. રણબીર કપૂર-આલિયા ભટ્ટે ગઈકાલે મહેશ ભટ્ટના ઘરે ક્રિસમસની ઉજવણી કરી હતી. તો શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાએ બંને બાળકો વિયાન અને સમિષા સાથે સેલિબ્રેશન કર્યું. શિલ્પાએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો, જેમાં સાન્તાક્લોઝની એન્ટ્રી જોવા મળી રહી છે. શિલ્પા શેટ્ટીના ઘરે આવ્યો સાન્તાક્લોઝ! આ વખતે સિક્રેટ સાન્તા ઘણી બધી ગિફ્ટો સાથે શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાના ઘરે આવ્યો. સાન્તાક્લોઝની એન્ટ્રી થતાં જ શિલ્પાના બંને બાળકો તેને જોઈને ઉત્સાહિત થઈ જાય છે અને સમિષા તો ખુશીથી ઝૂમી ઉઠી. સાન્તાએ બાળકોને ઘણી બધી ગિફ્ટો આપી અને તેમને ક્રિસમસની સ્ટોરીઓ પણ સંભળાવી અને બંને બાળકો તેને ખૂબ જ ધ્યાનથી સાંભળતા જોવા મળ્યા.

ચાહકોએ શિલ્પા-રાજને શુભેચ્છા પાઠવી હતી આ પછી શિલ્પા અને રાજે બાળકો સાથે ક્રિસમસ ગીત પર ડાન્સ કર્યો હતો. શિલ્પાએ જે રીતે ક્રિસમસનું સેલિબ્રેશન કર્યું તે જોઈને ચાહકો પણ ખૂબ જ ખુશ છે અને તેને આ દિવસની શુભકામનાઓ આપી રહ્યા છે. કોઈએ શિલ્પાના ક્રિસમસ સેલિબ્રેશનને સૌથી ક્યૂટ ગણાવ્યું તો કોઈએ કહ્યું કે આ વીડિયો જોઈને દિલ ખુશ થઈ ગયું. ફેન્સ પણ શિલ્પા અને તેના પરિવારને મેરી ક્રિસમસની શુભેચ્છા પાઠવતા જોવા મળ્યા હતા. રાજ કુન્દ્રા ફરી પોર્નોગ્રાફી કેસ મામલે ચર્ચામાં શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા ફરી એકવાર સમાચારમાં છે. પોર્નોગ્રાફી કેસમાં કાયદાકીય મુસીબતોમાં ઘેરાયેલા રાજ કુન્દ્રાએ તાજેતરમાં જ આ અંગે સ્પષ્ટતા કરી હતી અને સમગ્ર મામલાને ષડયંત્ર ગણાવ્યું હતું.

## વિયાન-સમિષા ગિફ્ટ્સ જોઈ ઝૂમી ઊઠ્યાં, દીકરી સાથે ડાન્સ કરતો જોવા મળ્યો રાજ કુન્દ્રા...

રાજ કુન્દ્રાએ ત્રણ વર્ષ બાદ મૌન તોડ્યું શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાએ ત્રણ વર્ષ બાદ આ મામલે મૌન તોડ્યું હતું. તેને આ બાબતે અગાઉ ન બોલવાનો અફસોસ વ્યક્ત કર્યો હતો. રાજ કહ્યું હતું કે તેણે પહેલા તેના પરિવાર માટે વાત કરવી જોઈતી હતી.

ક્યારેક-ક્યારેક મૌન આનંદાયક હોય છે પરંતુ જ્યારે વાત પરિવારની આવે છે ત્યારે મને લાગે છે કે મારે સામે આવીને બોલવું જોઈએ, મને ન્યાયતંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ છે. હું આ ન્યાય માટે છેલ્લા 3 વર્ષથી લડી રહ્યો છું, પરિવાર વિના એ 63 દિવસ ગુજારવા માટે માટે મુશ્કેલ હતું, હું કોર્ટમાં લડી રહ્યો છું, મને વિશ્વાસ છે કે હું આ કેસ જીતીશ.

# ટીઆરપી વધારવા સલમાનનો બર્થ ડે 'BB-18'ના સેટ પર ઉજવાશે

### સોહેલ, અરબાઝ અને અર્પિતા બાળકો સાથે આવશે, પરિવાર સાથે 'ભાઈજાન'ની મસ્તી ફેન્સ માટે સરપ્રાઈઝ...






(એજન્સી) મુંબઈ | તા.25

સલમાન ખાનનો શો 'બિગ બોસ 18' દર્શકોમાં ચર્ચાનો વિષય બનેલો છે. જો કે, શોની ટીઆરપીમાં અત્યાર સુધી ખાસ ઉછાળો જોવા મળી રહ્યો નથી. તેને જોતા શોના મેકર્સે ટીઆરપી વધારવા માટે ઘણા મોટા પગલા લીધા છે. જો શો સાથે જોડાયેલા સૂત્રો અનુસાર 'BB-18'માં સલમાન ખાનનો પરિવાર પણ જોવા મળશે.

સલમાન ખાનનો જન્મદિવસ 27 ડિસેમ્બરે છે. આ પ્રસંગે, તેનો જન્મદિવસ શોના વીકેન્ડ કા વાર એપિસોડમાં ઉજવવામાં આવશે. પરંતુ આ વખતે જન્મદિવસની ઉજવણીને વધુ ખાસ બનાવવા માટે, શોના નિર્માતાઓએ સલમાન ખાનના પરિવારના સભ્યોને ઉજવણીનો ભાગ બનાવવાનું નક્કી કર્યું છે.

આ ખાસ અવસર પર સલમાનની બહેન અર્પિતા ખાનના બાળકો, અરબાઝ ખાનના બાળકો અને સોહેલ ખાનનો પુત્ર શોમાં જોવા મળશે. આ બધા સિવાય સલમાનનો નાનો ભાઈ સોહેલ ખાન પણ શોમાં એન્ટ્રી કરશે અને જન્મદિવસને વધુ ખાસ બનાવવા માટે ભાઈઓ વચ્ચેની મસ્તીનો ટચ આપવામાં આવશે. સલમાનના ફેન્સ માટે આ સેલિબ્રેશન એક શાનદાર સરપ્રાઈઝ બનવા જઈ રહ્યું છે.

આ એપિસોડ 26 ડિસેમ્બરે શૂટ કરવામાં આવશે અને શનિવારે વીકેન્ડ કા વાર પર ટેલિકાસ્ટ કરવામાં આવશે.

'બિગ બોસ 18'ની વાત કરીએ તો આ શોને દર્શકોનો મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા વીકેન્ડ કા વાર એપિસોડમાં, એડન રોઝ અને યામિની મલ્હોત્રાને શોમાંથી બહાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત, દિવ્યજ્યોત સિંહ રાઠી પણ મધ્ય-સપ્તાહના ઈવિક્શન ટ્વિસ્ટને કારણે બહાર થઈ ગયા. શોનો ગ્રાન્ડ ફિનાલે એપિસોડ 19 જાન્યુઆરી, 2024ના રોજ યોજાશે.

# 'પુષ્પા' vs 'સરકાર': કોંગ્રેસી MLAની અલ્લુ અર્જુનને ધમકી

### CM વિરુદ્ધ ટીકા સહન કરવામાં નહીં આવે, જો કરી તો ફિલ્મ રીલિઝ નહીં થવા દઈએ

(એજન્સી) મુંબઈ | તા.25

તેલંગાણાના કોંગ્રેસના ધારાસભ્ય ભૂપતિ રેડ્ડીએ એક્ટર અલ્લુ અર્જુનને 'પુષ્પા-2'ના સ્ક્રિનિંગમાં થયેલી નાસભાગ અંગે ધમકી આપી છે. તેણે મંગળવારે કહ્યું કે સીએમ રેવંત રેડ્ડી વિરુદ્ધ કોઈપણ પ્રકારની ટીકા સહન કરવામાં નહીં આવે. જો અલ્લુ અર્જુન સીએમ રેડ્ડી પર ટિપ્પણી કરશે તો તેમની ફિલ્મો રાજ્યમાં રિલીઝ ન થાય.

ભૂપતિએ કહ્યું કે આંધ્રનો રહેવાસી અલ્લુ અર્જુન માત્ર કામ માટે તેલંગાણા આવ્યો છે. તેણે તેલંગાણામાં કોઈ નોંધપાત્ર યોગદાન આપ્યું નથી. તેથી તેઓએ રાજ્ય સરકાર પર ટિપ્પણી કરતી વખતે સાવચેત રહેવું જોઈએ. પુષ્પા સમાજને ફાયદો કરાવનારી ફિલ્મ નથી, તે એક દાણચોરની સ્ટોરી છે.

એક્ટરે મુખ્યમંત્રીના નિવેદનોને ફગાવી દીધા હતા પરંતુ અલ્લુ અર્જુને પાછળથી 21 ડિસેમ્બરે સીએમ રેવંત રેડ્ડીના આરોપોને ફગાવી દીધા અને આ ઘટનાને અકસ્માત ગણાવ્યો.

એક્ટરે સ્પષ્ટતા કરી હતી કે થિયેટરમાં તેની હાજરી કોઈ સરઘસ કે રોડ શો નહોતો. તેણે વધુમાં કહ્યું કે તે કોઈપણ વિભાગ, રાજકીય નેતા કે સરકારની વિરુદ્ધ નથી.

તેલંગાણામાં આ વિવાદ સિનેમા અને રાજકારણ વચ્ચેના પરસ્પર સંઘર્ષને દર્શાવે છે.

આ અકસ્માત આપણું દુર્ભાગ્ય છે. એક્ટરની ધરપકડ માટે અમને દોષી ઠેરવવામાં આવ્યા હતા, પરંતુ અમારી પાસે લડવાની તાકાત નથી. ભાસ્કરે કહ્યું કે તેનો 8 વર્ષનો પુત્ર શ્રી તેજ અભિનેતાનો ચાહક છે, તેથી તે સ્ક્રીનિંગમાં ગયો હતો. તે છેલ્લા 20 દિવસથી કોમામાં છે. કેટલીકવાર તે તેની આંખો ખોલે છે અને કોઈને ઓળખતો નથી. અમને ખબર નથી કે તેની સારવારમાં કેટલો સમય લાગશે.

અલ્લુ અર્જુનના ઘરમાં તોડફોડ, 8 આરોપીની ધરપકડ હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીના કેટલાક લોકોએ 22 ડિસેમ્બરે અલ્લુ અર્જુનના ઘરમાં તોડફોડ કરી હતી.

# સિદ્ધાર્થ-જાહ્નવીની પરમસુંદરી આગામી જુલાઈમાં રજૂ થશે

### આખરે નિર્માતા દ્વારા સત્તાવાર એલાન...



મુંબઇ : સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂરની 'પરમસુંદરી' આગામી વર્ષે જુલાઈમાં રીલિઝ કરાશે. જાહ્નવી અને સિદ્ધાર્થ પહેલીવાર સ્ક્રીન શેર કરી રહ્યાં છે.

'સ્ત્રી ટૂ' સહિતની સફળ ફિલ્મો બનાવી ચૂકેલાં મેડોક ફિલ્મ્સ દ્વારા જ આ ફિલ્મ બનાવાઈ રહી છે. તુષાર જલોટા તેનું દિગ્દર્શન કરવાના છે. સિદ્ધાર્થ અને જાહ્નવી બંનેને આ ફિલ્મ માટે બહુ આશા છે. બંનેની કેરિયર છેલ્લા કેટલાય સમયથી ડામાડોળ ચાલી રહી છે.

જાહ્નવીએ સાઉથની ફિલ્મોમાં પણ ટ્રાય કરી જોઈ છે પરંતુ તેની ફિલ્મ ચાલી નથી. બંનેને આશા છે કે 'સ્ત્રી ટૂ ' જેવી ફિલ્મો બનાવી ચૂકેલાં બેનરનો તેમને સહારો મળશે. બોલીવૂડમાં લાંબા સમયથી મેઈન સ્ટ્રીમના કલાકારોની રોમકોમ ફિલ્મ આવી નથી. આથી, આ ફ્રેશ સબ્જેક્ટ પણ તેમને મદદ કરશે તેવી અપેક્ષા છે.

# વિજય દેવરાકોંડા-રશ્મિકા મંદાના સાથે કરશે ન્યૂ યર સેલિબ્રેશન...!

### બંને એરપોર્ટ પર ચમક્યા, ફેન્સે કહ્યું- લગ્ન કરી લો; વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ



(એજન્સી) મુંબઈ | તા.25

રશ્મિકા મંદાના અને વિજય દેવરાકોંડા અવારનવાર તેમના સંબંધોને લઈને સમાચારોમાં રહે છે. તાજેતરમાં, રશ્મિકા એરપોર્ટ પર જોવા મળી હતી એટલું જ નહીં તેનો રૂમર્ડ બોયફ્રેન્ડ વિજય દેવરાકોંડા પણ ત્યાં જોવા મળ્યો હતો, જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. સાથે જ સોશિયલ મીડિયા પર ફરી એકવાર ચર્ચા થઈ રહી છે કે બંને સ્ટાર્સ નવા વર્ષનું એકસાથે સેલિબ્રેશન કરશે.

વીડિયોમાં રશ્મિકા મંદાના બ્લેક ટી-શર્ટ અને ડેનિમ જીન્સમાં જોવા મળી રહી છે, જ્યારે વિજય દેવેરાકોંડા શાનદાર લુકમાં જોવા મળી રહ્યા છે. વિજયે ગ્રે કાર્ગો પેન્ટ સાથે ગ્રીન જેકેટ પહેર્યું છે.બંનેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ ફેન્સે તેના પર કોમેન્ટ કરવાનું શરૂ કરી દીધું હતું. તે કહે છે કે આ કપલ હવે એકસાથે ન્યૂ યર વેકેશન મનાવવા બહાર ગયું છે.

રૂમર્ડ કપલ રશ્મિકા મંદાના અને વિજય દેવેરાકોંડા ઘણીવાર સાથે જોવા મળે છે. હાલમાં જ બંને લંચ ડેટ પર સાથે જોવા મળ્યા હતા, જેની તસવીરો પણ સોશિયલ મીડિયા પર સામે આવી હતી.

વિજય દેવેરાકોંડાએ તેમના રિલેશનશિપ વિશે આપી હિંટ!

વિજય દેવેરાકોંડાએ તાજેતરમાં જ કર્લી ટેલ્સને ઈન્ટરવ્યુ આપ્યો હતો. આ વાતચીત દરમિયાન વિજયે કહ્યું, હું 35 વર્ષનો છું; શું તમને લાગે છે કે હું સિંગલ રહીશ? જ્યારે પૂછવામાં આવ્યું કે શું તે તેના કો-સ્ટારને અગાઉ ડેટ કરી ચૂક્યો છે, તો એક્ટરે કહ્યું, 'હા, મેં કો-સ્ટારને અગાઉ ડેટ કરી છે.

વિજય-રશ્મિકાએ ફિલ્મોમાં સાથે કામ કર્યું છે 2018માં રિલીઝ થયેલી ફિલ્મ 'ગીતા ગોવિંદમ'માં વિજય અને રશ્મિકા સાથે જોવા મળ્યા હતા. આ પછી બંને 2019માં રિલીઝ થયેલી ફિલ્મ 'ડિયર કોમરેડ'માં પણ સાથે જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં વિજય-રશ્મિકાની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી ખૂબ જ પસંદ કરવામાં આવી હતી. ફિલ્મના સેટ પરથી એવા અહેવાલો આવ્યા હતા કે, બંને રિલેશનશિપમાં છે, જોકે બંને કલાકારોએ આ વિશે ક્યારેય ખૂલીને વાત કરી નથી.

# 'બોલિવૂડ કરતા મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સારી...!

### અનુરાગ કશ્યપે કર્યો કટાક્ષ, કહ્યું- ત્યાં સ્ટાર સિસ્ટમ નથી, બોલિવૂડ એક્ટર્સને ઘંમડ હોય છે...

(એજન્સી) મુંબઈ | તા.25



પ્રોડ્યૂસર-ડાયરેક્ટર અનુરાગ કશ્યપ ફિલ્મ 'રાઈફલ ક્લબ'થી મલયાલમ સિનેમામાં એક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યા છે. હાલમાં જ આ ફિલ્મ રીલિઝ થઈ છે, જેમાં અનુરાગ કશ્યપના લૂક અને કેરેક્ટરના ખૂબ વખાણ થઈ રહ્યા છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન અનુરાગે જણાવ્યું કે તેને મલયાલમ સિનેમા ખૂબ જ પસંદ છે. તેણે મલયાલમ સિનેમાને બોલિવૂડ કરતાં વધુ સારી ગણાવી હતી. ગલ્ફ ન્યૂઝ સાથેની મુલાકાત દરમિયાન, અનુરાગ કશ્યપે મલયાલમ ફિલ્મમાં કામ કરવાનો તેનો અનુભવો શેર કર્યા. તેણે કહ્યું- હું 'રાઈફલ ક્લબ'માં કામ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત હતો. જ્યારે ડાયરેક્ટર આશિક અબુએ ફિલ્મની જાહેરાત કરી હતી ત્યારે હું પોતે તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર ગયો હતો અને તેની પોસ્ટ પર લખ્યું હતું કે, શું તમને હિન્દી ભાષી એક્ટર જોઈએ છે? આ રીતે હું આ ફિલ્મનો હિસ્સો બન્યો અને આજે હું આ ફિલ્મ કરીને ખૂબ જ ખુશ છું.

અનુરાગ કશ્યપે મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બોલિવૂડ સાથે સરખામણી કરતા કહ્યું છે કે મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રી બૉલીવુડ કરતા સારી છે. બોલિવૂડ પર કટાક્ષ કરતા તેણે કહ્યું કે મલયાલમ ફિલ્મોમાં સ્ટાર સિસ્ટમ નથી. કોઈપણ સ્ટાર માટે અલગથી વેનિટી વાન નથી. જ્યારે બોલિવૂડમાં સ્ટાર પોતાને અલગ માને છે અને બાકીના લોકોથી અલગ રહે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન અનુરાગ કશ્યપે બોલિવૂડમાં સ્ટાર્સની વધતી ફી અને વેનિટી વેનના કલ્ચર વિશે વાત કરી હતી. અનુરાગ કશ્યપે કહ્યું- બોલિવૂડમાં જે રીતે સ્ટાર્સની ફી વધી રહી છે તેનાથી ફિલ્મનું બજેટ ઘણું વધી જાય છે.

# ખિચડી ટુના પ્રિમિયરની સાથે વર્ષાંતને માણો પરિવાર, મસ્તી અને તાજગીસભર વાઇબ્સની સાથે એન્ડપિક્ચર્સ પર !

(એજન્સી) મુંબઈ | તા.25

અંત સારો તો બધું જ સારું. તૈયાર થઈ જાઓ વર્ષના અંતે, પરિવાર, એક્તા અને સંગાથ સાથે એક ક્રેઝી મસ્તીભર્યા પ્રવાસ માટે તૈયાર થી જાઓ એન્ડપિક્ચર્સ પર, કેમકે તેઓ જાણિતા પારેખ પરિવારને ફરીથી તમારા ઘરે આવકારવા તૈયાર છે, ખીચડી ટુને 29મી ડિસેમ્બર સાંજે 5 વાગે! જેમાં નોસ્ટાલ્જિયા અને નવી પેઢીના કોમેડીનું સંપૂર્ણ મિશ્રણ બની રહેશે, ખિચડી ટુએ વર્ષના અંતને ખુશીથી વિદાઈ આપવા માટે એક યાદગાર રસ્તો છે. ખડખડાટ હસાવવાથી લઈને હૃદયસ્પર્શી ક્ષણો સુધી, ખિચડી ટુએ દરેક પેઢીને અવિસ્મરણિય આનંદ આપે છે. આ તહેવારોની સિઝનમાં એન્ડપિક્ચર્સ ફરીથી પૂરવાર કરે છે કે, તે મનોરંજન માટેનું એક શ્રેષ્ઠ સ્થળ છે, જેમાં મજા, મસ્તી, ઉર્જા અને એક્તાનું મિશ્રણ છે. જમનાદાસ મજેઠિયા, ફિલ્મના પ્રોડ્યુસર કહે છે, "ખિચડી ટુ એ કૌટુંબિક ભાવના તથા તેને એકબીજા સાથે જોડી રાખતા મજબૂત સંબંધોની ઉજવણી છે. ખિચડી ટુ વિશ્વમાં પ્રવેશવું એ એક હૃદયસ્પર્શી અનુવભ છે, જે કેટલીક યાદોં પાછી લાવે છે અને તેનો ખૂબ જ ઉત્સાહ છે. ચાહકોને ગમતા પાત્રો ફરીથી જોવાની મજા જ કંઈ અલગ છે, સાથોસાથ




તેની વાર્તાને એક નવો અને અણધાર્યો વણાંક આપ્યો છે. આ વખતે, પારેખ પરિવાર દેશનું રક્ષણ કરવા એક સાહસિક મિશન પર ઉતર્યા છે, જે તેના હાસ્યમાં ઉત્સાહમાં ઉમેરો કરે છે. હાસ્ય, સરપ્રાઈઝ તથા હૃદયસ્પર્શી ક્ષણોના સંયોજન સાથે ખિચડી ટુ એક એવી ફિલ્મો છે, જે બતાવે છે કે, પરિવારો મુશ્કેલીઓમાં પણ કઈ રીતે સાથે કહે છે. એન્ડપિક્ચર્સના દર્શકો તેનો આનંદ માણે છે અને વર્ષનો અંત, આનંદ તથા હાસ્ય સાથે કરે તેના માટે અમે રાહ નથી જોઈ શકતા!" કિર્તિ કુલ્હારી, જે ઝી ટીવીના આ અદભુત સિકવલમાં કલાકાર તરીકે જોડાઈ છે, "ખિચડી ટુ કરવા માટે જેને મને પ્રેરી છે તે છે, એક એવું પાત્ર કરવાનો મોકો જેમાં કોઈપણ સંબંધિતતા તથા મસ્તી, જે તેના પોતાના એક પ્રતિષ્ઠિત પરિવારની અંધાધૂધી ખાસિયતોમાં ઉમેરો કરી રહ્યું છે.

**ભારતનો વિજય જરૂરી** | વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ માટે આ મજબૂરી છે. WTCની ફાઈનલ સુધીનો રસ્તો હાલ ભારત માટે ખૂબ જ મુશ્કેલ લાગી રહયો છે

# ભારત પાકિસ્તાનની જીત માટે પ્રાથના કરશે, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન બનવા મજબૂરી!

(એજન્સી) મુંબઈ | તા 25

ભારત અને ઓસ્ટ્રેલિયાની સાથે સાથે પાકિસ્તાન અને સાઉથ આફ્રિકા વચ્ચે પણ 26 ડિસેમ્બરથી ટેસ્ટ મેચ શરૂ થવા જઈ રહી છે. ત્યારે ટીમ ઈન્ડિયા પોતાની મેચ સિવાય પાકિસ્તાન સાઉથ આફ્રિકા વચ્ચેની મેચ પર પણ નજર રાખશે. ભારત પાકિસ્તાન ટીમની જીત માટે પ્રાથના કરશે. કારણ કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચવા માટે ભારતનો વિજય જરૂરી બની ગયો છે.

ભારત અને પાકિસ્તાનની ટીમો વચ્ચે લાંબા સમયથી દુશ્મનાવટ ચાલી રહી છે. બંને ટીમના ચાહકો એકબીજાને કોઈ પણ રીતે જીતતા જોઈ શકતા નથી. પરંતુ હાલમાં ભારતીય પ્રશંસકો અને ટીમ ઈન્ડિયાની મોટી મજબૂરી છે. તેથી તેઓએ પાકિસ્તાનની જીત માટે પ્રાર્થના કરવી પડશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ માટે આ મજબૂરી છે. WTCની ફાઈનલ સુધીનો રસ્તો હાલ ભારત માટે ખૂબ જ મુશ્કેલ લાગી રહયો છે. પરંતુ જો પાકિસ્તાનની ટીમ આગામી બે ટેસ્ટમાં સાઉથ આફ્રિકાને હરાવશે તો આ રસ્તો સરળ બની જશે.





જો ભારતીય ટીમ સીધી WTC ફાઈનલ માટે ક્વોલિફાય કરવા માંગે છે તો તેને બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બાકીની બંને ટેસ્ટ મેચો જીતવી પડશે. પરંતુ આ બંને મેચ જીતવી આસાન નહીં હોય. જો ટીમ ઈન્ડિયા એક પણ મેચ હારે છે અથવા ડ્રો થાય છે તો તેના માટે ફાઈનલ રમવી મુશ્કેલ બની જશે. તેથી પાકિસ્તાનની મદદની જરૂર છે.

વાસ્તવમાં 63.33 ટકા પોઈન્ટ સાથે સાઉથ આફ્રિકાની ટીમ રેસમાં આગળ છે. હવે પાકિસ્તાન સામે સાઉથ આફ્રિકાની 2 ટેસ્ટ મેચ છે. આમાં જો તે એક પણ મેચ જીતી જાય તો તેની ફાઈનલની ટિકિટ કન્ફર્મ થઈ જશે. હવે આ પરિસ્થિતિમાં ભારત પર દબાણ રહેશે. કારણ કે તેની પાસે માત્ર 2 મેચ બાકી છે, જ્યારે ઓસ્ટ્રેલિયા પાસે હજુ 4 મેચ બાકી છે. જો પાકિસ્તાનની ટીમ સાઉથ આફ્રિકાને 2-0થી હરાવશે તો ટીમ ઈન્ડિયાની ફાઈનલ રમવાની શક્યતા વધી જશે. અને એટલા માટે ભારતની ટીમે પાકિસ્તાનની જીત માટે પ્રાથના કરવા મજબૂર બની છે.

જો ભારતીય ટીમ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં 2-1 નો સ્કોર કરી લે છે. તો પણ પાકિસ્તાનની ટીમે સાઉથ આફ્રિકાને ઓછામાં ઓછું 1-0થી હરાવવું જોઈએ. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની ટીમે શ્રીલંકાને 1-0થી હરાવ્યું હતું. જો ટીમ ઈન્ડિયા સિરીઝ 2-2 થી ડ્રો કરે છે તો તેના ટકાવારી પોઈન્ટ 55.26 થઈ જશે. આ પરિસ્થિતિમાં ભારત માટે ફાઈનલમાં પહોંચવા માટે પાકિસ્તાન ટીમ માટે સાઉથ આફ્રિકા સામેની શ્રેણી 2-0 થી જીતવી જરૂરી રહેશે. જો ભારત-ઓસ્ટ્રેલિયા શ્રેણી 1-1 થી ડ્રોમાં સમાપ્ત થાય. ત્યારબાદ ભારતના 53.51 ટકા પોઈન્ટ્સ હશે. આવી સ્થિતિમાં પાકિસ્તાનને સાઉથ આફ્રિકા સામેની બંને મેચ જીતવી જરૂરી છે. પરંતુ આ પૂરતું નથી. ત્યારબાદ શ્રીલંકા પાસેથી પણ મદદ લેવી પડશે. શ્રીલંકાની ટીમ ઓસ્ટ્રેલિયાને 1-0થી હરાવશે અથવા શ્રેણી 0-0થી ડ્રો કરશે તેવી અપેક્ષા રાખવી પડશે. જો ભારતીય ટીમ સિરીઝ હારી જશે તો તે લગભગ બહાર થઈ જશે. તો પછી પાકિસ્તાનની 2-0થી જીત પણ મદદ કરશે નહીં.

# ઓસ્ટ્રેલિયાની ટીમનો ખેલાડી ટ્રેવિસ હેડ ફિટ જાહેર

(એજન્સી) મુંબઈ | તા 25

ઓસ્ટ્રેલિયા ટીમને મળી ક્રિસમસ ગિફ્ટ, ટ્રેવિસ હેડ ફિટ, બોક્સિંગ ડે ટેસ્ટ માટે આ પ્લેઈંગ ઈલેવનમાં હશે અને ઓસ્ટ્રેલિયન ટીમે ક્રિસમસ પર મેલબોર્નમાં યોજાનારી બોક્સિંગ ડે ટેસ્ટ માટે તેની પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી છે. આ અવસર પર કેપ્ટન પેટ કમિન્સ સહિત સમગ્ર ટીમ માટે સારા સમાચાર સામે આવ્યા છે. ટ્રેવિસ હેડને ફિટ જાહેર કરવામાં આવ્યો છે અને તે ટીમનો ભાગ હશે. ટ્રેવિસ હેડને બોક્સિંગ ડે ટેસ્ટ માટે ફિટ જાહેર કરવામાં આવ્યો છે. એટલે કે તે 26 ડિસેમ્બરથી મેલબોર્નમાં રમાનાર ચોથી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની પ્લેઈંગ ઈલેવનનો ભાગ હશે. ખરેખર, ક્રિસમસના અવસર પર ઓસ્ટ્રેલિયન ટીમે બોક્સિંગ ડે ટેસ્ટમાં રમી રહેલા 11 ખેલાડીઓના નામની જાહેરાત કરી હતી. કેપ્ટન પેટ કમિન્સે આ મેચમાં બે મોટા ફેરફાર કર્યા છે.



## કમિન્સે માથા વિશે શું કહ્યું?

ગાબા ટેસ્ટ બાદ જ ટ્રેવિસ હેડની ઈજાના સમાચાર સામે આવ્યા હતા. તે ક્વોડ સ્ટ્રેનની સમસ્યાથી પીડિત હોવાનું કહેવાય છે અને મેલબોર્ન ટેસ્ટમાં રમવા અંગે શંકા હતી. જો કે હવે તમામ પ્રકારની આશંકાઓ દૂર થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે મીડિયાને જણાવ્યું કે હેડ ચોથી ટેસ્ટમાં રમશે. કમિન્સે કહ્યું, 'તેણે ગઈ કાલે અને આજે કેટલીક વસ્તુઓ કરી. હવે તેની ઈજાને લઈને કોઈ ચિંતા નથી. તે રમવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. જો તેને ફિલ્ડિંગ કરતી વખતે કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે તો અમે તેને મેનેજ કરીશું. પરંતુ તે એકદમ ફિટ છે તેથી મને નથી લાગતું કે વધારે મેનેજમેન્ટની જરૂર પડશે.

**હેડ ફિટનેસ ટેસ્ટ પાસ |** નાતાલના અવસર પર ઓસ્ટ્રેલિયન ટીમે વૈકલ્પિક તાલીમ સત્રનું આયોજન કર્યું હતું. આ દરમિયાન હેડે એક મુશ્કેલ ફિટનેસ ટેસ્ટ આપ્યો, જેમાં તેણે દોડવાની કવાયત જેવી કેટલીક વસ્તુઓ કરી. આ પછી તેને ફિટ જાહેર કરવામાં આવ્યો હતો. આનાથી કેપ્ટન પેટ કમિન્સ સહિત સમગ્ર ઓસ્ટ્રેલિયન ટીમને ઘણી રાહત મળી છે. કારણ કે, આ શ્રેણીમાં તે એકમાત્ર એવો ખેલાડી રહ્યો છે જેણે ઓસ્ટ્રેલિયા માટે સતત રન બનાવ્યા હોય. એડિલેડ અને ગાબામાં તેની સદીની ઈનિંગ્સના કારણે જ ઓસ્ટ્રેલિયા મજબૂત સ્થિતિમાં આવી શક્યું હતું.હેડે અત્યાર સુધી આ સિરીઝમાં એકલાએ 81.80ની એવરેજથી 409 રન બનાવ્યા છે, જેમાં 2 સદી અને 1 અડધી સદીનો સમાવેશ થાય છે. તે અત્યાર સુધી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ છે. બીજી તરફ, સ્ટીવ સ્મિથે 24.80ની એવરેજ, માર્નસ લાબુશેને 16.40, ઉસ્માન ખ્વાજાએ 12.60ની એવરેજથી બેટિંગ કરી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે હેડ સિવાય ઓસ્ટ્રેલિયન ટીમના તમામ મુખ્ય બેટ્સમેન સંઘર્ષ કરી રહ્યા છે.

## ટેનીસ : અમદાવાદની ઝીલ દેસાઈએ રોન્ડેને 6-2, 6-0થી હરાવી દીધી

(એજન્સી) મુંબઈ | તા 25



એસ ટેનિસ એકેડેમી ખાતે રમાતી એસએજીના સહયોગથી રમાતી આઈટીએફ વિમેન્સ ટેનિસમાં વિદેશી સહિત કેટલીક ભારતીય ખેલાડીઓએ પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો હતો. 16 વર્ષીય માયા રેવાઠીએ ગુજરાતની ટેલેન્ટેડ ખેલાડી ખુશાલી મોદી સામે પાવરફુલ સર્વિસ અને આક્રમક બેઝલાઈન ગેમ રમીને 6-2, 6-3ના સ્કોરથી હરાવી હતી. ટોચનો ક્રમાંક ધરાવતી રશિયાની ટોશિનાએ રાચપુડીને 6-3, 6-0થી, બ્રિટનની જે. માતોસ ફર્નાન્ડેઝે રશિયાની એમ. મિખાઈલોવાને 6-2, 6-2થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. અમદાવાદની ઝીલ દેસાઈએ એસ. રોન્ડેને કોઈ મુશ્કેલી વિના 6-2, 6-0થી હરાવી હતી. જાપાનની કોબાયાસીએ ભારતની યશસ્વીની પનવર સામે પ્રથમ સેટમાં થોડોક સંઘર્ષ કર્યા બાદ મુકાબલો 7-5, 6-0થી જીતી લીધો હતો. જાપાનીઝ ખેલાડીએ શાનદાર ફૂટવર્ક તથા બેઝલાઈન ગેમ રમીને હરીફ ખેલાડીને સતત દબાણમાં રાખી હતી. અન્ય મુકાબલામાં લક્ષ્મી પ્રભાએ એસ. પાટિલને 1-6, 6-3, 6-1થી, રશિયાની વાલેરિયા મોન્કોએ એમ. સાવંતને 6-1, 6-2થી, ભારતની અદકરે અમેરિકાની પ્રિયંકા રાણાને 6-1, 6-0થી, ડેનમાર્કની ઈ. જામશિડીએ નેપાળની એ. બિસ્તાને 6-1, 6-0થી, પી. પાઠકે રાજમોહનને 6-3, 6-3થી, પૂજા ઈંગ્લેએ પનાલીવેલીને 6-2, 6-2થી તથા એડી નિત્તુરે પ્રિયાંશી ભંડારીને 6-2, 6-2થી પરાજય આપ્યો હતો.

## પાંચમીથી 12મી જાન્યુઆરી સુધી ભાવનગરમાં સિનિયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિ. યોજાશે

મુંબઈ | બાસ્કેટબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ગુજરાત સ્ટેટ બાસ્કેટબોલ એસોસિયેશન દ્વારા ભાવનગરના સિદસર ખાતે આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આગામી વર્ષની પાંચમીથી 12મી જાન્યુઆરી સુધી 74મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટમાં મેન્સની 31 તથા વિમેન્સની 28 ટીમો ભાગ લેશે. ટૂર્નામેન્ટમાં લીગ તબક્કાની કુલ 117 તથા નોકઆઉટની કુલ બાવન એમ ટોટલ 169 મેચો રમાશે. વિજેતા ટીમને પાંચ લાખ રૂપિયાના પુરસ્કાર સહિત ટૂર્નામેન્ટમાં અંદાજે 20 લાખ રૂપિયાના પ્રાઈઝમની રાખવામાં આવ્યા છે. મેન્સમાં કુલ છ ગ્રૂપ છે અને પ્રત્યેકમાં રેન્કિંગના આધારે ગ્રૂપમાં સ્થાન અપાયું છે. મેન્સમાં ગુજરાતની ટીમ 14મા તથા વિમેન્સ ટીમ 10મા ક્રમે છે. જીએસબીએના પ્રમુખ તથા બીએફઆઈની પસંદગી સમિતિના ચેરમેન શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે આ ટૂર્નામેન્ટના આધારે ઈન્ટરનેશનલ સ્તરે રમાનારી ટૂર્નામેન્ટ માટે મેન્સ તથા વિમેન્સની ટીમો પસંદ કરવામાં આવશે. તે પહેલાં તેમના માટે પ્રી-કન્ડિશનિંગ કેમ્પ યોજવામાં આવનાર છે. ગુજરાતની વિમેન્સ ટીમ છેલ્લા કેટલાક વર્ષોથી સર્વશ્રોષ્ઠ પ્રદર્શન કરીને આગળ વધી રહી છે. જીએસબીએના ઓનરરી સેક્રેટરી શફિક શેખે જણાવ્યું હતું કે આઠ દિવસની ટૂર્નામેન્ટ ગુજરાતની રમતોમાં વિશેષ આકર્ષણ બની રહેશે. ગુજરાતની બંને ટીમ ટૂર્નામેન્ટમાં પોતાની અલગ ઓળખ ઊભી કરશે તેવી આશા છે.

## હરલીન દેઓલે મચાવી ધૂમ, પ્રિયાની વિસ્ફોટક બોલિંગ, ટીમ ઈન્ડિયાએ શાનદાર જીત મેળવી

(એજન્સી) મુંબઈ | તા 25

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વધુ એક શાનદાર જીતનો સ્વાદ ચાખ્યો છે. બીજી ODIમાં, હરમનપ્રીત એન્ડ કંપનીએ વેસ્ટ ઈન્ડિઝને 115 રનથી હરાવ્યું અને સિરીઝમાં 2-0ની લીડ મેળવી. પ્રથમ બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ ODI ક્રિકેટમાં પોતાનો સર્વોચ્ચ સ્કોર બનાવ્યો. હરલીન દેઓલે શાનદાર બેટિંગ કરી અને સદી ફટકારી, જ્યારે પ્રતિકા રાવલ અને જેમિમાહ રોડ્રિગ્સે અડધી સદી ફટકારી, જેના કારણે ભારતીય ટીમે 50 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 358 રન બનાવ્યા. જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની આખી ટીમ 243 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. 359 રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા આવેલી કેરેબિયન ટીમની શરૂઆત સારી રહી ન હતી અને ટીમે વારંવાર અંતરાલ પર વિકેટ ગુમાવી હતી. વેસ્ટ ઈન્ડિઝ તરફથી માત્ર કેપ્ટન હેલી મેથ્યુઝ એકલી લડતી જોવા મળી હતી અને તેણે 106 રનની જોરદાર ઈનિંગ રમી હતી. આ ઈનિંગ દરમિયાન હેલીએ 13 ચોગ્ગા ફટકાર્યા હતા, પરંતુ તેની ઈનિંગ ટીમને મદદ કરી શકી ન હતી. બોલિંગમાં પ્રિયા મિશ્રાએ 9.2 ઓવરમાં 49 રન આપીને ભારતીય ટીમ માટે ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે દીપ્તિ શર્મા અને પ્રતિકા રાવલે બે-બે વિકેટ લીધી હતી.

### હરલીને સદી ફટકારી



આ પહેલા ભારતીય ટીમના બેટ્સમેનોએ કેરેબિયન બોલિંગ આક્રમણનો સંપૂર્ણ નાશ કર્યો હતો. સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલે ટીમને ધમાકેદાર શરૂઆત અપાવી અને પ્રથમ વિકેટ માટે 110 રન જોડ્યા. સ્મૃતિ મંધાનાએ 47 બોલનો સામનો કરીને 53 રનની શાનદાર ઈનિંગ રમી હતી. જ્યારે પ્રતિકાએ 76 રનનું યોગદાન આપ્યું હતું. આ પછી હરલીન દેઓલે આગેવાની લીધી અને વેસ્ટ ઈન્ડિઝના બોલરોને ઝૂકાવ્યા. હરલીને 103 બોલનો સામનો કરીને 115 રનની શાનદાર ઈનિંગ રમી હતી. હરલીને તેની વનડે કરિયરની પ્રથમ સદી ફટકારી હતી. આ ઈનિંગ દરમિયાન હરલીને 16 ચોગ્ગા ફટકાર્યા હતા. જેમિમાહ રોડ્રિગ્સે છેલ્લી ઓવરોમાં સનસનાટી મચાવી દીધી હતી અને માત્ર 36 બોલમાં 52 રનની ઝડપી ઈનિંગ રમી હતી. આ જીત સાથે ભારતીય ટીમે સિરીઝ પણ જીતી લીધી છે.

## ICC રેન્કિંગમાં સ્મૃતિ મંધાનાએ કર્યો કમાલ

(એજન્સી) મુંબઈ | તા 25

ભારતીય મહિલા ખેલાડી સ્મૃતિ મંધાનાએ ICC રેન્કિંગમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. આ ડાબા હાથના ઓપનિંગ બેટ્સમેને તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની T-20 સિરીઝમાં ધમાલ મચાવી હતી. હવે તેને ICC રેન્કિંગમાં આનો ફાયદો થયો છે. સ્મૃતિ મંધાનાએ ICC મહિલા T20 રેન્કિંગમાં પોતાનો ઝંડો લગાવ્યો છે. તે ત્રીજા સ્થાનેથી બીજા સ્થાને પહોંચી ગઈ છે. મંધાનાએ 1 સ્થાન મેળવ્યું છે. તે 753 માર્ક્સ સાથે બીજા સ્થાને પહોંચી છે. આ સિવાય ઓસ્ટ્રેલિયાની ખેલાડી બેથ મૂની પ્રથમ સ્થાને છે. બેથ મૂની 757 પોઈન્ટ સાથે મહિલા ટી-20 રેન્કિંગમાં પ્રથમ સ્થાન પર છે. સ્મૃતિ મંધાના બીજા સ્થાને અને હેલી મેથ્યુસ ત્રીજા સ્થાને છે. તે 748 માર્ક્સ સાથે ત્રીજા સ્થાને છે. જ્યારે તાહલિયા મેકગ્રા 748



પોઈન્ટ સાથે ચોથા સ્થાન પર છે. લૌરા વોલ્વાર્ડ 736 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે. સ્મૃતિ મંધાનાએ વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી20 સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ત્રણેય મેચમાં અડધી સદીની ઈનિંગ્સ રમી હતી. પ્રથમ મેચમાં તેણે 54 રન બનાવ્યા હતા જ્યારે બીજી ઈનિંગમાં આ ખેલાડીએ 62 રન બનાવ્યા હતા. ત્રીજી મેચમાં મંધાનાના બેટમાંથી 77 રન થયા હતા. T-20માં ધૂમ મચાવ્યા બાદ સ્મૃતિ મંધાનાએ પણ ODI સિરીઝની પ્રથમ મેચમાં 91 રનની શાનદાર ઈનિંગ રમી હતી.

## Football: સિરી-એમાં ઈન્ટર મિલાન 11મી મેચમાં અજેય, કોમો સામે જીત્યું

મુંબઈ | કાર્લોસ એગુસ્ટો અને માર્કસ થૂરમના ગોલ વડે ઈન્ટર મિલાને સિરી-એ લીગ ફૂટબોલમાં કોમોને 2-0થી હરાવીને ચેમ્પિયનશિપમાં અજેય રહેવાની પરંપરા જાળવી રાખી છે. ટોચની ઈટાલિયન ક્લબે સતત 11 મેચથી અજેય રહેવાનો રેકોર્ડ નોંધાવ્યો છે. તે લીગમાં હવે ટોચના ક્રમે રહેલી એટલાન્ટા કરતા માત્ર ત્રણ પોઈન્ટ પાછળ છે. બંને ગોલ બીજા હાફમાં નોંધાયા હતા. કોમોએ મેચની 60મી મિનિટે ગોલ કરવાની તક ઊભી કરી હતી પરંતુ ઈન્ટરના ગોલકીપર યાન સોમનરે હરીફ ખેલાડી નિકો પાઝેના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. થુરમે વર્તમાન સિઝનમાં પોતાનો 12મો ગોલ નોંધાવ્યો હતો. ઈન્ટર મિલાન લીગમાં હાલ ત્રીજા ક્રમે છે અને તે નાપોલા કરતાં એક પોઈન્ટ પાછળ છે. જોકે તેની પાસે હજુ એક મેચ બાકી છે. ડિસેમ્બરની શરૂઆતમાં ફ્લોરેન્ટીના સામેની મેચ કેટલાક કારણોસર રદ કરવામાં આવી હતી.

# વિનોદ કાંબલીના રિપોર્ટમાં સામે આવી ગંભીર બીમારી

(એજન્સી) મુંબઈ | તા 24

પૂર્વ ભારતીય ક્રિકેટર વિનોદ કાંબલીને હોસ્પિટલમાં ભરતી કરાયા છે. તેઓ તેમના બાળપણના કોચ રમાકાંત આચરેકરના સ્મારક કાર્યક્રમમાં જોવા મળ્યા હતા. જ્યાં તેમની હાલત સારી દેખાતી ન હતી. હોસ્પિટલમાં દાખલ થતા ફેન્સ તેમના સ્વાસ્થ્યને લઈને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. મહત્વનું છે કે વિનોદ કાંબલીને પહેલેથી જ ઘણી બીમારીઓ છે. તેમને હાર્ટ એટેક પણ આવ્યો હતો. ત્યારે હવે તેમની સારવાર કરનારા ડોક્ટર વિવેક ત્રિવેદીએ હેલ્થને લઈને મોટો ખુલાસો કર્યો છે. ડોક્ટર વિવેક ત્રિવેદીના જણાવ્યા મુજબ વિનોદ કાંબલીને બ્લડ ક્લોટની સમસ્યા છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે મગજમાં ગંઠાઈ જવાને કારણે સ્ટ્રોકનું જોખમ રહેલું છે. સ્ટ્રોક એક ખતરનાક રોગ છે. જેમાં સમયસર સારવાર મળે તે જરૂરી છે. વિશ્વભરમાં સ્ટ્રોક મૃત્યુનું ત્રીજું મુખ્ય કારણ છે. ભારતમાં તમામ મૃત્યુમાં સ્ટ્રોકનો હિસ્સો આઠ ટકા છે. ઈન્ડિયન સ્ટ્રોક એસોસિએશનના જણાવ્યા અનુસાર ભારતમાં દર વર્ષે લગભગ 12 થી 13 લાખ



લોકો સ્ટ્રોકનો ભોગ બને છે. સ્ટ્રોકની જેમ મગજનો બીજો રોગ છે જેને બ્રેઈન ટ્યુમર કહે છે. બ્રેઈન ટ્યુમરના કેસ પણ દર વર્ષે વધી રહ્યા છે. ધ લેન્સેટ અનુસાર ભારતમાં દર વર્ષે બ્રેઈન ટ્યુમરના 28,000 થી વધુ કેસ નોંધાય છે. સ્ટ્રોક અને બ્રેઈન ટ્યુમર બંનેના કેસ દર વર્ષે વધી રહ્યા છે અને બંને જીવલેણ રોગો છે, પરંતુ બ્રેઈન ટ્યુમર અને સ્ટ્રોકમાં ઘણો તફાવત છે. દિલ્હીના ન્યુરોસર્જન ડો.મનીષ કુમારે જણાવ્યું કે બ્રેઈન સ્ટ્રોક અને બ્રેઈન ટ્યુમર બંને મગજના ખતરનાક રોગો છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે આ બિમારીઓ વધવાનું મુખ્ય કારણ ખાવાની ખોટી આદતો અને બગડેલી જીવનશૈલી છે. જો કે મગજમાં લોહીના ગંઠાઈ જવુ અને મગજની ગાંઠ થવાના કારણો ઘણા હોઈ થઈ શકે છે. આ બે માનસિક રોગોમાં ઘણો તફાવત છે.

### બ્રેન ક્લોટિંગ અને ટ્યૂમર વચ્ચે શું તફાવત છે?

પહેલા બ્રેઈન સ્ટ્રોકની વાત કરીએ. મગજને ઓક્સિજન પહોંચાડતી નસો ફાટી જાય ત્યારે આવું થાય છે. જેના કારણે મગજની કોશિકાઓ ધીરે ધીરે ક્ષતિગ્રસ્ત થવા લાગે છે. આ વ્યક્તિને લકવાગ્રસ્ત કરી શકે છે અને ગંભીર કિસ્સાઓમાં મૃત્યુ પણ થઈ શકે છે. મગજમાં લોહી ક્લોટ થવાને કારણે સ્ટ્રોક આવી શકે છે. મોટાભાગના કિસ્સાઓમાં આ સ્ટ્રોકનું કારણ પણ છે. સ્ટ્રોકના ઘણા પ્રકાર છે, જેમ કે ઈસ્કેમિક સ્ટ્રોક, હેમરેજિક સ્ટ્રોક અને ક્ષણિક ઈસ્કેમિક એટેક. આ ત્રણેય ખતરનાક છે અને જો સમયસર સારવાર ન કરવામાં આવે તો તે મૃત્યુનું કારણ બની શકે છે. જો કોઈ વ્યક્તિને અચાનક ચક્કર આવવા, સંતુલન ગુમાવવું, ચહેરો એક તરફ લટકવો, હાથ હલાવવામાં તકલીફ જેવા લક્ષણોનો અનુભવ થઈ રહ્યો હોય તો તેને નજરઅંદાજ ન કરવી જોઈએ. આ સ્ટ્રોકના લક્ષણો હોઈ શકે છે.

# રન કેવી રીતે બનાવવા...! કોહલીના ફોર્મને લઈને રોહિત શર્માનું મોટું નિવેદન

(એજન્સી) મુંબઈ | તા 25

બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં પર્થ ટેસ્ટની બીજી ઈનિંગ સિવાય ટીમ ઈન્ડિયાની બેટિંગ અત્યાર સુધી કંઈ ખાસ રહી નથી. આ સિરીઝમાં ટોપ ઓર્ડરે ઘણી નિરાશ કરી છે. વિરાટ કોહલીએ ભલે આ સિરીઝમાં સદી ફટકારી હોય પરંતુ તેનું ફોર્મ આ સિરીઝમાં કંઈ ખાસ રહ્યું નથી. એડિલેડ અને ગાબા બંને ટેસ્ટ મેચોમાં કોહલીનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું. કોહલીના ખરાબ ફોર્મથી હવે ટીમ ઈન્ડિયાનું ટેન્શન થોડું વધી ગયું છે. હવે મેલબોર્ન ટેસ્ટ પહેલા ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માની પ્રેસ કોન્ફરન્સ કરી છે, જેમાં રોહિતે વિરાટના ફોર્મને લઈને મોટું નિવેદન આપ્યું છે. બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં અત્યાર સુધી રોહિત શર્મા અને વિરાટ કોહલી બંનેનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું નથી. હવે સિરીઝની ચોથી મેચ 26 ડિસેમ્બરથી મેલબોર્નમાં રમાશે. આ પહેલા કેપ્ટન રોહિત શર્માની પ્રેસ કોન્ફરન્સ સામે આવી છે, જેમાં કેપ્ટનને વિરાટના ફોર્મ અંગે સવાલ કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં રોહિતે કહ્યું, “તે આધુનિક સમયનો મહાન ખેલાડી છે અને જાણે છે કે કેવી રીતે રન બનાવવા. તેઓ પોતાનો રસ્તો જાતે શોધી લેશે.” તેનો અર્થ એ કે રોહિતને વિશ્વાસ છે કે કોહલી ટૂંક સમયમાં



તેની શાનદાર લય પાછી મેળવી લેશે. બીજી તરફ ચાહકો પણ ઈચ્છે છે કે કોહલી ફરી એકવાર સારી ઈનિંગ રમે. બોર્ડર ગાવસ્કર ટ્રોફીની અત્યાર સુધી ત્રણ મેચ રમાઈ છે. જેની પાંચ ઈનિંગ્સમાં કોહલીના બેટમાંથી માત્ર 126 રન જ આવ્યા છે. જેમાં એક સદી પણ સામેલ છે, જે તેણે પર્થ ટેસ્ટની બીજી ઈનિંગમાં ફટકારી હતી. કોહલીએ આ સિરીઝમાં 5, 100*, 7, 11, 3 રન બનાવ્યા છે. હવે ફરી એકવાર વિશ્વભરના ક્રિકેટ પ્રેમીઓની નજર મેલબોર્ન ટેસ્ટમાં વિરાટ કોહલી પર ટકેલી છે. આ સમયગાળા દરમિયાન કોહલીનું પ્રદર્શન કેવું રહે છે તે જોવું રસપ્રદ રહેશે.

### બાઈડન ધડાધડ કરી રહ્યા છે કેદીઓની સજા માફ, ભડક્યા ટ્રમ્પ; બાઈડને મૃત્યુદંડ પર પ્રતિબંધ મૂક્યો હતો...

# રેપિસ્ટ અને હત્યારાઓને ફાંસીના માંચડે લટકાવીશ : ટ્રમ્પ

(એજન્સી) વોશિંગ્ટન | તા 18

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને સોમવારે 37 લોકોની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી. ડોનાલ્ડ ટ્રમ્પને બાઈડનનો આ નિર્ણય ગમ્યો નહીં. તેનણે આ નિર્ણયનો વિરોધ કર્યો અને કહ્યું કે હું શપથ લઈશ કે તરત જ હું ન્યાય વિભાગને આદેશ આપીશ કે અમેરિકન પરિવારોને બળાત્કારીઓ, હત્યારાઓ અને શેતાનોથી બચાવવા માટે મૃત્યુદંડ આપવાનું ચાલુ રાખે. અમે ફરીથી દેશમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત કરીશું.

જણાવીએ કે રાષ્ટ્રપતિ જો બાઈડને ફાંસીની સજા પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે ટ્રમ્પે કહ્યું છે કે આ સજા ફરીથી શરૂ કરવામાં આવશે.

અમેરિકામાં, રાષ્ટ્રપતિ ઘણીવાર તેમનો કાર્યકાળ પૂરો થાય તે પહેલાં વિશેષ સત્તાનો ઉપયોગ કરીને કેટલાક લોકોની સજા ઘટાડવા અથવા માફ કરે છે. બાઈડને આ સત્તાનો ઉપયોગ 37 લોકોની સજા ઘટાડવા માટે પણ કર્યો હતો. એકવાર રાષ્ટ્રપતિ કોઈની સજા ઘટાડી દે કે માફ કરી દે તો તેને બદલી શકાતી નથી.



## બાઈડનના નિર્ણયથી મૃતકના પરિવારજનો દુખી- ટ્રમ્પ

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે આ ગુનેગારોના કૃત્યો સાંભળ્યા પછી વિશ્વાસ નહીં આવે કે તેઓએ આ કર્યું છે. બાઈડન સરકારના નિર્ણયથી મૃતકોના પરિવારજનો દુ:ખી છે. તેઓ માની શકતા નથી.

વ્હાઈટ હાઉસે આ મામલે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ બાઈડન માત્ર આતંકવાદ અને નફરતથી સંબંધિત સામૂહિક હત્યા માટે મૃત્યુદંડનું સમર્થન કરે છે.

બાઈડન દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, અમે પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ જેમને તકલીફ પડી છે. પરંતુ હવે આ નિર્ણયથી પાછળ હટી શકાય તેમ નથી.

**ઘણા લોકોએ બાઈડનની પ્રશંસા કરી :** જસ્ટિસ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ, 13 ડિસેમ્બર સુધી રાષ્ટ્રપતિ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, જો બાઈડને 65 લોકોની સજા માફ કરી છે અને 1,634 કેદીઓની સજામાં ઘટાડો કર્યો છે. સિવિલ સોસાયટીના ઘણા લોકોએ આ નિર્ણય માટે બાઈડનની પ્રશંસા કરી છે અને તેમને હિંમતવાન ગણાવ્યા છે.

આના બે અઠવાડિયા પહેલા બાઈડને 1500 કેદીઓની સજા ઘટાડવાની જાહેરાત કરી હતી. આ તમામ કેદીઓને કોરોના મહામારી દરમિયાન જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ નજરકેદ હતા. આ સિવાય તેમણે હિંસક ગુનાઓમાં સંડોવાયેલા ન હોય તેવા 39 ગુનેગારોની સજા માફ કરી હતી.

## બાઈડને તેમના પુત્ર હન્ટરની સજા પણ માફ કરી દીધી

આ પહેલા જો બાઈડને તેમના પુત્ર હન્ટર બાઈડનની સજા પણ માફ કરી દીધી હતી. હન્ટર બાઈડન ગેરકાયદેસર બંદૂક રાખવા અને ટેક્સ ચોરી કેસમાં સજાનો સામનો કરી રહ્યો હતો.

પુત્રની સજા માફ કરવા અંગે જો બાઈડને કહ્યું કે મને કાયદો અને વ્યવસ્થામાં પૂરો વિશ્વાસ છે, પરંતુ રાજકારણે તેને ગંદુ બનાવી દીધું છે. આ ન્યાયતંત્રની નિષ્ફળતા છે. કોઈપણ સમજદાર વ્યક્તિ જેણે હન્ટરના કેસને સમજ્યો છે તે જાણતા હશે કે તેને ફક્ત એટલા માટે નિશાન બનાવવામાં આવ્યો હતો કારણ કે તે મારો પુત્ર છે.

# અઝરબૈજાનથી રશિયા જતું પ્લેન કઝાકિસ્તાનમાં ક્રેશ...

### 42 લોકોના મોતની આશંકા, ક્રૂ સહિત 72 લોકો સવાર હતા; દાવો- પ્લેન પક્ષીઓના ટોળા સાથે અથડાતા દુર્ઘટના ઘટી...

### ક્રેશ થયેલું પ્લેન અઝરબૈજાન એરલાઈન્સનું એમ્બ્રેર 190 મોડલ હતું





કઝાકિસ્તાન | બુધવારે સવારે કઝાકિસ્તાનના અક્તાઉમાં એક પેસેન્જર પ્લેન ક્રેશ થયું હતું. ન્યૂઝ એજન્સી રોયટર્સે કઝાક મીડિયાને ટાંકીને જણાવ્યું હતું કે, પ્લેનમાં 67 મુસાફરો અને 5 ક્રૂ મેમ્બર હતા. જેમાંથી 25 લોકોને બચાવી લેવાયા છે. જેમાંથી 22 લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રશિયન મીડિયાના અહેવાલો અનુસાર, આ દુર્ઘટના પક્ષીઓના ટોળા સાથે અથડાવાને કારણે થઈ છે.

આ અકસ્માતમાં 42 લોકોના મોતની આશંકા છે. વિમાન અઝરબૈજાનથી રશિયાના ચેચન્યા પ્રાંતની રાજધાની ગ્રોઝની જઈ રહ્યું હતું, પરંતુ તેણે કઝાક શહેર અક્તાઉથી લગભગ 3 કિમી દૂર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું.

એજન્સીઓના જણાવ્યા અનુસાર ગાઢ ધુમ્મસને કારણે ફ્લાઈટનો રૂટ બદલવામાં આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ક્રેશ થતા પહેલા પ્લેને એરપોર્ટના અનેક ચક્કર લગાવ્યા હતા. પાઈલટે એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગની પરવાનગી પણ માગી હતી.

જોકે, બાદમાં તેને એરપોર્ટ નજીકના બીચ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. ક્રેશ થયેલું પ્લેન અઝરબૈજાન એરલાઈન્સનું એમ્બ્રેર 190 મોડલ હતું. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે પ્લેન ક્રેશ થઈ રહ્યું છે અને તેમાં આગ લાગી છે. BBCના જણાવ્યા પ્રમાણે પ્લેનમાં લાગેલી આગ ઓલવાઈ ગઈ છે.

દાવો- પક્ષીઓના ટોળા સાથે અથડાયું પ્લેન કઝાકિસ્તાનના પરિવહન મંત્રાલયનું કહેવું છે કે, તેઓ આ અકસ્માતની વિશેષ તપાસ કરશે. રશિયન મીડિયાના અહેવાલો અનુસાર, આ દુર્ઘટના પક્ષીઓના ટોળા સાથે અથડાવાને કારણે થઈ છે, કઝાકિસ્તાનના ઈમરજન્સી મંત્રાલયના જણાવ્યા અનુસાર, કુલ 52 બચાવ ટીમ અને 11 બચાવ ઉપકરણોને દુર્ઘટના સ્થળ પર મોકલવામાં આવ્યા છે.

ક્રેશ થયેલા પ્લેન એમ્બ્રેર 190 વિશે જાણો... એમ્બ્રેર 190 એ બે જેટ એન્જિન ધરાવતું વિમાન છે. તેનો ઉપયોગ પ્રાદેશિક હવાઈ જોડાણ માટે થાય છે. આ નેરો બોડી એરક્રાફ્ટ 2004માં લોન્ચ કરવામાં આવ્યું હતું. તેની કોમર્શિયલ ફ્લાઈટ્સ આવતા વર્ષે એટલે કે 2005માં શરૂ થઈ હતી.

અલગ-અલગ બેઠક વ્યવસ્થા અનુસાર, તેમાં મુસાફરો અને ક્રૂ મેમ્બર સહિત 90થી 98 લોકો મુસાફરી કરી શકે છે. એમ્બ્રેર 190 જેટ બે ટર્બોફન એન્જિનથી સજ્જ છે, જેના કારણે તે 4000 કિમી જેટલું લાંબુ અંતર કાપી શકે છે.

## બ્રાઝિલમાં પ્લેન ક્રેશમાં 10 લોકોનાં મોત:ઘર સાથે અથડાઈને દુકાન પર પડ્યું; 15 લોકોની હાલત ગંભીર

બ્રાઝિલના ગ્રામાડો શહેરમાં રવિવારે એક નાનું પેસેન્જર પ્લેન ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં 10 લોકોના મોત થયા હતા. રોયટર્સ અનુસાર, પ્લેન પહેલા એક બિલ્ડિંગની ચીમની સાથે અથડાયું અને તે જ બિલ્ડિંગ સાથે અથડાઈ ગયું. આ પછી નજીકની ફર્નિચરની દુકાનમાં અકસ્માત થયો હતો. સંપૂર્ણ સમાચાર વાંચો... તુર્કીમાં ટેકઓફ કરતી વખતે હેલિકોપ્ટર હોસ્પિટલ સાથે અથડાયું:બે પાઈલટ સહિત 4 લોકોનાં મોત, ગાઢ ધુમ્મસના કારણે થયો અકસ્માત તુર્કીના મુગલ પ્રાંતમાં રવિવારે એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં બે પાઈલટ અને એક ડોક્ટર સહિત ચાર લોકોના મોત થયા છે. મુઘલ ગવર્નર અબ્દુલ્લા એરીને એએફપીને જણાવ્યું હતું કે, ગાઢ ધુમ્મસને કારણે હેલિકોપ્ટર નજીકની હોસ્પિટલના ચોથા માળે અથડાયું હતું.

## અમે કિમ જોંગના 3000 સૈનિકોનો ખાત્મો કર્યો...' રશિયા સામેના યુદ્ધ વચ્ચે ઝેલેન્સકીનો દાવો

(એજન્સી) યુ.કે | તા 25



રશિયા-યુક્રેન વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. બંને તરફથી થયેલા હુમલામાં અનેક લોકોનાં મોત થઈ ચૂક્યાં છે અને અનેક લોકો ઘાયલ પણ થયા છે. હવે રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકીએ મોટો દાવો કર્યો છે. 23 ડિસેમ્બરના રોજ જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, રશિયાના કુર્સ્ક વિસ્તારમાં રશિયન સેના તરફથી લડી રહેલા ઉત્તર કોરિયાના 3000થી વધુ સૈનિકો કાં તો મૃત્યુ પામ્યા છે અથવા તો ઘાયલ થયા છે. એક અહેવાલ પ્રમાણે ઓગસ્ટની શરૂઆતથી રશિયાએ લગભગ 12,000 નોર્થ કોરિયાના સૈનિકોને યુક્રેન મોકલ્યા છે.

ઝેલેન્સકીએ રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે વધી રહેલા સૈન્ય સહયોગ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આનાથી આધુનિક યુદ્ધ ટેકનોલોજી અને સૈન્ય અનુભવની આપ-લે થઈ શકે છે. તેમણે ચેતવણી આપી છે કે ઉત્તર કોરિયા અને રશિયા વચ્ચેના આ સહકારથી વધારાના સૈનિકો અને સૈન્ય સાધનોની સપ્લાય થઈ શકે છે. આના પરિણામ સ્વરૂપે યુક્રેનને આકરા જવાબ આપવાની જરૂર પડશે.

ઝેલેન્સકીએ એમ પણ કહ્યું કે, ઉત્તર કોરિયા સાથે રશિયાની વધતી ભાગીદારીથી માત્ર ક્યૂરેનિયન સરહદ જ નહીં, પરંતુ સમગ્ર કોરિયન દ્વીપકલ્પ અને તેની નજીકના પ્રદેશોમાં અસ્થિરતાનું જોખમ ઊભું થઈ શકે છે.

ઉત્તર કોરિયાના માર્યા ગયેલા સૈનિકોની સંખ્યા સંબંધિત માહિતીનો ઉલ્લેખ કરતા ઝેલેન્સકીએ કહ્યું કે, તેમનું મૂલ્યાંકન યુક્રેનિયન ગુપ્તચર દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટા પર આધારિત છે. તમને જણાવી દઈએ કે, દક્ષિણ કોરિયાના સાંસદ લી સુંગ-કોને 19 ડિસેમ્બરે એક નિવેદન જારી કરીને કહ્યું હતું.

# ના-પાક સાંઠગાંઠ:હવે પાક. આર્મીની સ્પે. ટીમ બાંગ્લાદેશી સૈન્યને તાલીમ આપશે

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 25

53 વર્ષ પહેલાં કારમા પરાજય પછી બાંગ્લાદેશ (તે સમયનું પાકિસ્તાન)થી પાછી વળેલાં પાકિસ્તાનના સૈન્યનો પુન:પ્રવેશ થઈ રહ્યો છે. પાક. આર્મીના મૅજર જનરલ રેન્કના અધિકારીના નેતૃત્વમાં એક સ્પેશિયલ ટીમ બાંગ્લાદેશની આર્મીને તાલીમ આપશે. સૂત્રોના કહેવા પ્રમાણે ફેબ્રુઆરીથી તાલીમ શરૂ થશે. પહેલા તબક્કાની તાલીમ બાંગ્લાદેશના મેમનશાહી કેન્ટમાં આર્મી ટ્રેનિંગ એન્ડ ડૉક્ટ્રિન કમાન્ડ (એટીડીસી) વડી કચેરીમાં અપાશે. એક વર્ષ સુધી ચાલનારા પહેલા તબક્કા પછી બાંગ્લાદેશ આર્મીની તમામ 10 કમાન્ડમાં પણ પાકિસ્તાનની આર્મી તાલીમ આપશે.



પાકિસ્તાની આર્મીના જોઈન્ટ ચીફ ઑફ સ્ટાફ કમિટીના ચૅરમૅન જનરલ સાહિર શમશાદ મિરઝાને નવેમ્બરમાં તાલીમ માટેનો પ્રસ્તાવ મોકલાયો હતો, એ જાણવા મળ્યું છે. બાંગ્લાદેશ આર્મી ચીફ જનરલ વકાર-ઉજ-જમાને પ્રસ્તાવ સ્વીકારીને પાક. આર્મીને ઔપચારિક નિમંત્રણ પણ આપ્યું છે. ઉલ્લેખનીય છે કે પૂર્વ પીએમ શેખ હસીનાએ 5 ઑગસ્ટે ઢાકા છોડ્યું, એ પછી આર્મી ચીફ વકારના નિર્દેશને પગલે બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર રચાઈ હતી.

સિલીગુડીમાં 80 કિલોમીટર પહોળા ભારતના ચિકન નેક કોરિડોર પર જોખમ વધી શકે છે. એ ભારતના સમગ્ર પૂર્વોત્તરને જોડે છે. ■ બાંગ્લાદેશનો પાકતરફી ઝોક કેમ? બાંગ્લાદેશમાં હંમેશથી પાકપરસ્ત સત્તા હાવી રહી છે. ફેર એટલો જ છે કે શેખ હસીનાનાં 15 વર્ષના શાસન દરમિયાન તેના પર નિયંત્રણ રહ્યું હતું પણ બાંગ્લાદેશના આર્મી ચીફ વકારે પાકિસ્તાનની આર્મી અને અન્ય શક્તિઓ સાથે હસીના વિરુદ્ધ ષડ્યંત્ર રચ્યું. 5 ઑગસ્ટે અહીં જનક્રાંતિએ નહીં, સેનાએ એક મોટું આયોજન કરીને તખ્તો પલટાવ્યો હતો.

### હાલત એટલી ખરાબ કે બાળકો કચરાના ઢગલામાં ખાવાનું શોધી રહ્યા છે, UN રાહત સામગ્રીના 100 ટ્રકોની લૂંટ

# ગાઝામાં લાખો લોકો ભોજન માટે તડપી રહ્યા : રિપોર્ટ

(એજન્સી) ગાઝા| તા 25

લગભગ 15 મહીનાથી ચાલી રહેલ ઇઝરાયલ- હમાસ યુદ્ધના કારણે 23 લાખ લોકો ખાવા માટે આમ- તેમ ભટકવા મજબુર થયા છે. સૌથી ખરાબ હાલત ઉત્તર ગાઝાની છે, જ્યાં ઇઝરાયલે સૌથી પહેલો હુમલો કર્યો હતો. ત્યાં હાલત એટલી ખરાબ છે કે UN દ્વારા મોકલવામાં આવી રહેલી રાહત સામગ્રી ભરેલી ટ્રકોને રસ્તામાં જ લૂંટવામાં આવી રહી છે.

હાલમાં ઓક્સફેમના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે છેલ્લા અઢી મહિનામાં રાહત સામગ્રીની માત્ર 12 ટ્રક ઉત્તરી ગાઝા પહોંચી હતી, જ્યારે રસ્તામાં 100થી વધુ ટ્રક લૂંટી લેવામાં આવી હતી. સ્થિતિ એટલી ખરાબ છે કે લોકો ભૂખે મરવાના આરે આવી ગયા છે.

બાળકો અને મહિલાઓ કચરાના ઢગલામાંથી ખાવાનું વીણીને પેટ ભરવા મજબુર થયા છે. ઓક્સફેમના આરોપ છે કે 6 ઓક્ટોબરથી ઇઝરાયલે ઈરાદાપૂર્વક જબાલિયા, બેત લાહિયા અને બેત હનુનનો લશ્કરી ઘેરો વધારી રહ્યું છે.આમ કરીને તે રાહત સામગ્રીને ઉત્તરી ગાઝા સુધી પહોંચાડતા અટકાવી રહ્યા છે.



બાળકોને રમવાની ના પાડી રહ્યા જેથી ચક્કર ન આવે ગાઝામાં રહેતા લોકોનું કહેવું છે કે પરિવારના વડીલો બાળકોને રમવાની ના પાડી રહ્યા છે, જેથી તેમને ચક્કર ન આવે. 15 લોકોના પરિવાર પાસે ખાવા માટે બિસ્કિટનું માત્ર એક પેકેટ છે. એક તાડપત્રીની કિંમત 15 હજાર રૂપિયા છે. એક ટેન્ટ બનાવવા માટે 5 તાડપત્રી (76 હજાર રૂપિયા)ની જરૂર પડે છે. વીજળીની કોઈ શક્યતા નથી.

એક કર્મચારીએ અહેવાલ આપ્યો કે એક આખો પરિવાર એક ઈંડા માટે ડેર અલ-બલા વિસ્તારમાં શોધ કરી રહ્યો હતો, જેથી તૂટેલા હાડકાવાળા સંબંધીની કેલ્શિયમ જરુરીયાત પુરી થઈ શકે . ઈંડાની કિંમત લગભગ 500 રૂપિયા હતી.

રાફેહનો અબુ રાહત સામગ્રીનો મોટો લૂંટારો રાહત ટ્રકોના પરિવહન સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે ગાઝામાં સૌથી મોટી લૂંટારૂ ગેંગ યાસર અબુ શબાબની છે. તેનો પૂર્વ રાફેહના નાત્રા વિસ્તારમાં દબદબો છે. 25 નવેમ્બરે હમાસે હુમલો કર્યો જેમાં અબુના ભાઈ સહિત 20 લોકો માર્યા ગયા.

હમાસનો આરોપ છે કે ઇઝરાયલની સેના ગાઝામાં રાહત સામગ્રી લૂંટી રહેલી ગેંગને મદદ કરી રહી છે. દાવો કરવામાં આવે છે કે શબાબ ગેંગ અત્યાર સુધીમાં સૌથી વધુ ટ્રક લૂંટી ચૂકી છે.

# પાકિસ્તાનની મોડીરાતે અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઇક

### મહિલા અને બાળકો સહિત 15નાં મોત, તાલિબાન ભડક્યું

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 25

પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આ એરસ્ટ્રાઈકમાં પક્તિકા પ્રાંતના બર્મલ જિલ્લામાં કરવામાં આવી છે. આ એરસ્ટ્રાઈકમાં મહિલાઓ અને બાળકો સહિત 15 લોકો માર્યાં ગયાં હોવાના અહેવાલ છે. અફઘાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, એરસ્ટ્રાઈકમાં મૃત્યુઆંક વધી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર અફઘાનિસ્તાન પર આ એરસ્ટ્રાઈકમાં ઘણાં ગામોને પણ નિશાન બનાવવામાં આવ્યાં છે. જોકે પાકિસ્તાની અધિકારીઓએ હજુ સુધી આ એરસ્ટ્રાઈકની સત્તાવાર પુષ્ટિ કરી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાની ફાઈટર જેટ્સે અફઘાનિસ્તાનના વિસ્તારોમાં બોમ્બમારો કર્યો છે. આ હવાઈહુમલામાં મોટેપાયે વિનાશ થયો છે. પાકિસ્તાની એરસ્ટ્રાઈક બાદ આ વિસ્તારમાં તણાવ ઘણો વધી ગયો છે.

તાલિબાને પણ વળતો હુમલો કરવાની ધમકી આપી હતી પાકિસ્તાનના આ હુમલા બાદ તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે બર્મલ પર હુમલા બાદ વળતી કાર્યવાહી કરવાની ધમકી આપી છે. તાલિબાને એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે અફઘાનિસ્તાનને તેની જમીન અને સાર્વભૌમત્વની રક્ષા કરવાનો સંપૂર્ણ અધિકાર છે. હુમલાની નિંદા કરતા તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે પાકિસ્તાની ફાઈટર જેટ દ્વારા બોમ્બમારો કરવામાં આવેલા વિસ્તારોમાં વઝીરિસ્તાનના શરણાર્થીઓ પણ સામેલ હતા.

હુમલામાં મૃતકોની સંખ્યા વધુ વધી શકે છે પાકિસ્તાનના આ હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં 15 લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. મૃત્યુ પામેલાઓમાં ખાસ કરીને મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ પણ ઘણા વિસ્તારોમાં રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. જ્યારે ઘણા ઘાયલોની હાલત અત્યંત ગંભીર છે. જેઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આવી સ્થિતિમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ એરસ્ટ્રાઈકને કારણે સારવાર દરમિયાન ઘણા લોકોના મોત પણ થઈ શકે છે.

# સ્પેસમાં સુનિતા વિલિયમ્સની ક્રિસમસ પાર્ટી સાન્તા કેપ પહેરીને એસ્ટ્રોનોટ્સે સ્પેસમાં પાર્ટી કરી

(એજન્સી) વોશિંગ્ટન | તા 18

નાસાની અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ઘણા મહિનાઓથી ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) માં છે અને હવે તેઓ આ વર્ષે ક્રિસમસ ઉજવણી પણ ત્યાં જ કરી રહ્યાં છે. નાસાએ સુનિતા વિલિયમ્સ અને તેની સાથે અવકાશમાં રહેતા ત્રણ અવકાશયાત્રીઓ - ડોન પેટિટ, નિક હેગ અને બૂચ વિલ્મોરનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યો છે. એસ્ટ્રોનોટ્સની આ ટીમ સ્પેસથી જ ક્રિસમસ સેલિબ્રેશન શુભકામનાઓ આપી રહી છે. સાથે જ, અંતરિક્ષમાં જ ક્રિસમસ ઊજવવાની ખાસ તૈયારીઓ કરી રહી છે.

અવકાશયાત્રીઓએ ક્રિસમસ કેપ પહેરેલી છે આ વીડિયોમાં ત્રણ અવકાશયાત્રીઓએ સાન્તાક્લોઝની લાલ ટોપી પહેરી છે. સામાન્ય રીતે આ કેપનો ઉપરનો ભાગ હંમેશાં નીચે તરફ ઝૂકેલો રહે છે કારણ કે તેનું ફેબ્રિક સોફ્ટ હોય છે, પરંતુ અવકાશમાં બનેલા આ વીડિયોમાં અવકાશયાત્રીની કેપ સીધી ઊભી છે. આ એટલા માટે છે કારણ કે અવકાશમાં કોઈ ગુરુત્વાકર્ષણ બળ નથી, જેના કારણે વસ્તુઓ ઊડતી રહે છે. સુનીતા વિલિયમ્સના વાળ ઉપરની તરફ ઊડી રહ્યા છે. એટલું જ નહીં, સ્ટ્રો સહિત અન્ય કેટલીક વસ્તુઓ પણ વચ્ચેથી ઊડતી જોવા મળે છે. બધાને ક્રિસમસની શુભકામનાઓ આપી નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ, ડોન પેટિટ, નિક હેગ અને બૂચ વિલ્મોર દ્વારા 23 ડિસેમ્બર, 2024ના રોજ રેકોર્ડ કરાયેલા આ મેસેજમાં, તમામ અવકાશયાત્રીઓએ પૃથ્વી પર પાછા આવેલા અન્ય અવકાશયાત્રીઓ, તેમના પરિવારો, મિત્રો, નાસાની ટીમ વગેરેને મેરી ક્રિસમસની શુભેચ્છા પાઠવી હતી. નાતાલની પાર્ટીઓ, રજાઓને પણ યાદ કરી. તેમણે કહ્યું કે તેઓને નાતાલના તહેવાર વિશે સૌથી વધુ શું ગમે છે.



ક્રિસમસની રજા વિશે કહ્યું સુનિતા વિલિયમ્સ કહે છે કે મને ક્રિસમસની તૈયારી કરવી અને પરિવાર સાથે રજાઓ મનાવવી ગમે છે. પછી અન્ય અવકાશયાત્રી કહે છે, અમે અમારા પરિવાર અને મિત્રોને મેરી ક્રિસમસની શુભેચ્છા પાઠવીએ છીએ. ગ્રાઉન્ડ પર એક વિશાળ ટીમ છે જે અમને સમયે સમયે સપોર્ટ કરવા માટે તૈયાર રહે છે.


## કેન-બેતવા પ્રોજેક્ટ મારફત મધ્ય પ્રદેશના 10 જિલ્લામાં 44 લાખ અને ઉત્તરપ્રદેશના 21 લાખ લોકોને પીવાનું પાણી મળશે

# ઉ.પ્રદેશ-મધ્યપ્રદેશની નદીઓ જોડાશે, 65 લાખ લોકોને થશે લાભ

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતિના અવસર પર આજે વડાપ્રધાન મોદી મધ્ય પ્રદેશના ખજુરાહોમાં કેન-બેતવા રિવર લિંક પરિયોજનાનું ઉદ્ઘાટન કરવા જઈ રહ્યા છે. આ પરિયોજનાનો લાભ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશની કુલ અંદાજે 65 લાખ વસ્તીને થશે.કેન-બેતવા લિંક પરિયોજનાનો ઉદ્દેશ મધ્યપ્રદેશમાં વહેતી કેન નદીના પાણી ઉત્તરપ્રદેશમાં બેતવામાં સ્થાનાંતરિત કરવાનો છે. જેથી દુષ્કાળગ્રસ્ત બુંદેલખંડને સિંચાઈના પાણી મળી શકે. કેન નદી જબલપુરની નજીક કેમૂરના પહાડોમાંથી નીકળી 427 કિમી ઉત્તર તરફ વહે છે. બાદમાં ઉત્તરપ્રદેશના બાંદા જિલ્લામાં સ્થિત ચિલ્લા ગામમાં યમુના નદીને મળે છે. કેન અને તેની સહાયક નદીઓ પર પાંચ ડેમ છે. બેતવા નદી મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાંથી નીકળી 576 કિમી વહ્યા બાદ ઉત્તરપ્રદેશના હમીરપુર જિલ્લામાં યમુનાને મળે છે. બેતવા અને તેની સહાયક નદીઓ પર 24 ડેમ છે.






જ્યારે દેશના વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી હતા, ત્યારે તેમણે દેશની 36 નદીઓને જોડવાનો નિર્ણય લીધો હતો. જેમાંથી એક પ્રોજેક્ટ કેન-બેતવા નદી પણ હતો. જો કે, વર્ષોથી આ કામ અટવાયુ હતું. હવે આ કામ પૂર્ણ કરવામાં આવશે. નદીઓને જોડવા માટે એક નહેર બનાવવામાં આવશે. તેમજ દૌધન ડેમ નિર્માણ કરી કેન નદીના પાણી બેતવા નદીમાં સમાવવામાં આવશે.કેન-બેતવા પ્રોજેક્ટ મારફત મધ્ય પ્રદેશના 10 જિલ્લામાં 44 લાખ અને ઉત્તરપ્રદેશના 21 લાખ લોકોને પીવાનું પાણી મળશે. અંદાજિત રૂ. 44605 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવતાં આ પ્રોજેક્ટથી બંને રાજ્યોને સિંચાઈના પણ પાણી મળશે.ગ્રીન એનર્જીમાં પણ આપશે યોગદાન આ પરિયોજના હેઠળ જળ વિદ્યુત યોજનાને લાભ મળશે. ગ્રીન એનર્જીમાં 130 મેગાવોટનું યોગદાન આપવા ઉપરાંત ઔદ્યોગિક એકમોને પર્યાપ્ત પાણી મળશે. 42 તળાવો રિચાર્જ થશે. તેમજ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાણી પહોંચશે. પીવાના પાણીની સુવિધા વધશે.મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું હતું કે, ડેમમાં 2853 મિલિયન ક્યુબેક મીટર પાણીનો સંગ્રહ કરશે. કેન નદીના વધારાના પાણી દૌધન ડેમમાંથી 221 કિમી લાંબી લિંક નહેરના માધ્યમથી બેતવા નદીમાં સ્થાનાંતરિત કરવામાં આવશે. જેનાથી બંને રાજ્યોમાં સિંચાઈ અને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થશે.

### ક્યાં અટવાયો હતો પ્રોજેક્ટ

આ પરિયોજના લાંબા સમયથી જાહેર કરવામાં આવી હતી. પરંતુ પર્યાવરણીય અને વન્ય જીવ સંરક્ષણ સંબંધિત સમસ્યાઓના કારણે પ્રોજેક્ટ અટવાયો હતો. કારણકે નહેર પન્ના અભ્યારણ્યમાંથી પસાર થશે. જેથી અનેક સવાલો ઉઠ્યા હતા. જો કે, મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું કે, દૌધન જળાશય પન્ના ટાઈગર રિઝર્વમાં જંગલી જાનવરો માટે પીવાનું પાણી ઉપલબ્ધ કરાવશે.

## અમુક તાકતો આ ષડયંત્ર રચી રહી છે

# 'અદૃશ્ય તાકાતો મણિપુરમાં હિંસા માટે જવાબદાર, કંઇ બાકી નહીં રહે...' પૂર્વ ચીફ જસ્ટિસનો મોટો દાવો



(એજન્સી) મણિપુર । તા. 25

મણિપુર હિંસા મામલે મણિપુર હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ સિદ્ધાર્થ મૃદુલે રાજ્યની સ્થિતિને તાત્કાલિક ધોરણે કાબૂમાં લેવાની જરૂરિયાત દર્શાવી છે. તેમજ તેમણે મણિપુરમાં અદ્રશ્ય તાકાતો મણિપુરને ભડકે બાળી રહી છે, તે હિંસાને પ્રોત્સાહન આપી રહી હોવાનું જણાવ્યું છે. પૂર્વ ચીફ જસ્ટિસ મૃદુલે દિલ્હીની એક પેનલ ચર્ચામાં જણાવ્યું હતું કે, અમુક તત્વો મણિપુરને સતત બળતું રાખવા માગે છે. હું આ વિચાર સાથે સહમત છું, સતત ચાલતી હિંસાની પાછળ એક અદ્રશ્ય હાથ છે. આ હાથ કોનો છે, તે હજુ સ્પષ્ટ થયુ નથી. પરંતુ અમુક લોકો મણિપુરને બળતુ જોવા માગે છે.મીડિયા સાથે ચર્ચામાં જસ્ટિસ મૃદુલે જણાવ્યું કે, મને લાગે છે કે, કોઈક સતત હિંસાને બળ આપી રહ્યું છે. જ્યારે પણ સ્થિતિ સામાન્ય થાય છે, ત્યાં અચાનક નવી હિંસાની લહેર આવી જાય છે. મને વિશ્વાસ છે કે, અમુક તાકતો આ ષડયંત્ર રચી રહી છે. આ તાકાત બાહ્ય અથવા સ્થાનિક હોઈ શકે છે.

### મણિપુરમાં 60000 સૈનિકો તૈનાત

કેન્દ્રે સ્થિતિને કાબૂમાં લેવા વારંવાર રાજ્યમાં સૈનિકો મોકલ્યા છે. હાલ ભારતીય સેના, અસમ રાઈફલ્સ, સીઆરપીએફ અને મણિપુર પોલીસ સહિત લગભગ 60000 સુરક્ષા કર્મી તૈનાત છે. તેમ છતાં હિંસા અટકી નથી. હિંસાના કારણે વિસ્થાપિત લોકો હજી પોતાના ઘરે પરત ફરી શક્યા નથી. રાહત છાવણીમાં આશરો લઈ રહ્યા છે. અધિકારીઓએ રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવા તાત્કાલિક ધોરણે કામગીરી કરવી જોઈએ. નહિ તો સ્થિતિ વણસી શકે છે. અને અન્ય રાજ્ય સુધી ફેલાઈ શકે છે.

### મણિપુરમાં સતત 19 મહિનાથી હિંસા

મણિપુરમાં જાતિય સંઘર્ષ છેલ્લા 19 મહિનાથી ચાલી રહ્યું છે. આ હિંસામાં કેન્દ્ર સરકારે વધુને વધુ સૈનિકો તૈનાત કરવા, અફસ્પા લાગુ કરવા તેમજ વિવિધ જૂથોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરવા અપીલ કરી છે. જો કે, સરકારે આ માગ સામે કોઈ ખાસ પગલાં લીધા નથી. મણિપુર હિંસામાં અત્યારસુધી 240થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જસ્ટિસ મૃદુલે જણાવ્યું કે, અમુક સમય માટે હિંસા થંભી જાય છે. પરંતુ મે મહિનાથી અત્યારસુધી મણિપુરમાં ક્યારેય સ્થિતિ સામાન્ય થઈ નથી. મેં અધિકારીઓ સાથે વાતચીત કરી હતી કે, ન્યાયપાલિકા કોઈપણ અડચણ વિના પોતાની કામગીરી ચાલુ રાખી શકશે કે નહીં. પરંતુ વાત કરતાં મને અનુભવ થયો કે, કોઈપણ વ્યક્તિ આ સ્થિતિ પર નિયંત્રણ ધરાવતુ નથી.

## કરોડો મોબાઈલ યુઝર્સને TRAIની મોટી રાહત

# ટેલિકોમ કંપનીઓ માટે નવું ફરમાન જાહેર કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દેશના કરોડો યુઝર્સ માટે રાહતના સમાચાર છે. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈનું કહેવું છે કે ટેલિકોમ કંપનીઓએ વોઈસ અને એસએમએસ પેક અલગથી આપવા પડશે. તેના લીધે ગ્રાહકોને તેમના માટે જરૂરી હોય તેટલી જ સર્વિસના પેમેન્ટનો વિકલ્પ મળશે. તેની સાથે સ્પેશ્યલ ટેરિફ વાઉચર (એસટીવી)ની સમયમર્યાદા 90 દિવસથી વધારીને 365 દિવસ કરવામાં આવી છે. ટ્રાઈના નિયમો મુજબ દસ રુપિયાનું ટોપ અપ વાઉચર રાખવું જરૂરી છે. હાલમાં ટેલિકોમ કંપનીઓ ગ્રાહકોને કોમ્બો ઓફર આપે છે.તેના લીધે ટુ-જી સીમકાર્ડનો ઉપયોગ કરનારાઓને સૌથી વધુ ફાયદો થશે. આજે પણ ગ્રામીણ તથા દૂરના ક્ષેત્રોમાં લોકો ટુ-જી સીમકાર્ડનો ઉપયોગ કરી રહ્યા છે.મોબાઈલ ઓપરેટર હાલમાં જે વોઈસ અને એસએમએસ પ્લાન રજૂ કરી રહ્યા છે તેમા મોટાભાગના પ્લાનમાં ઈન્ટરનેટ અને ડેટાની કિંમત બંડલ કરવામાં આવી છે એટલે કે તે સંયુક્ત રીતે લેવામાં આવે છે. તેના લીધે સામાન્ય યુઝર્સને વધારે રુપિયા આપવા પડી રહ્યા છે. ફીચર્સ ફોનનો ઉપયોગ કરનારા વૃદ્ધ અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતા કેટલાય ગ્રાહકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં નથી. આમ છતાં તેને ડેટા પેક લેવા માટેની ફરજ પાડવામાં આવી રહી છે. ટ્રાઈએ તેની સામે વાંધો ઉઠાવ્યો હતો.

જો કે મોબાઈલ કંપનીઓ તેની સાથે સંમત નથી અને તેમનું કહેવું હતું કે તેનાથી કેન્દ્ર સરકારની ડિજિટલ ઈન્ડિયાની ગતિ ધીમી પડી શકે છે. ટ્રાઈએ જણાવ્યું હતું કે તેના માનવા મુજબ ડેટા-ઓનલી એસટીવી અને બંડલ ઓફર ઉપરાંત વોઈસ અને એસએમએસ માટે એક અલગ એસટીવી ફરજિયાત કરવું જોઈએ.

## પાંચ બાંગ્લાદેશી સહિત 11ની દિલ્હી પોલીસે ધરપકડ કરી

# બાંગ્લાદેશી ઘૂસણખોરોનું કૌભાંડ ઝડપાયું 31 ફેક આધાર-પાન-મતદાર કાર્ડ જપ્ત

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

નવી દિલ્હી : દિલ્હી પોલીસે બાંગ્લાદેશી ઘૂસણખોરોનું મોટું રેકેટ ઝડપી પાડયું છે. ઘૂસણખોરો તેમજ તેમને મદદ કરનારા સહિત કુલ ૧૧ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં પાંચ બાંગ્લાદેશી અને છ મદદ કરનારાઓનો સમાવેશ થાય છે. આ સાથે જ આરોપીઓની પાસેથી ૨૧ ફેક આધાર કાર્ડ, છ ફેક પાન કાર્ડ અને ચાર ફેક મતદાર આઈડી મળી આવ્યા છે. એક ફેક વેબસાઈટ બનાવીને આ બનાવટી દસ્તાવેજો આપવામાં આવી રહ્યા હતા. જેમાં માત્ર ૨૦ રૂપિયા લઈને ફેક ભારતીય નાગરિકતા પણ આપવામાં આવી રહી હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે રજત શર્મા નામનો આરોપી જનતા પ્રિન્ટ્સ નામની વેબસાઈટ ચલાવતો હતો, આ વેબસાઈટના માધ્યમથી માત્ર ૨૦ રૂપિયામાં ફેક દસ્તાવેજો બનાવી અપાતા હતા. જે પાંચ ગેરકાયદે ઘૂસેલા બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા છે તેઓએ ભારતીય સરહદમાં પ્રવેશવા માટે જંગલ અને ટ્રેન માર્ગનો ઉપયોગ કર્યો હતો. તેમને મોબાઈલ અને રોકડા રૂપિયા, દસ્તાવેજો સહિત તમામ સુવિધાઓ ભારતમાં પુરી પાડવામાં આવી રહી હતી. સાઉથ દિલ્હીના સંગમ વિબારમાં એક હત્યાના મામલાની તપાસ દરમિયાન બાંગ્લાદેશીઓને ઘૂસાડવાનું આ રેકેટ ઝડપાયું હતું. સાઉથ ડિસ્ટ્રિક્ટના ડીસીપી અંકિત ચૌહાણે જણાવ્યું હતું કે સેંટો શેખની હત્યા રૂપિયાની લેવડદેવડ અને અંગત ઝઘડાને કારણે કરાઈ હતી. આ સેંટો શેખ બાંગ્લાદેશી નાગરિકોના બનાવટી આધારકાર્ડ બનાવતો હતો. હત્યામાં સામેલ પણ બાંગ્લાદેશી ઘૂસણખોરો જ છે જેને પોલીસે ઝડપી પાડયા હતા.

## લીમખેડા ખાતે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ



દિપક રાવલ દાહોદ

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે ભારત રત્ન પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેયીની 100મી જન્મ જયંતિ નિમિત્તે ભાજપ કાર્યકર્તાઓએ પુષ્પ અર્પણ કરી શ્રધ્ધાજલિ અર્પિત કરી હતી. આજે 25 ડિસેમ્બરના રોજ દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અને ભારતીય જનતા પાર્ટીના પ્રથમ રાષ્ટ્રીય અધ્યક્ષ સ્વ. અટલ બિહારી વાજપેયીની 100મી જન્મ જયંતિ છે. જેને પગલે કેન્દ્ર સરકાર દ્વારા સુશાસન દિવસ તરીકે ઉજવણી કરવામા આવી રહી છે ત્યારે આજે લીમખેડાના દાહોદ રોડ પર વિજય હોટલ નજીક આવેલ તાલુકા ભાજપ કાર્યાલય ખાતે ભાજપના કાર્યકર્તાઓએ સ્વ.અટલ બિહારી વાજપાયીને પુષ્પ અર્પણ કરી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા, સાથે સ્વ.અટલ બિહારી વાજપાયીના વિચારો અને તેમજ તેઓ દ્વારા રચવામા આવેલી કવિતાઓનું પઠન કરી તેમની અદભૂત કાર્યશૈલી પ્રતિભાને યાદ કરી ભાજપના સૌ કાર્યકર્તાઓએ નમન વંદન કર્યા હતા.

આ કાર્યક્રમમા તાલુકા ભાજપ પ્રમુખ સામાભાઈ કટારા, મહામંત્રી અનિલ શાહ, મંગુભાઈ મુનીયા, પૂર્વ ચેરમેન જી.પં.દાહોદ, સરતનભાઈ ચૌહાણ જીલ્લા પંચાયત સભ્ય, ટી.કે.બારીયા, સી.કે.મેડા, લીમખેડા તાલુકા ભાજપ પ્રભારી, વિનોદ રાજગોર, રમેશ નિનામા મહામંત્રી, મન્નાભાઈ લબાના પ્રમુખ, ફેર પ્રાઈઝ એસોસિએશન સહિત મોટી સંખ્યામા ભાજપના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## રેપ પીડિતાને સારવારની ના પાડવી ગુનો દેશની તમામ હોસ્પિટલો બંધાયેલી

નવી દિલ્હી : દિલ્હી હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટતા કરી હતી કે રેપ, એસિડ હુમલાની પીડિતાઓને મેડિકલ સારવાર આપવાની ના પાડવી એક ગુનો છે. હાઈકોર્ટે કહ્યું હતું કે દેશની તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલો કાયદાની જોગવાઈથી બંધાયેલી હોવાથી રેપ પીડિતા કે એસિડ હુમલાનો ભોગ બનેલી પીડિતાઓને સારવાર આપવાથી દૂર ના ભાગી શકે. આ સાથે જ હાઈકોર્ટે કહ્યું હતું કે કેન્દ્ર-રાજ્ય સરકારની તેમજ ખાનગી હોસ્પિટલો રેપ-એસિડ હુમલાની પીડિતાઓને મફતમાં સારવાર આપે. મફત સારવાર મળવી તે આવી પીડિતાઓનો અધિકાર છે. દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ પ્રતિબા એમ સિંહ અને ન્યાયાધીશ અમિત શર્માની બેંચે રેપના મામલાની સુનાવણી દરમિયાન આ ચુકાદો આપ્યો હતો. રેપ, એસિડ હુમલો, શારીરિક શોષણ, પોક્સો હેઠળ આવતી પીડિતાઓ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો અને નર્સિંગ હોમ્સમાં મફત સારવાર મેળવવાનો અધિકાર ધરાવે છે. કેન્દ્ર-રાજ્ય સરકારના ફંડથી ચાલતી તેમજ ખાનગી હોસ્પિટલોએ, ક્લિનિક્સ, નર્સિંગ હોમ્સે આ આદેશનુ ફરજિયાત પાલન કરવાનું રહેશે અને આવી પીડિતાઓ સારવારથી વંચિત ના રહી જાય તેની તકેદારી રાખવાની રહેશે.

## દાહોદ ખાતે ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જીલ્લાના રમતવીરોને પ્રોત્સાહન મળેતે માટે દાહોદ જીલ્લાનાં યુવાનોનાં આદર્શ એવા ધાનપુર તાલુકાના ભા.જ.પા નાં ઉપાધ્યક્ષશ્રી કિરણભાઈ ખાબડ સાહેબ દ્વારા ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ તેમા સમગ્ર ગુજરાતમાંથી સારા-સારા ખેલાડીઓ એ ભાગ લઈને ખુશીથી



પોતાના કૌશલ્યો બતાવ્યા. તારીખ ૨૫/૧૨/૨૦૨૪નાં રોજ ફાઈનલ મેચ રમાઈ હતી અને તેમા વિજેતા તરીકે ધાનપુર લગાન ટીમ થઈ અને ઉપવિજેતા શ્રીજી વસ્ત્ર ભંડાર અને વંશ મોબાઈલ દે.બારીઆ નાં સંયુક્ત ઉપક્રમે રહી. ટુર્નામેન્ટની ફાઈનલમાં (૧) ધાનપુર તાલુકાનાં A.P.M.C નાં ડીરેકટરશ્રી બળવંતભાઈ ખાબડ સાહેબ (૨) ગોપસીંગભાઈ કે. લવાર (કૃષિ ડીરેકટર) (૩) રાકેશકુમાર પી.ખાબડ(પ્રમુખશ્રી ભા.જ.પા.ધાનપુર)) (૪) રતનસિંહ એલ. ચૌહાણ (ઉ.પ્રમુખ શ્રી તા.પં. ધાનપુર) (૫) જીતેન્દ્રસિંહ ચૌહાણ (મંત્રી દાહોદ જીલ્લા યુવા મોરચા ) (૬) નરેન્દ્રસિંહ ખાબડ (મંત્રી શૈ. સંઘ ધાનપુર) (૭) આપસીગભાઈ પટેલ,૮)જયદીપભાઈ રાઠવા (૯) હિમતસિંહ એન રાઠોડ ૧૦) વિશાલકુમાર ખાબડ (૧૧) હિતેશભાઈ ખાબડ (મા.વિ.શૈ.સંઘ પ્રમુખ ધાનપુર) (૧૨) મણીલાલ પરમાર(તા.સભ્ય) (૧૩) મનહરસિંહ બારીઆ (તા.સભ્ય) ૧૪)જીજ્ઞેશભાઈ પટેલ ૧૫) સુનિલભાઈ રાઠોડ ૧૬) સચિનભાઈ જોષી ૧૭) ગોલુભાઈ ૧૮) બલ્લુંભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## કેરળના વાયનાડમાં જમીન ધસી પડતાં 254ના મૃત્યુ



વાયનાડ : કેરળના વાયનાડમાં ભારે વર્ષાને લીધે પર્વત માળાની જમીન ધસી પડતાં ત્યાં વસતા ગામડાઓ જમીનદોસ્ત થઈ ગયા. ૨૫૪ જેટલા નાગરિકો દટાઈ ગયા. આ આંક ઘણો ઊંચો હોવાનું મનાય છે. ૪૦૦ નાગરિકો ઘાયલ થયા અને ૧૨૦ નાગરિકો લાપત્તા છે. રૂ.૧૨૦૦ કરોડનું નુક્શાન થયું.પર્વત માળા પર ગેરકાયદેસર ખનન, દબાણ સર્જતા ઘર અને દુકાનો તેમજ ગ્લોબલ વોર્મિંગને લીધે આ હદે પડતો વરસાદ આવી ઘટનાનું કારણ છે.

# બજરંગ દળના કાર્યકરોએ પોલીસ સામે નગર નિગમના કર્મચારીઓને માર્યા, સરકારી વાહનોમાં કરી તોડફોડ

## સ્થિતિ બેકાબૂ...

(એજન્સી) ઈન્દોર । તા. 25

ઈન્દોર નગર નિગમના કર્મચારીઓ પર હુમલા અને વાહનોની તોડફોડની એક ગંભીર ઘટના સામે આવી છે. નગર નિગમની ટીમ ગેરકાયદેસર બનેલા તબેલાને તોડીને અનેક પશુઓને પકડીને બે વાહનોમાં ભરીને લઈ જઈ રહી હતી. આ દરમિયાન જ્યારે નગર નિગમની ટીમ રસ્તામાં હતી ત્યારે બજરંગ દળના કાર્યકરોએ વાહનોને અટકાવી દીધા હતા અને પથ્થરો અને લાકડીઓ દ્વારા તેમના પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ વાહનોમાં તોડફોડ કરી હતી અને પોલીસની સામે જ નગર નિગમ કર્મચારીઓને માર માર્યો હતો. આ હુમલામાં નગર નિગમના કર્મચારીઓને ઈજા પહોંચી છે. ઘટના સ્થળ પર પોલીસે પરિસ્થિતિને કાબુમાં લીધી હતી. નગર નિગમના ડેપ્યુટી કમિશનરે આ હુમલાના આરોપીઓ સામે કડક કાર્યવાહીની માગ કરી છે અને પોલીસે આ મામલે તપાસ



હાથ ધરી છે અને હુમલાખોરોની ઓળખ કરવાના પ્રયાસો ચાલુ છે.નગર નિગમની ટીમ ગેરકાયદે બનેલા ગાયના તબેલામાં કાર્યવાહી કરવા માટે પહોંચી હતી ઘટના એમ છે કે, ઈન્દોર નગર નિગમનો સ્ટાફ બુધવારે સવારે નંબર 14 પર દત્તા નગર અને સૂર્યદેવ નગરમાં બનેલા બે ગાયના તબેલામાં કાર્યવાહી કરવા માટે પહોંચ્યો હતો. જ્યાંથી ગાયો ભરીને કાનજી હાઉસ લઈ જવામાં આવી રહી હતી. જ્યારે નગર નિગમની ટીમ ટ્રકમાં ગાયોને લઈ જઈ રહી હતી ત્યારે બજરંગદળના 300 થી 400 કાર્યકરોએ નગર નિગમના વાહનો અધવચ્ચે અટકાવ્યા હતા અને વાહનો પર લાકડીઓ વડે હુમલો કર્યો હતો.

### આરોપીઓ વિરુદ્ધ FIR નોંધાઈ

આ હોબાળા અંગે નગર નિગમના ડેપ્યુટી કમિશનર લતા અગ્રવાલે જણાવ્યું કે, ગેરકાયદે તબેલાઓ સામે કાર્યવાહી કરવા માટે રહેવાસીઓની ફરિયાદના આધારે નગર નિગમની ટીમ સવારે દત્તા નગર અને સૂર્યદેવ નગર પહોંચી હતી. જ્યાં મોટી સંખ્યામાં બજરંગ દળના કાર્યકરોએ હુમલો કર્યો, કર્મચારીઓને માર માર્યો અને વાહનોની તોડફોડ કરી હતી. આરોપીઓ વિરુદ્ધ દ્વારકાપુરી પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી છે. કોર્પોરેશન કમિશનર અને મેયરની સલાહથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### પોલીસ સામે નગર નિગમના કર્મચારીઓને માર્યા

કાર્યવાહી બાદ બજરંગ દળના કાર્યકરોએ દ્વારકાપુરી પોલીસ સ્ટેશનને ઘેરી લીધું અને કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર લતા અગ્રવાલ વિરુદ્ધ મુર્દાબાદના નારા લગાવ્યા. તેઓ અપશબ્દો બોલી રહ્યા હતા. દ્વારકાપુરી પોલીસ સ્ટેશનના પોલીસ સામે આ મારપીટ થતી રહી અને તેઓ જોતા રહ્યા. પોલીસ કર્મચારીઓએ કોઈ પણ રીતે આ બદમાશોને રોકવા માટે સખ્તી ન દેખાડી. આ બદમાશોઓએ પોલીસ સામે જ નગર નિગમના કર્મચારીઓ સાથે મારપીટ કરી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાના સુશાસન દિવસની ઉજવણી કરાઇ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ સેવા સદન ખાતે નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલની અધ્યક્ષતા હેઠળ સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે વિડિઓ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. મહાન જન નાયક અને ભૂતપૂર્વ વડાપ્રધાન એવા શ્રી અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતિને સમગ્ર દેશમાં 'સુશાસન દિવસ' તરીકે મનાવવામાં આવે છે.

સુશાસન દિવસની આ ઉજવણી નિમિત્તે રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને અનેક વિધ નવીન પ્રકલ્પો તેમજ નવી સેવાઓનો ઈ લોકાર્પણ થકી પ્રારંભ કરાવ્યો હતો. આ દરમ્યાન રાજ્યના તમામ વિકાસલક્ષી કાર્યો દર્શાવતી




ડોક્યુમેન્ટરી પણ પ્રસ્તુત કરવામાં આવી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલએ જણાવ્યું હતું કે, ગુડ ગવર્નર્સની પરિભાષાને સાચા અર્થમાં સાર્થક કરવાની જવાબદારી દરેક કર્મયોગીએ ઉઠાવવાની છે, છેવટના લોકોને પણ સરકારશ્રીની તમામ યોજનાઓની માહિતી એક જ જગ્યાએથી મળે અને લોકો યોજનાઓનો લાભ એક જ સ્થળેથી સરળતાથી લઈ શકે તે માટે સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી માહિતી પહોંચાડવાનું કાર્ય કરીને યોજનાઓને સફળ કરવાનું કાર્ય કરવાનું છે. આ નિમિતે પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, જિલ્લા શિક્ષણધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રી સહિત અન્ય અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બાબાસાહેબની પ્રતિમા ખંડિતમાં વધુ ત્રણની ધરપકડ

અમદાવાદ | ખોખરા વિસ્તારમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરવામાં આવી હતી. આ ઘટના બાદ લોકોમાં રોષ ફેલાયો હતો. સમગ્ર મામલે પોલીસે 2 આરોપીની ધરપકડ કરી હતી, જેમાં ફરાર 3 આરોપીને પોલીસે ઝડપી પાડ્યા છે. ખોખરામાં કેકે શાસ્ત્રી કોલેજની સામે આવેલી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા અજાણ્યા શખ્સોએ ખંડિત કરી હતી. આ ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે ગઈકાલે મેહુલ ઠાકોર અને ભોલા નામના બે વ્યક્તિની ધરપકડ કરી હતી.

## મહેસાણાના દેદીયાસણમાંથી ચાઈનીઝ દોરી ઝડપાઈ

મહેસાણા | ચાઈનીઝ દોરીને લઈને શહેર પોલીસનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે. ચાઈનીઝ દોરીનું ચોરી છૂપું વેચાણ કરનાર કોઈને છોડવામાં આવશે નહી. જેના માટે પોલીસ દ્વારા ડીકોઈ ગોઠવી અને બાતમીના આધારે ચાઈનીઝ દોરી વેચનાર સામે કેસમાં કરવામાં આવી રહ્યા છે. ઈ કોમર્સ વેબસાઈટ પર પોલીસે તપાસ શરૂ કરી છે. ત્યારે મહેસાણાના દેદીયાસણમાંથી ચાઈનીઝ દોરી ઝડપાઈ છે.SOGએ ચાઈનીઝ દોરી સાથે અલ્તાફ સિપાઈને ઝડપ્યો છે. અલ્તાફ સિપાઈ પાસેથી ચાઈનીઝ દોરીની 16 રીલ કબજે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ડ્રામા કલાકારોએ લોકોનું ફૂલ મનોરંજન કર્યું, 'ગોતી લો' સોન્ગ પર લોકો ઝૂમી ઉઠ્યા

# CMએ કાંકરિયા કાર્નિવલ 2024નો પ્રારંભ કરાવ્યો

(એજન્સી) અમદાવાદ | તા.25


આજથી અમદાવાદ શહેરના કાંકરિયા ખાતે 15મા કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ થયો છે, જે 25 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર સુધી ચાલશે. આ કાર્નિવલનું ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું છે. 7 દિવસ સુધી આ ઉત્સવમાં વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમોનું આયોજન કરાયું છે. કાંકરિયા કાર્નિવલની શરૂઆત વર્ષ 2008માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરાવી હતી. આ ઉત્સવ નાગરિકોને સાંસ્કૃતિક અને મનોરંજનના વિશિષ્ટ મિશ્રણની ભેટ આપવા માટે શરૂ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવનું ભવ્ય આયોજન દર વર્ષે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે 15મા કાંકરિયા કાર્નિવલ 2024નું આયોજન 25 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર, 2024 દરમિયાન કરવામાં આવ્યું છે. કાર્નિવલના આયોજનમાં નાગરિકોને કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે, જે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.



કલાકારોએ ગુજરાતમાં ઉજવાતા ઉત્સવો જેવા કે ઉતરાયણ, શિવરાત્રિ, જન્માષ્ટમી, નવરાત્રિ અને દિવાળી વગેરે તહેવારો દર્શાવતા ગીત સાથે સૌને ડોલાવ્યા હતા.

### કાંકરિયા કાર્નિવલ વર્લ્ડ ફેસ્ટિવલ બની ગયો છે: CM

આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આજે 24 ડિસેમ્બર પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો જન્મ દિવસ છે. જેને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાજ્યના શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે મનોરંજન સુવિધા વધી છે. કાંકરિયા કાર્નિવલની લોકો આતુરતાથી રાહ જોવે છે. લોકો ગુજરાતમાં શ્રેષ્ઠ કલાકારોને માણે છે. કાંકરિયા કાર્નિવલ વર્લ્ડ ફેસ્ટિવલ બની ગયો છે. આ આયોજન માટે AMC ટીમને અભિનંદન પાઠવું છું.



### કાંકરિયા કાર્નિવલ 2024ના ખાસ આયોજન

દર વર્ષની જેમ આ વર્ષે પણ સાતેય દિવસ કાંકરિયા કાર્નિવલમાં વિવિધ રંગારંગ સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ 7 દિવસ દરમિયાન થીમ આધારિત કાર્યક્રમો જેમ કે, લાઈટ એન્ડ સાઉન્ડ શો, લેસર શો, અને ડ્રોન શોની સાથે સાથે લોક ડાયરો, તલવાર રાસ, જલતરંગ તથા વાયોલીનની સંગીતમય રજુઆતો પણ કરવામાં આવશે. આ સાથે કિંજલ દવે, સાંઈરામ દવે, ગીતા રબારી, ઈશાની દવે સહિતના ગુજરાતી કલાકારો કાંકરિયા કાર્નિવલમાં પર્ફોર્મ કરશે. એક લાલ દરવાજા ગીત સાથે દેવાંગ પટેલે અમદાવાદ શહેરની ઓળખ કરાવતો કાર્યક્રમ રજૂ કર્યો હતો. અમદાવાદને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છતાની થીમ અને સ્વચ્છ શહેરને ઘડવા થઈ જા તૈયાર તું ગીત પર સૌને સ્વચ્છતા માટે સંદેશો આપ્યો છે.

# સુશાસન દિવસે રાજ્ય સરકારની નવી પહેલનું CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરાયું



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સુશાસન દિવસે રાજ્ય સરકારની નવી પહેલનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.કેન્દ્ર અને રાજ્ય સરકારની 680થી પણ વધુ યોજનાઓની માહિતી નાગરિકોને "મારી યોજના" એક જ ડિજિટલ પ્લેટફોર્મ પરથી મળી રહેશે.આ પોર્ટલને કારણે રાજ્યના છેવાડાના નાગરિકો કોઈપણ કચેરીના ધક્કા ખાધા વગર, સમય અને અંતરના બાધ વિના ઘરેબેઠા યોજનાઓની માહિતી સરળતાથી મેળવી શકશે, જેથી સરકાર અને નાગરિકો વચ્ચેનો સેતુ મજબૂત થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સામાન્યમાં સામાન્ય માનવીઓને જેટલા બની શકાય તેટલા વધુને વધુ મદદરૂપ થવાનો ભાવ જ સુશાસનની સાચી દિશા છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દર વર્ષે ૨૫મી ડિસેમ્બરે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિવસને ૨૦૧૪ થી સમગ્ર દેશમાં સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

### ઓટો એસ્કેલેશન મેટ્રીકસ અને સ્વાગત મોબાઈલ એપ

**01** -રજૂઆત કર્તાની રજૂઆતો/ફરિયાદોની ગંભીરતા અથવા જટિલતાના આધારે GREEN, YELLOW અને RED ચેનલમાં વર્ગીકૃત કરીને ફરિયાદના નિકાલ માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરાઈ છે.

**02** -જો સંબંધિત અધિકારી દ્વારા નિયત સમયમર્યાદામાં જવાબ ન થાય અથવા તો તે સમયમર્યાદા પૂર્ણ થાય તો રજૂઆત એક લેવલ ઉપરના અધિકારીના એકાઉન્ટમાં ઓટો એસ્કેલેટ થશે અને ઉપરના અધિકારી કાર્યવાહી કરશે.

**03** -રજૂઆતકર્તા જો કાર્યવાહિથી અસંતુષ્ટ હશે તો ફીડબેક આપીને તેનો ઓટો એસ્કેલેટ કરી ઉપરના લેવલ સુધી જઈ શકશે.

**04** -સ્વાગત મોબાઈલ એપ દ્વારા જિલ્લા અને તાલુકા કક્ષાએ નાગરિકો ઓનલાઈન રજૂઆત કરી શકશે અને પોતે કરેલી અરજીનું સ્ટેટસ પણ જાણી શકશે.

### સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ

**01-પંડિત દીનદયાલ એનર્જી :** યુનિવર્સિટી(PDEU), ગાંધીનગર ખાતે ગુજરાત સેમીકન્ડક્ટર પોલિસી હેઠળ સેમીકન્ડક્ટર તાલીમ કેન્દ્ર ATMP (Assembly, Testing, Marketing, Packaging, Training Centre) આવનારા 5 વર્ષમાં 1 હજાર યુવાનોને સેમિકન્ડક્ટર ક્ષેત્રની તાલીમ આપશે.

**02-ગુજરાત ફાઈબર ગ્રિડ નેટવર્ક લિ.** (GFGNL) મારફતની Bharat Net Phase-2 અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ કનેક્ટિવિટી દ્વારા 40,000 ગ્રામ્ય સરકારી સંસ્થાઓને પાટનગર 'ગાંધીનગર' સાથે જોડવામાં આવશે, હર ઘર કનેક્ટિવિટી હેઠળ 25,000 ફાઈબર-ટુ-હોમ(FTTH) જોડાણ અપાશે અને 'ફાઈબર-ટુ-ફાર ફલંગ ટાવર્સ' પહેલ અંતર્ગત 30,000 કિમી ઓપ્ટિકલ ફાઈબર કેબલ લીઝ કરી 1,000થી વધુ ગ્રામીણ ટાવર્સને જોડી રાજ્યના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં મોબાઈલ કવરેજ અને કનેક્ટિવિટીની ગુણવત્તામાં વધારો કરાશે.

**03-રિજીયોનલ સાયન્સ સેન્ટર,** ભુજ ખાતે અમેરિકાની પ્રતિષ્ઠિત કમ્પની 'પ્લેન વેવ ઈન્સ્ટ્રુમેન્ટ્સ' દ્વારા નિર્માણ પામેલ દેશની પહેલી સ્પેસ ઓબ્ઝર્વેટરી કાર્યરત થશે. તેમાં દેશમાં નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે સુલભ સૌથી મોટું સી.ડી.કે 24 (CDK24) ટેલિસ્કોપ છે.

**04-ઈ-સરકારમાં ભાષિણી** સ્પીચ ટુ ટેક્સ્ટ સર્વિસ અને ડિજિટલ યુનિફાઈડ પોર્ટલ અંતર્ગત સિંગલ સાઈન-ઓન(SSO)નું ઈ-લોકાર્પણ (Director ICT & E-Gov)

# પેટલાદમાં પોલીસકર્મીના ઘરેથી ઝડપાયું દારૂનું આખું ગોડાઉન

(એજન્સી) આણંદ | તા.25

આણંદના પેટલાદમાં પોલીસકર્મીના ઘરમાંથી દારુ ઝડપાયો છે,જેમાં શહેર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલના ઘરેથી દારુ ઝડપાયો છે અને હેડ કોન્સ્ટેબલ સુનિલ મકવાણાની પોલીસે ધરપકડ કરી છે,સુણાવ રોડના પંચવટી પાર્કમાં રહેતો હતો કોન્સ્ટેબલ અને આણંદ LCBની રેડમાં વિદેશી દારુની પેટીઓ ઝડપાઈ છે.પોલીસે 3.63 લાખનો મુદ્દામાલ ઝડપી કાર્યવાહી હાથધરી છે.

### આણંદ એલસીબીને મળી હતી બાતમી

આણંદ જિલ્લાના પેટલાદ ગામમાં કલાલ પીપળમાં રહેતો મોહસિનિયા લિયાકતિયા ઉર્ફે એલ.કે. મલેક બહારથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી તેના માણસો મોઈનિયા મુનાફમિયા મલેક અને તોસીફ ઉર્ફે રાજુ અનવરમિયાં મલેક (બંને રહે. શેરપુરા, પેટલાદ) મારફત પેટલાદ-સુણાવ રોડ પર રંગાઈપુરા, પંચવટી પાર્ક, વાડિયા વિસ્તારમાં રહેતા પોલીસ હેડ કોન્સ્ટેબલ સુનિલ જશભાઈ મકવાણાના ઘરે ઉતારેલ હોવાની બાતમી આણંદ LCB પોલીસને મળી હતી.

### બુટલેગરો મિત્ર છે એટલે મૂકવા દીધો

બુટલેગર મોહસીનિયા લિયાકતિયાનાં માણસો મોઈનિયા મુનાફર્મીયા મલેક અને તોસીફ મલેક ગત તારીખ 22 ડિસેમ્બરના રોજ મોડી રાત્રિના સમયે સફેદ કલરની સ્વિફ્ટ ગાડી લઈને મારા ઘરે આવ્યા હતા અને આ વિદેશી દારૂનો જથ્થો બે-ત્રણ દિવસ માટે કોઈને વહેમ ના જાય તે માટે મારા ઘરે સાચવવા મૂકવા કહ્યું હતું. તેઓ મારા સારા મિત્ર થતા હોવાથી મેં શરમમાં મારા ઘરે આ દારૂનો જથ્થો મૂકવા દીધો હોવાનું કબૂલ્યું છે.





**અન્ય 3 આરોપીઓ સામે પણ ગુનો નોંધાયો :** પેટલાદ શહેર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલના ઘરેથી વિદેશી દારૂ ઝડપાયો છે જેને લઈ પોલીસ પણ સતર્ક બની છે.આણંદ એલસીબી પોલીસે સુણાવ રોડ ઉપર રંગાઈપુરા હદમાં પંચવટી પાર્કમાં સુનિલ મકવાણા રહેતો હતો તે ઘરમાં જઈને દરોડા પાડતા ત્યાંથી દારૂ મળી આવ્યો હતો પોલીસને બાતમી મળી હતી તેના કારણે દરોડા પાડવામાં આવ્યા છે.3,63,360 રૂપિયાનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.કોન્સ્ટેબલ સહિત અન્ય 3 લોકો સામે પણ ગુનો નોંધાયો છે.

# રાજ્યની પંચાયતોની બિલ્ડિંગ પર સોલાર પેનલ લગાવાશે

### સ્થાનિક સ્વરાજ્યની કચેરીઓને વીજ બિલમાંથી મળશે રાહત, સરકાર સબસિડી પણ આપશે



(એજન્સી) અમદાવાદ | તા.25

અણઘડ વહીવટને કારણે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની કચેરીઓની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ છે અને વીજ બિલ ભરવાના પણ ફાંફા છે. આ વચ્ચે આજે કેબિનેટની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી સ્થાનિક સ્વરાજ્યની કચેરીમાં વીજ બિલ ભરવાની માથાકૂટમાંથી મુક્ત થઈ જશે કારણ કે રાજ્યની તમામ સરકારી કચેરી પર સોલર પેનલ મૂકાશે.

આ નિર્ણય મુજબ હવે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ઈમારત પર સોલાર પેનલ મૂકાશે. આ નિર્ણયનો વિધાનસભા સત્ર બાદ સમગ્ર રાજ્યમાં અમલ કરવા વિચારણા ચાલી રહી છે. સોલાર પેનલ લગાવવા માટે સરકાર સબસિડી પણ આપશે. સોલાર પેનલની બાકીની રકમ પણ સરકાર ચૂકવી શકે છે.

થોડા સમય પહેલા જ 57 નગરપાલિકાએ રૂ. 311 કરોડ વીજ બિલ ભર્યું ન હોવાની વાત સામે આવી હતી. છેલ્લાં ઘણા વખતથી નગરપાલિકાઓ આર્થિક પરિસ્થિતિ ડામાડોળ બની છે કેમકે, વેરાની આવક ઘટી છે. આ જોતાં પાલિકા માટે આવકનું કોઈ સ્ત્રોત નથી.

આ ઉપરાંત ગ્રામ પંચાયતોમાં વીજ બિલ માફ છે જ્યારે પાલિકાએ વીજ બિલ ભરવું પડે છે. અણઘડ વહીવટને કારણે ગુજરાતમાં મોટાભાગની નગરપાલિકાઓના લાખો-કરોડો રૂપિયા વીજ બિલ બાકી છે. વીજ બિલના નાણાં લાવવા ક્યાંથી છે એ સવાલ ઊભો થયો છે.

# ફતેવાડીમાં હત્યા મામલે પોલીસે 5 આરોપીઓનો વરઘોડો કાઢ્યો

(એજન્સી) અમદાવાદ | તા.25

શહેરમાં લોહિયાળ હત્યાનો બનાવ બન્યો હતો. અમદાવાદના ફતેવાડીમાં હત્યાની ઘટના મામલે પોલીસે 5 આરોપીઓનો વરઘોડો કાઢ્યો છે. આ તમામ આરોપીનું પોલીસે કાયદાનું ભાન કરાવ્યું છે. કુલ 9 આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે, જેમાં ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે.

શહેરના ફતેવાડી વિસ્તારમાં એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. જેમાં 3 ભાઈઓએ ભેગા મળીને ભોગ બનનાર પરિવારના સભ્યો પર હથિયારો સાથે હુમલો કર્યો હતો. આ હુમલામાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પોલીસે સમગ્ર મામલે 5 આરોપીઓનો વરઘોડો કાઢીને કાયદાનું ભાન કરાવ્યું હતું. સમગ્ર ઘટનામાં કુલ 9 આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાં ફરાર આરોપીઓની શોધખોળ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. ફતેવાડીમાં શનિવારે રાત્રે હત્યાની ઘટના બનવા પામી છે. મહિલાની સામે જોઈને હસવા બાબતે અને ધંધાની અદાવતમાં બે પક્ષના લોકો વચ્ચે માથાકૂટ થઈ હતી.

# 10 વર્ષનું બાળક સિસોટી ગળી ગયું...સિવિલના ડોક્ટરોએ સર્જરી કરી સિસોટી કાઢી, શ્વાસ લેતી વખતે અવાજ આવતો

(એજન્સી) અમદાવાદ | તા.25

અમદાવાદમાં મજૂરીકામ કરીને ગુજરાન ચલાવતા પરિવારનું 10 વર્ષનું બાળક રમત-રમતમાં પ્લાસ્ટિકની સિસોટી ગળી ગયું હતું. જેની પિતાને જાણ થતાની સાથે બાળકને એલજી હોસ્પિટલમાં જઈને એક્સ-રે અને સિટી સ્કેન કરાવ્યું હતું. જેમાં સિસોટી બાળકની શ્વાસનળીમાં ફસાય હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ બાળકને સિવિલ હોસ્પિટલમાં રિફર કર્યો હતો. જ્યાં બાળકોના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા સફળ સર્જરી કરીને બાળકની શ્વાસનળીમાંથી પ્લાસ્ટિકની સિસોટી કાઢવામાં આવી હતી.



**સિસોટી બાળકની શ્વાસનળીમાં ફસાઇ ગઇ હતી**

**સર્જરી કરીને શ્વાસનળીમાંથી પ્લાસ્ટિકની સિસોટી કાઢી :** આ મામલે સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, 'સિસોટી ગળી ગયેલા બાળકને સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં 20મી ડિસેમ્બરના રોજ પ્રો. ડૉ. જયશ્રી રામજી, ડૉ. ચિરાગ પટેલ અને એનેસ્થેસિયા વિભાગના ડૉ. તૃપ્તિ શાહ ટીમ દ્વારા બાળકની બ્રોન્કોસ્કોપી કરીને ડાબી તરફની મુખ્ય શ્વાસનળીમાંથી પ્લાસ્ટિકની સિસોટી સફળતાપુર્વક બહાર કાઢવામાં આવી હતી. જ્યારે હવે ઓપરેશન કર્યા બાદ બાળકને અન્ય કોઈ તકલીફ ન જણાતા રજા આપવામાં આવી છે.'

# અમદાવાદ એરપોર્ટ પરથી 2.35 કરોડનું 3 કિલો સોનું જપ્ત કરાયું

(એજન્સી) અમદાવાદ | તા.25

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ DRI દ્વારા દાણચોરીના રેકેટ સામે તેની કાર્યવાહી કરીને અમદાવાદ એરપોર્ટ પરથી સોનુ ઝડપી પાડ્યું છે. DRI અમદાવાદ એરપોર્ટ પરથી 2.35 કરોડની કિંમતનુ 3 કિલો સોનુ જપ્ત કર્યુ છે. દાણચોરીના રેકેટને લઈ ચોંકાવનારો ખુલાસો થયો છે. આ દાણચોરીનું સોનું બેંગકોકથી અમદાવાદમાં સોનું લાવવામાં આવ્યુ હતું. DRI દ્વારા સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ DRI ને ખાનગી માહિતી મળી હતી કે થાઈ સ્માઈલ ફ્લાઈટમાં બેંગકોકથી અમદાવાદ આવી રહેલા મુસાફરો અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એરપોર્ટ સ્ટાફની મદદથી ફોરેન ઓરિજિન સોનાની દાણચોરી કરે તેવી શક્યતા છે. જે માહિતીના આધારે DRI અધિકારીઓએ ગણતરીની કલાકોમાં સોનાની દાણચોરી પકડી પાડી છે.

આ દાણચોરો ઈમિગ્રેશન કાઉન્ટર પર પહોંચે તે પહેલાં દાણચોરી કરાયેલું સોનું એરપોર્ટ પરથી ઝડપી પાડ્યું હતુ.

# ગાંધીનગર..... થર્ટી ફર્સ્ટને લઇ પોલીસ એલર્ટ, ડ્રિંક એન્ડ ડ્રાઇવ કરનારા સામે કાર્યવાહી



(એજન્સી) ગાંધીનગર | તા.25

ગાંધીનગરમાં થર્ટી ફર્સ્ટની લોકો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરે તે માટે પોલીસ દ્વારા કડક બંદોબસ્ત હાથ ધરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા દારૂ પી ને નીકળનાર લોકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગાંધીનગરમાં થર્ટી ફર્સ્ટ ને લઈને ગાંધીનગર પોલીસ એલર્ટ મોડમાં આવી છે. થર્ટી ફર્સ્ટને લઈને DGP તરફથી પણ ઝૂબેશ હાથ ધરવાની સૂચના મળી છે. થર્ટી ફર્સ્ટ ને લઈને ગાંધીનગર પોલીસ પણ ચેકીંગ હાથ ધરશે. ગાંધીનગર નાકા ઉપર મહત્વની ચેકીંગ હાથ ધરાશે. ડ્રિંકિંગ ડ્રાઈવ અને પ્રોહીબિશન માટે ચેકીંગ કરવામાં આવશે. તમામ ઈમ્પોર્ટન્ટ સ્થળે 23 થી 31 ડિસેમ્બર સુધી ચર્કિંગ કરાશે. ગુનેગારો અને બુટલેગરની પોલીસ સતત ચેકીંગ કરી રહી છે.

૩૧ ડિસેમ્બર ની ઉજવણી માટે ગુજરાત પોલીસના દરેક એકમ સંપૂર્ણ તૈયાર છે. તેમજ ગુજરાતના લોકો ૩૧ ડિસેમ્બર સાંજે સારી રીતે ઉજવણી કરે તે માટે ગુજરાત પોલીસે વ્યાપક વ્યવસ્થા કરી છે. બે દિવસ પહેલા તમામ રેંજ વડા કમીશ્નર અને એસપી સાથે વીસી કરી તમામ સૂચના અપાઈ છે. ઈન્ટરસેપ્ટર, તાલિમબદ્ધ સ્નિફર ડોગ દ્વારા વ્હીકલ ચેકિંગ કરવામાં આવશે. તેમજ પોલીસ દ્વારા હોટલ લોજ ના માલિકો સાથે બેઠક કરી છે. અને શંકાસ્પદ વ્યક્તિ કે હિલચાલ બાબતે જાણ કરવા પણ સૂચના અપાઈ છે.

**31 ડિસેમ્બર સુધી ચાલશે ચેકિંગ**

પોલીસની ડિપ્લોયમેન્ટ સ્ટ્રેટેજી પ્રમાણે તે દિવસે સવારે ઓછી પોલીસ હશે પણ સાંજે સૌથી વધુ પોલીસ હશે. તમામ શી ટીમ પેટ્રોલિંગમાં રહેશે. મહિલા હેલ્પડેસ્ક કાર્યરત થાય તે માટે જરૂરૂ સૂચના અપાઈ છે. તેમજ સઘન વાહન ચેકિંગ કરનાર અધિકારીઓ પાસે પોકેટ કોપ હશે. ત્યારે ગુજરાત પોલીસ દ્વારા 31 ડિસેમ્બરની ઉજવણી માટે સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે.